

कवि कहानजी रचित

# आत्मशुद्धिप्रकाश

(द्रव्यानुयोगविषयक २६ पदोनो संग्रह)

(अनुवाद)

कवि कहानजी रचित

# आत्मशुद्धिप्रकाश

(द्रव्यानुयोगविषयक २६ पदोनो संग्रह)

(अनुवाद)

श्रुतभवनसंशोधनकेन्द्र

पुणे

| | | |
|---|---|---|
| **ग्रंथनाम** | : | आत्मशुद्धिप्रकाश |
| **विषय** | : | जैन तत्त्वज्ञान, द्रव्यानुयोग |
| **भाषा** | : | प्राचीन हिंदी |
| **कर्ता** | : | कवि कहानजी |
| **प्रबंध संपादक** | : | मुनिवैराग्यरतिविजयगणी |
| **प्रकाशक** | : | शुभाभिलाषा (रिलिजीयस) ट्रस्ट<br>(E-18511, Ahmedabad)<br>© श्रुतभवन संशोधन केन्द्र |
| **आवृत्ति** | : | प्रथम, वि.सं.२०७३, ई.२०१७ |
| **स्वामित्व** | : | श्रमणसंस्थाधीनशुभाभिलाषाविश्वस्तधार्मिकसंस्थानम्। |
| **पत्र** | : | १६ + ११२ = १२८ |
| **मूल्य** | : | १००/- |

**-: प्राप्तिस्थल :-**

| | | |
|---|---|---|
| **पूना** | : | **श्रुतभवन संशोधन केन्द्र,**<br>४७/४८ अचल फार्म, आगममंदिर से आगे,<br>सच्चाइ माता मंदिर के आगे, कात्रज, पुणे-४११ ०४६<br>Mo. 7744005728 (9-00 a.m. to 5-00 p.m.) |
| **अहमदाबाद** | : | **श्रुतभवन (अहमदाबाद शाखा)**<br>उमंग शाह, अर्हम् फ्लेक्सीपेक,<br>२०१, तीर्थराज कोम्प्लेक्स, एलीसब्रीज,<br>वी. एस. हॉस्पिटल के सामने, मादलपुर, अहमदाबाद-६<br>Mo. 9825128486 |
| **मुंबई** | : | **श्री गौरवभाई शाह**<br>सी/१११, जैन एपार्टमेंट, ६० फीट रोड,<br>देवचंद नगर रोड, भायंदर (वेस्ट)<br>मुंबई-४०११०१. Mo. 9833139883 |
| **सुरत** | : | **श्री मितुलभाई धनेशा**<br>C/o. सिया मेन्युफेक्चरींग, सुखदेव कोम्प्लेक्स,<br>२ री मंझिल, टोरंट पॉवर हाऊस के पास, वास्तादेवी रोड,<br>कतारगाम, सुरत-३९५००४ Mo. 09377059673 |
| **मुद्रण** | : | **नूतन आर्ट, अहमदाबाद** |

# પ્રકાશકીય

પરમાત્મા શ્રી મહાવીર દેવે જગતને બે અણમોલ ભેટ આપી છે - અહિંસા અને અનેકાંત. 'અહિંસા અને અનેકાંતના સહારે આત્મધ્યાનની સાધના' ભગવાનના ઉપદેશનું કેંદ્રબિંદુ છે. ભગવાનનો આ ઉપદેશ આગમ અને શાસ્ત્રોના માધ્યમથી પ્રવાહિત થયો છે. આગમ અને શાસ્ત્રો જૈનધર્મની માત્ર ધરોહર જ નથી પરંતુ અણમોલ વિરાસત પણ છે. શ્રુતભવનનું મુખ્ય લક્ષ્ય હસ્તપ્રતોના આધારે શાસ્ત્રોનું સંશોધન કરી પ્રગટ કરવાનું છે.

આજ સુધી જે શાસ્ત્ર મુદ્રિત રૂપમાં ઉપલબ્ધ નથી તેનું સંશોધન કરીને પ્રકાશિત કરવામાં આવે છે. આ શાસ્ત્રોને બે વિભાગમાં વહેંચી શકાય છે. ૧ સાધુ ઉપયોગી ૨ ગૃહસ્થ ઉપયોગી. ગૃહસ્થ ઉપયોગી શાસ્ત્રોનો સરળ સારાંશ કરીને પ્રસ્તુત કરવામાં આવે છે.

પરમ ઉપકારી પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્ય પૂજ્ય ગુરુદેવ મુનિપ્રવરશ્રી **વૈરાગ્યરતિવિજયજી** ગણિવરે શ્રુતભવન સંશોધન કેંદ્રના શ્રુતસેવીઓની સહાયથી આ સંપાદન તૈયાર કર્યું છે. પ્રાચીન કૃતિઓનું પ્રકાશન કરવા દ્વારા હસ્તપ્રતોમાં સચવાયેલા શાશ્વત જ્ઞાનને ભવિષ્યની પેઢી સુધી પહોંચાડવાનો લાભ અમને પ્રાપ્ત થયો તેનો આનંદ છે.

આ ગ્રંથના પ્રકાશનનો લાભ **શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મંદિર તથા મૂર્તિપૂજક સંઘ, નાશિકે** જ્ઞાનનિધિમાંથી લીધો છે. તેમની શ્રુતભક્તિની હ્દયપૂર્વક અનુમોદના.

શ્રુતભવનમાં કાર્યરત સંપાદકગણ તેમજ શ્રુતભવન સંશોધન કેંદ્રની તમામ પ્રવૃત્તિનાં મુખ્ય આધારસ્તંભ માંગરોળ (ગુજરાત) નિવાસી માતુશ્રી **ચંદ્રકલાબેન સુંદરલાલ શેઠ** પરિવાર તેમ જ અન્ય સહુ લાભાર્થીઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરૂં છું.

**ભરત શાહ**

(માનદ અધ્યક્ષ)

# શ્રુતપ્રેમી

**શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મંદિર**

**તથા મૂર્તિપૂજક સંઘ**

પારસનાથ લેન, ભદ્રકાલી,

નાશિક

(જ્ઞાનદ્રવ્યમાંથી)

# अनुक्रम


संपादकीय

१. द्रव्यानुयोगगर्भित पार्श्वजिन गीत १

२. आतमदर्शनप्रार्थना पद ३५

३. ममतानिवारण उपदेश पद ३६

४. उपदेशक पद २ ३७

५. उपदेशक पद ३ ३८

६. उपदेशक पद ४ ४०

७. उपदेशक गीत ४१

८. चिंतामणिपार्श्वजिन पद (दासभाव गर्भित) ४२

९. पार्श्वजिन गीत (द्रव्यपर्यायविचारगर्भित) ४३

१०. चिंतामणि पार्श्वजिनगीत (बनारसीदास) ५२

११. आत्मस्वरूपप्रकाशक गीत (बनारसीदास) ५३

१२. जहाज दुहा ५५

१३. हृदय(ज्ञान)चक्षुमहिमाप्रकाशक पद (आत्मस्वरूप गीत) ५८

१४. तत्त्वविचारपद ६०

१५. अध्यात्मगीत ६७

१६. वैराग्य गीत ७०

१७. निगोदकाल विचार गीत ७३

| | | |
|---|---|---|
| १८. | निगोदक्षुल्लकभवविचार गीत | ७७ |
| १९. | आत्मशुद्धिपंचवीशी-१(दसपरिणामगर्भित) | ८१ |
| २०. | आत्मशुद्धिपंचवीशी-२ | ८६ |
| २१. | तत्त्वअठ्यावीसी | ९१ |
| २२. | पार्श्वजिनगीत | ९६ |
| २३. | वैराग्य गीत | ९७ |
| २४. | अध्यात्मगीत | १०१ |
| २५. | उपादाननिमित्तकारणविचारगीत (वैराग्य गीत) | १०२ |
| २६. | चतुर्विंशतिजिन स्तवन | १०५ |

## સંપાદકીય

આ સંપાદનમાં દ્રવ્યાનુયોગવિષયના ૨૬ પદોનો સંગ્રહ છે. આ પદોમાં વૈરાગ્યનો ઉપદેશ, કર્મગ્રંથના પદાર્થો, નિશ્ચયલક્ષી વિચારણા અને ભગવાનની ભક્તિ જેવા વિષયો સરળ હિંદી ભાષામાં ગુંથાયા છે. તેથી કૃતિ તરીકે તે મહત્વપૂર્ણ છે. આત્માની શુદ્ધિને લક્ષ્યમાં રાખીને નિશ્ચયલક્ષી વાતો કર્તાએ ગુંથી છે. તેથી આ સંગ્રહનું 'આત્મશુદ્ધિપ્રકાશ' એ નામ સાર્થક ઠરે છે. આ રચનાઓ પ્રાયઃ અપ્રગટ છે તેથી તેનું પ્રકાશન કર્યું છે. કર્તા દિગંબર સંપ્રદાયના છે. તેથી દિગંબર સંપ્રદાયમાં તે પ્રગટ હોઇ શકે છે. અહિંયા દરેક પદોના ગુજરાતી અર્થ પણ પ્રસ્તુત છે. તે આ સંપાદનની ઉપયોગિતા છે.

### કર્તાપરિચય

આ સંગ્રહમાં ક્યાંય પણ કર્તાએ પોતાના નામનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો નથી. પદોને અંતે આવતા 'કહાન' એવા ઉલ્લેખથી તેમનું નામ નિશ્ચિત કર્યું છે. કહાનના જીવનસમયનો નિર્ણય કરવા માટે કોઇ ઐતિહાસિક સ્રોત ઉપલબ્ધ નથી. ગુજરાતી સાહિત્યકોશ ખંડ એકમાં (પત્ર ૭૩) ક્હાનજી નામના પાંચ કૃતિકારોનો ઉલ્લેખ છે. પણ તેમાંના એકનો પણ પ્રસ્તુત કૃતિ સાથે સંબંધ નથી. પદોની આંતરિક રચના જોતા કહાનજી દિગંબર પરંપરાના છે એવું નિશ્ચિત થાય છે. દ્રવ્યાનુયોગ ગર્ભિત સ્તવનની ત્રીજી ઢાળમાં (ગાથા-૧૩૨) કાળને અણુ ગણાવ્યો છે. જે દિગંબર આમ્નાય દર્શાવે છે. આ

સંગ્રહમાં દશમું અને અગ્યારમું પદ બનારસીદાસનું છે. તેથી તેઓ તેમના અનુયાયી હોવાનું અનુમાન થઇ શકે છે. વિક્રમની ૧૬મી થી ૧૯મી શતાબ્દિમાં અનેક કવિઓ થયા. તેમણે તાત્ત્વિક રચનાઓ કરી છે. દિગંબર પરંપરામાં દ્રવ્યાનુયોગ વિષયક રચનાઓનું પ્રમાણ સારું કહી શકાય તેવું છે. દિગંબર પરંપરામાં પઠન-પાઠનની જાગૃતિ અને પાઠશાળાઓની ઉપલબ્ધિને કારણે પંડિતો સારા તૈયાર થયા. તેથી આ રચનાકારોનો પરિચય તેમ જ તેમની રચનાઓ સંપાદિત થઇને પ્રગટ થયા છે. ડો. કસ્તુરચંદ કાસલીવાલે સાત ભાગમાં ૧૬મી થી ૧૯મી શતાબ્દિમાં અપરિચિત, અજ્ઞાત અને અલ્પપરિચિત એવા ૮૦ કવિઓનું જીવન વ્યક્તિત્વ અને કૃતિત્વ પ્રગટ કર્યું છે. તેમાં સંપૂર્ણ કૃતિઓનો મૂળપાઠ પહેલીવાર પ્રગટ થયો છે[૧]. ૧૭મી શતાબ્દીમાં દેશના દરેક ખુણામાં હિંદી રચનાઓ લોકપ્રિય થઇ રહી હતી. પ્રાકૃત અને સંસ્કૃત ગ્રંથોના હિંદીકરણનો આ યુગ હતો. તેથી આ શતાબ્દીમાં ઘણી નાની-મોટી રચનાઓ થઇ છે.

## પ્રતપરિચય

આ કૃતિની એકમાત્ર પ્રત પૂજ્ય આચાર્ય શ્રી **હર્ષસાગરસૂરિજી** મ.ની પ્રેરણાથી પ્રાપ્ત થઇ છે. આ પ્રત જૈન આગમ મંદિર કાત્રજ હસ્તપ્રત સંગ્રહમાં છે. તેનો ક્રમાંક પોથીનં. ૫૭/૬૮૬ છે. પ્રતના ૩૩ પત્ર છે. દરેક પત્ર પર ૧૧પંક્તિ છે. દરેક પંક્તિમાં ૩૩ અક્ષર છે. પ્રત શુદ્ધપ્રાયઃ છે. વચમાં ષટ્કોણ આકારની મધ્યફુલ્લિકા છે. શીર્ષક અને ગાથાંક લાલ સ્યાહીથી લખેલા છે.

---

१ बाइ अजितमति एवं उसके समकालीन कवि, ले. सं. कस्तुरचंद कासलीवाल रचित श्रीमहावीर ग्रंथ अकादमी, जयपुर, इ. १९८४

## કૃતિ પરિચય

(૧) **દ્રવ્યાનુયોગગર્ભિત પાર્શ્વજિનગીત :** આ કૃતિમાં ૧૫૯ કડી છે. તેની ત્રણ ઢાળ છે. દુહાઓની સંખ્યા અલગ ગણી છે. પહેલી ઢાળમાં ૫૮ કડી છે. બીજી ઢાળમાં ૪૮ કડી છે. ત્રીજી ઢાળમાં ૫૩ કડી છે. પહેલી ઢાળમાં ૬૨ માર્ગણા દ્વારોનું, ગુણસ્થાનક અને તેમાં બંધહેતુ વગેરેનું વર્ણન છે. બીજી ઢાળમાં નવતત્ત્વોનું વર્ણન છે. ત્રીજી ઢાળમાં ૮ કર્મની પ્રકૃતિઓ અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ચાર પ્રકારના કર્મ; ચાર પ્રકારના લોક અને પાંચ પ્રકારના ભાવનું વર્ણન છે.

(૨) **આત્મદર્શનપ્રાર્થના પદ-૧ :** બીજા પદમાં આત્માને દર્શન આપવાની પ્રાર્થના કરી છે. તેની ચાર ગાથા છે.

(૩) **મમતાનિવારણઉપદેશ પદ :** ત્રીજા પદમાં ચાર ગાથા છે. તેમાં મમતા નિવારણનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

(૪) **ભેદાભેદજ્ઞાન ઉપદેશ પદ :** ચોથા ગીતની ચાર ગાથા છે. તેમાં ભેદાભેદજ્ઞાનને પ્રાપ્ત કરવાની પ્રેરણા કરવામાં આવી છે.

(૫) **આત્મદ્રવ્યગુણપર્યાય ઉપદેશ પદ :** પાંચમાં પદમાં ૭ કડી છે. તેમાં આત્મદ્રવ્યના ગુણપર્યાયની વાત કરી છે.

(૬) **આત્મદર્શનપ્રાર્થના પદ-૨ :** છટ્ઠા પદમાં બે કડી છે. આ પદ ખયાલગીત રૂપ છે. તેમાં આત્માને મિત્ર માની દર્શન આપવાની વિનંતી કરી છે.

(૭) **ઉપદેશક પદ :** સાતમા પદની બે કડી છે. પૂરવી રાગ છે. તેમાં આત્મા અનાદિ કાળથી સંસારમાં રઝળપાટ કરે છે તેની વાત કરી છે.

(૮) **ચિંતામણિપાર્શ્વજિન ગીત-૧ :** આઠમા પદમાં ચિંતામણિપાર્શ્વનાથ ભગવાનનું સ્તવન છે. એની ત્રણ ગાથા અને બે દુહા છે. ભગવાનની મૂર્તિની સ્તવના છે અને દર્શનની પ્રાર્થના છે. આ પદના બે દુહા બીજા પદોમાં પણ પુનરાવર્તિત થાય છે.

(૯) **દ્રવ્યપર્યાય વિચાર :** નવમા પદમાં લોકાલોકસ્વરૂપનું વર્ણન છે. તેનું નામ દ્રવ્યપર્યાય વિચાર છે. તેની ૪૬ કડી છે. તેમાં નવ તત્ત્વોનું વર્ણન છે. નિશ્ચયનય અને વ્યવહારનય વર્ણવ્યો છે. કહાનજી કવિની એ વિશેષતા છે કે તેઓએ દરેક પદાર્થનું નિશ્ચયથી અને વ્યવહારથી વર્ણન કર્યું છે. તેઓ તમામ ભેદોને વ્યવહારથી ઉપજેલા બતાવે છે અને નિશ્ચયથી આત્માના એક અને અખંડસ્વરૂપમાં ઉપસંહાર કરે છે. આ કૃતિની એક પ્રત શ્રી વર્ધમાન જૈન આગમ તીર્થ હસ્તલિખિત જ્ઞાનભંડાર, કાત્રજ, પુણેના હસ્તપ્રત ભંડારમાં છે.(ક્રમાંક-૩૦,પેટા-૨) તેમાં તેનું નામ ષડ્ દ્રવ્ય ચોપાઇ છે. તેના કર્તા હેમમુનિ છે. તેની ૪૭મી કડી આ મુજબ છે.

**ए षट दर्वकउ खेल, ज्ञान कथक लही री ।**
**जय जय करनके हेत,भाखइ हेममुनी री ॥४७॥**

આનું કર્તૃત્વ  સંદિગ્ધ જણાય છે.

(૧૦) **ચિંતામણિપાર્શ્વજિન ગીત-૨ :** દશમું પદ કાફી રાગમાં છે. તેની ચાર કડી છે. આગરાના ચિંતામણિપાર્શ્વનાથભગવાનની પ્રતિષ્ઠા પ્રસંગે આ ગીત રચ્યું હશે. તેના કર્તા પણ બનારસીદાસ છે.

(૧૧) **આત્મસ્વરૂપ પ્રકાશ ગીત :** અગ્યારમું પદ ૬ ગાથાનું છે. પુરવી રાગમાં છે. આ પદમાં આત્માના પરિણામી સ્વભાવનું વર્ણન છે. તેના કર્તા તરીકે બનારસીદાસનો ઉલ્લેખ છે. શક્ય છે કે

કહાનજીએ આ પદ ઉપયોગી લાગવાથી અહિં સમાવ્યું હોય અથવા એમના પ્રેમને કારણે બહુમાન રૂપે આ પદ સમાવ્યું હોય.

(૧૨) **જહાજદુહા :** બારમા પદમાં ચૌદ કડી છે. અહિં સંસારને સમુદ્રની અને મનને જહાજની ઉપમા આપવામાં આવી છે. વિષય-કષાયરૂપી તરંગો તૃષ્ણા રૂપી વડવાનલથી જહાજને બચાવીને સામા કિનારે પહોચાડવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

(૧૩) **આત્મસ્વરૂપ ગીત :** આ પદમાં આઠ કડી છે. આ પદમાં કવિએ એવી આંખ મેળવવાની પ્રાર્થના કરી છે જેનાથી આત્માને ઓળખી શકાય. આત્મસ્વરૂપને ઓળખાવી આપતી આંખનો મહિમા આ પદમાં ગાવામાં આવ્યો છે.

(૧૪) **તત્ત્વવિચાર :** આ પદમાં એકત્રીસ કડી છે. તેમાં અલગ અલગ તત્ત્વોનો વિચાર કરવામાં આવ્યો છે. જેમકે ચાર પ્રકારના યોગ, ત્રણ ગુણ, ચાર પ્રકારના ચિત્ત, ત્રણ પ્રકારની હિંસા, ત્રણ પ્રકારનો લોક, ત્રણ પ્રકારનો આત્મા વિગેરેનું વર્ણન છે.

(૧૫) **અધ્યાત્મ ગીત-૧ :** આ પદમાં દશ કડી છે. તેમાં સંસારના રાગમાં ફસાયેલા જીવોને શિખામણ આપવામાં આવી છે.

(૧૬) **વૈરાગ્ય ગીત-૧ :** આ ગીતમાં અલક્ષ્ય એવા આત્માની આરાધનાનો ઉપદેશ છે.

(૧૭) **નિગોદકાળવિચાર ગીત :** આ ગીતની સત્તર કડી છે. તેમાં વ્યવહારકાળનું વર્ણન છે. નિગોદના જીવ એક મુહૂર્તમાં, એક શ્વાસોચ્છ્વાસમાં કેટલા ભવ કરે છે તેનું વર્ણન છે.

(૧૮) **નિગોદક્ષુલ્લકભવવિચાર ગીત :** આ ગીતની અગ્યાર કડી છે અને નવ દુહા છે. આ ગીતમાં સંખ્યાત, અસંખ્યાત અને

અનંત આ ત્રણ સંખ્યા તેમજ નિગોદનો જીવ એક મુહૂર્તથી લઇને એક વરસ સુધી કેટલા ભવ કરે છે તેનું વર્ણન છે.

(૧૯) **આત્મશુદ્ધિપચીસી દશપરિણામગર્ભિત :** આ પદની પચ્ચીસ કડી છે. આ પચીશીમાં જીવના અને અજીવના દશ દશ પરિણામોનું વર્ણન છે.

(૨૦) **આત્મશુદ્ધિપચીસી :** આ પદની પચ્ચીસ કડી છે. આ પચીશીમાં ત્રણ પ્રકારની સંખ્યા, ચાર પ્રકારના પુદ્‌ગલપરાવર્ત, ત્રણ પ્રકારના પલ્યોપમ, ત્રણ પ્રકારના અંગુલ, ચાર પ્રકારના પર્યાય, કાળની ચતુર્ભંગી, ત્રણ પ્રકારના યોગ, બે પ્રકારના પદાર્થ, કર્મબંધના ચાર પ્રકાર, જીવના આઠ કરણનું વર્ણન છે.

(૨૧) **તત્ત્વ અઠ્યાવીસી :** આ પદમાં અઠ્યાવીસ ગાથા છે. આમાં ચાર પ્રકારના ધ્યાન, ત્રણ પ્રકારના આગમ, દેવ, ગુરુ અને ધર્મ તત્ત્વ, આઠ લોકસ્થિતિ, ત્રણ પ્રકારના આહાર, ત્રણ પ્રકારની યોનિનું વર્ણન છે.

(૨૨) **પાર્શ્વજિન ગીત :** આ ગીતની ત્રણ કડી છે. તેમાં પાર્શ્વનાથ ભગવાનની આંગીનું વર્ણન છે.

(૨૩) **વૈરાગ્ય ગીત-૨ :** આ ગીતની ઓગણીસ કડી છે. તેમાં સંસારના દુઃખમય સ્વરૂપનું વર્ણન છે.

(૨૪) **અધ્યાત્મ ગીત-૨ :** આ ગીતની ચાર કડી છે. આ ગીતમાં અનિત્ય અને અન્યત્વ ભાવના આધારે સંસારના દુઃખમય સ્વરૂપનું વર્ણન છે.

(૨૫) **ઉપાદાનનિમિત્તકારણ ગીત :** આ ગીતની સોળ કડી છે. આમાં મોક્ષનું ઉપાદાન કારણ અને નિમિત્ત કારણનું વર્ણન છે.

(૨૬) **ચોવીશજિન સ્તવન :** આમાં સત્યાવીસ કડી છે. આમાં ચોવીશ ભગવાનની સ્તુતિ કરવામાં આવી છે.

## કૃતજ્ઞતા

મારા પરમ ઉપકારી ગુરુદેવ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજા, પિતૃગુરુદેવ પરમ પૂજ્ય મુનિપ્રવરશ્રી **સંવેગરતિવિજયજી** મ.સા.ની પાવન કૃપા, બંધુમુનિવરશ્રી **પ્રશમરતિવિજયજી** મ.નો સ્નેહભાવ તથા તેમ જ મુનિવરશ્રી **સંયમરતિવિજયજી** મ., પરમ પૂજ્ય સાધ્વીજી શ્રી **હર્ષરેખાશ્રીજી** મ.ના શિષ્યા સાધ્વીજી શ્રી **જિનરત્નાશ્રીજી** મ., સા. શ્રી **મધુરહંસાશ્રીજી** મ., સા. શ્રી **ધન્યહંસાશ્રીજી** મ.નો નિરપેક્ષ સહાયકભાવ મારી પ્રત્યેક પ્રવૃત્તિની આધારશિલા છે. તેમના ઉપકારોથી મુક્ત થવું સંભવ નથી.

આ સંપાદનનો ખરો યશ પરમ પૂજ્ય સાધ્વીજી શ્રીહર્ષરેખાશ્રીજીમ.ના શિષ્યા સાધ્વીજી શ્રીજિનરત્નાશ્રીજી મ., સા. શ્રી મધુરહંસાશ્રીજી મ., સા. શ્રી ધન્યહંસાશ્રીજી મ.ને જાય છે. તેમણે જ સાદ્યંત લિપ્યંતર તેમ જ અનુવાદ આદિ કર્યું છે. પૂજ્ય પિતૃગુરુદેવ મુનિવરશ્રી સંવેગરતિવિજયજી મ.સા.એ આ ગ્રંથ સાદ્યંત વાંચી તેમાં જરૂરી સુધારા અને વધારા સૂચવ્યા છે. તેઓ દ્રવ્યાનુયોગના અભ્યાસુ છે. દ્રવ્યગુણપર્યાયના રાસનું સારભૂત વિવરણ તેમણે સાત વાર લખ્યું છે. (આજના કાળમાં આટલી મહેનત કરનારા કોણ છે.?) સંમતિ તર્કની ટીકાના હિંદી અનુવાદ (પૂ.આ.ભ.શ્રી જયસુંદરસૂ.મ.સા.) નો ગુજરાતી અનુવાદ કર્યો છે. તેઓ શ્રીમદ્નાં સૂચનથી અનુવાદ શુદ્ધિ થઇ શકી છે. **સુ. જયાબેન**

**ભાયાણી** તેમ જ **કુ. રિદ્ધિ પ્રદીપ સાયલા**એ પણ આ કાર્યમાં અવિસ્મરણીય સહકાર કર્યો છે.

સંપાદન કાર્યમાં શ્રુતભવન સંશોધન કેંદ્રના બધા સંશોધન સહકર્મિઓએ ભક્તિભાવથી સહકાર્ય કર્યું છે. તેથી તેઓ સાધુવાદને પાત્ર છે.આ ગ્રંથનું યથામતિ શુદ્ધ સંપાદન કરવાનો પ્રયાસ કર્યો છે. તેમ છતાં પણ પ્રમાદવશ કોઇ અશુદ્ધિઓ રહી ગઇ હોય તો વિદ્વાન પાઠકગણ સંપાદકના પ્રમાદને અને ભૂલને ક્ષમા પ્રદાન કરશે તેવી વિનમ્ર પ્રાર્થના છે.

વિ.સં. ૨૦૭૧, ભાદરવા વદ ૧૦ **- વૈરાગ્યરતિવિજય**
શ્રુતભવન, પુણે

कवि कहानजी रचित

# आत्मशुद्धिप्रकाश

(सह अनुवाद)

(१)

## ॥द्रव्यानुयोगगर्भित पार्श्वजिन गीत॥

### (ढाळ-१)

**श्री पार्श्वनाथ सुमरन धरी, कीजइ चित्त सुसार।**
**जस प्रसाद अविचल वचन, पाइइ भवको पार॥१॥**

શ્રીપાર્શ્વનાથ ભગવાનને સ્મરણમાં ધારણ કરીને ચિત્તને સારું બનાવીએ. જેથી અવિચલ વચન રૂપ કૃપા મળે અને સંસારનો પાર પમાય.(૧)

**मनही मनोरथ सब मीलइ, कीजइ लीलविलास।**
**ऋद्धि सिद्धि आनंदमय, दीजइ वचन प्रकास॥२॥**

વચન રૂપી પ્રાસાદ પ્રાપ્ત થવાથી મનના બધા મનોરથ પૂરા થાય છે. લીલ-વિલાસ કરી શકાય છે. ઋદ્ધિ-સિદ્ધિ-આનંદમય વચનનો પ્રકાશ આપો. (૨)

### (देसी-फाग कुरमट कुरमट खेलीइ ए देसी)

**आपसु भावुं खेलीइ, पर सब विभाव भेभाल हो।**
**चेतन लच्छिन आतमा, जड सबहि मिल्ये जंजाल हो॥आ०॥१॥**

પોતાના સ્વભાવમાં રમીએ, આત્માને છોડીને બાકી બધા વિભાવ તરીકે જોઇએ. આત્મા ચેતન સ્વરૂપ છે જ્યારે જીવ જડ સાથે મળે છે ત્યારે જંજાળ થાય છે.(૧)

**कहां सुं आयु को रइ तु, कहां जायगो सुविचार हो।**
**राग रोस मल मोहसुं, कहुं आप न किनी साग हो॥आ०॥२॥**

સારો વિચાર ક્યાં જાગ્યો? રાગ, દ્વેષ અને મોહરૂપી મળને કારણે આત્માની ચિંતા ક્યાં કરી?(૨)

**नरकयोग(न)मइ तुं गयो, कहीं तीरियंचयोनि अपार हो।**
**मनिषयोनि भी तुं भयो, भलो देव भयो बहु बार हो॥आ०॥३॥**

તું નરકયોનિમાં ગયો. ક્યારેક પાર વિનાની તિર્યંચયોનિમાં ગયો, મનુષ્યયોનિમાં પણ તું ભમ્યો, ઘણી બધી વાર દેવ પણ થયો. (૩)

**एकेंद्री मइं तुं रुल्यो, बहु काल अनंतानंत हो।**
**तहां दुख जनममरण कीए, न हु पायो भवको अंत हो॥आ०॥४॥**

અનંતા કાળ સુધી તું એકેંદ્રિયમાં ભમ્યો. ત્યાં જનમ-મરણના દુઃખ પામ્યો, છતાં સંસારનો અંત ન થયો. (૪)

**बेंद्रीमइं अवतर्यो, उरु तेंद्री अवधार्य हो।**
**चउरिंद्री मइं तु फीर्यो, पंचेंद्री अति असद्धार हो॥आ०॥५॥**

હું બેઇંદ્રિયમાં અવતર્યો, તેઇંદ્રિયમાં પણ અવતર્યો, ચઉરેંદ્રિયમાં પણ અવતર્યો, પંચેંદ્રિયમાં પણ અવતર્યો. (૫)

**पुढवी आउ तेउ मइं, ओर वाउ भयो अविचारी हो।**
**वनसपती सबओ लही, छठी तरस गीतिसु संभारी हो॥आ०॥६॥**

પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાયમાં પણ ફર્યો. દરેક પ્રકારની વનસ્પતિમાં ગયો. છટ્ઠી ત્રસગતિમાં પણ હું ગયો. (૬)

**मनकइं योगइ मन हुओ, कहु वचन योगसुं वाच हो।**
**तनकइं योगइं तन रह्यो, कहुं तीन मिलइ कहु आहाव हो॥आ०॥७॥**

ક્યારેક મનયોગે મન મળ્યું, વચનયોગથી વચન મળ્યું, શરીરયોગથી શરીર મળ્યું. ક્યારેક ત્રણે યોગ મળ્યાં. (૭)

**पुरुष वेद कहु उपजइं, कहुं स्त्रीअ नपुंसक यान हो।**
**तीन वेद सबही मिलइं, जीव सन्निगर भज आनि हो॥आ०॥८॥**

ક્યારેક પુરુષવેદમાં ઉત્પન્ન થયો, ક્યારેક સ્ત્રીવેદ રૂપે ઉત્પન્ન

થયો, ક્યારેક નપુંસક વેદ રૂપે ઉત્પન્ન થયો. ત્રણે વેદ મળીને સંજ્ઞી અસંજ્ઞી જીવ સ્વરૂપે હું ભમ્યો. (૮)

**क्रोध मान माया लोभहि, वरतइं ए जीव सराग हो।**
**दसम गुनठाना लगइं, ऊपरि होइं वीतराग हो॥आ०॥९॥**

ક્રોધ, માન, માયા, લોભ આ ચાર કષાય સરાગ જીવને દશમા ગુણસ્થાનક સુધી હોય છે. દશમા ગુણસ્થાનક પછી જીવ વીતરાગ હોય છે. (૯)

**वीतराग पद दो कहे, ऊपसंतइं खीन कसायहो।**
**खीनकसाय तीन गुनठाने, ऊपसांतहि ए कसाय हो॥आ०॥१०॥**

વીતરાગ પદના બે પ્રકાર છે (૧) ઉપશાંત કષાય વીતરાગ (૨) ક્ષીણ કષાય વીતરાગ. ક્ષીણ કષાય વીતરાગ ૧૨, ૧૩, ૧૪ આ ત્રણ ગુણસ્થાનકે હોય છે. ઉપશાંત કષાય અગિયારમા ગુણસ્થાનકે હોય છે. (૧૦)

**पांच ग्यान ती अग्यानसुं, सब मिली ए आठ ही जानि हो।**
**तीन अग्यानि जीव रे, पांच ही ए पंडित मानि हो॥आ०॥११॥**

પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન મળી આઠ પ્રકારનું જ્ઞાન છે. તેમાં (૧) મતિઅજ્ઞાન (૨) શ્રુતઅજ્ઞાન (૩) વિભંગજ્ઞાન આ ત્રણ અજ્ઞાન છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન આ પાંચ જ્ઞાન છે. (૧૧)

**पांचही संयम ठानीइं, देसविरति तिहां ए कह्यो ए हो।**
**एक असंयम सानीइं, सब मिली एसा तुं जोए हो॥आ०॥१२॥**

સાત સંયમ છે. સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત, દેશવિરતિ, સર્વવિરતિ આ સાત સંયમના સ્થાન છે. (૧૨)

**दरसन च्यार सोहावने, ताको नाम कहुं सुनि मीत हो।**
**चक्खु अचक्खु लीजीइये, अरु केवल अवधि सुनित हो॥आ०॥१३॥**

દર્શન ચાર પ્રકારના છે. (૧) ચક્ષુદર્શન. (૨) અચક્ષુદર્શન. (૩) અવધિદર્શન. (૪) કેવલદર્શન. (૧૩)

**लेस छहु गनी धरिइये, सुभ असुभ तीन तीन ठानी हो।**
**द्रव्यभाव दोउ मिली, दोय भि रूपी अरूपी जानि हो॥आ०॥१४॥**

લેશ્યા છ પ્રકારની છે. ત્રણ શુભ અને ત્રણ અશુભ. દ્રવ્યલેશ્યા અને ભાવલેશ્યા એમ બે પ્રકારની લેશ્યા હોય છે. દ્રવ્યલેશ્યા રૂપી છે, ભાવલેશ્યા અરૂપી છે. (૧૪)

**प्रथम आदि लही तेरलु, ए लेस कही जिनराज हो।**
**जो जयसी जिहां सोहीइ, तिहां तयसि कहिइं साज हो॥आ०॥१५॥**

પહેલા તેર ગુણસ્થાનકે જીવ લેશ્યાસહિત હોય છે. જે ગુણસ્થાનકે જેવી શુદ્ધિ હોય તેવી લેશ્યા હોય છે. (૧૫)

**लेस बिना उपरि रहे, जाव सिद्धि बसइ अलेस हो।**
**ए परमारथ यानिइ, तहीं करम नहि परवेश हो॥आ०॥१६॥**

ચૌદમે ગુણસ્થાનકે અને મોક્ષમાં લેશ્યા હોતી નથી કારણ કે મોક્ષમાં કર્મનો બંધ હોતો નથી.(૧૬)

**भव्व जीव तिहां लेखीइये, अरु अभव कहि दोउ राशि हो।**
**वाको अंत न पाईये, कीजइ केवल वचन प्रकासि हो॥आ०॥१७॥**

ભવ્ય અને અભવ્ય એમ બે પ્રકારની જીવરાશિ છે, તે અનંત છે એવું કેવલજ્ઞાની કહે છે. (૧૭)

**उपसम समकित उपशमी, खयऊपसम नाउ सोहायो हो।**
**ख्याएक ख्याएक भावसुं, सासादन उलट ही आयो हो॥आ०॥१८॥**

**मिष्ट(श्र)अरूप अरु गाईये, अरु मोह मिथ्यात कहाये हो।**
**ए छहुं मिलहि कही, सन्नि नाऊं असन्नि पायो हो॥आ०॥१९॥**

**आहारि अरु अनाहारि हये, मिलि बासठि बोल गनायो हो।**
**चउदह मारगना कहे, तिहा निहीच्चियउ हार बनायो हो॥२०॥**

સમ્યક્ત્વમાર્ગણાના છ ભેદ છે. (૧) ઉપશમભાવથી ઉપશમસમ્યક્ત્વ (૨) ક્ષયોપશમસમ્યક્ત્વ (૩) ક્ષાવિકભાવથી ક્ષાયિકસમ્યક્ત્વ (૪) સાસ્વાદનસમ્યક્ત્વ .(૫) મિશ્રસમ્યક્ત્વ (૬) મિથ્યાત્વ.

સંજ્ઞીમાર્ગણાના બે ભેદ છે. (૧) સંજ્ઞી (૨) અસંજ્ઞી.

આહારમાર્ગણાના બે ભેદ છે. (૧) આહારી (૨) અણાહારી. બધું મળીને ચૌદ માર્ગણાના બાસઠ ભેદ છે. (૧૮,૧૯,૨૦)

**चउदह गुनठाना रचे, तिहां जीव बसइ संसारि हो।**
**सिद्ध संसारि बिना कीजइ, अइसि जिनवर भाषित धारि हो॥आ०॥२१॥**

સંસારી જીવ ચૌદગુણસ્થાનક રચે છે. સિદ્ધ જીવ ગુણસ્થાનક રચતા નથી એવું ભગવાને કહ્યું છે. (૨૧)

**संसारि ववहारि हिइ, अरु सिद्ध संसारातीत हो।**
**भाव धरइ दोउ निर्मलै, अक्खाइक परिणामि बी(थी)त हो॥आ०॥२२॥**

સંસારી જીવ વ્યવહારમાં છે. તે છ ભાવ ધારણ કરે છે. સિદ્ધ જીવ સંસારથી અતીત છે. એ પારિણામિક અને ક્ષાયિક ભાવ ધારણ કરે છે. (૨૨)

**तेरह चउदह गुनठाने, तिहां भाव लहेहि तीन हो।**
**ख्याइक उदइक परिणामिक, मिल्ल तीन जूरेहि चिन हो॥आ०॥२३॥**

તેરમે અને ચૌદમે ગુણસ્થાનકે ક્ષાયિક, ઔદયિક અને પારિણામિક એ ત્રણ ભાવ હોય છે. (૨૩)

**प्रथम आदि तीन गुनठाने, तिहां भाव कहेहि तीन हो।**
**ख्ययउपसम अरु परिणामिक, इऊ उदिक भावसुं कीन हो॥आ०॥२४॥**

પહેલાં ત્રણ ગુણસ્થાનકે ત્રણ ભાવ હોય છે. (૧) ઔદયિક (૨) ક્ષાયોપશમિક (૩) પારિણામિક. (૨૪)

**ओर रहे नव गुनठाने, तिहां तुरिअ आदिले बार हो।**
**च्यार भाव तहा जानीयइ, अरु पाच मुनेहि धीर हो॥आ०॥२५॥**

બાકી રહેલા ચારથી બાર આ નવ ગુણસ્થાનકમાં ચાર અથવા પાંચ ભાવ હોય છે. (૨૫)

**खपकसेन ऊपसमसेनी, अइसि सेनि कहि हइ दोइ हो।**
**खपकसेनि जिहां लीजिइं, ऊहां भाव च्यारहि जोइ हो॥आ०॥२६॥**

બે પ્રકારની શ્રેણિ છે. (૧) ક્ષપકશ્રેણિ (૨) ઉપશમશ્રેણિ. ક્ષપકશ્રેણિમાં ચાર ભાવ હોય છે. (૨૬)

**ऊपसमसेनइ ऊपसमी, वहां पांच भावकी कान्ह हो।**
**खपकसेनिको केवली, दुजो उपशमि उलटही बान हो॥आ०॥२७॥**

ઉપશમશ્રેણિમાં પાંચ ભાવ હોય છે. ક્ષપકશ્રેણિનું આરોહણ કરનારો કેવલી થાય છે. ઉપશમશ્રેણિનું આરોહણ કરનારો પાછો પડે છે. (૨૭)

**गति च्यारु अरु गुनठाने, इउ तुरिय आदिले च्यार हो।**
**च्यार तिन तिहां पाइये, इउ भाव कहे श्रीवीर हो॥आ०॥२८॥**

ચારગતિમાં ચૌદ ગુણસ્થાનકનો વિચાર. પહેલા ચાર ગુણસ્થાનકે ચારે ગતિ હોય છે. તેમાં ચાર અથવા ત્રણ ભાવ હોય છે. (?) એવું શ્રી વીર કહે છે. (૨૮)

**चउदह भेद हय जीवके, सो तउ भेद कहे ववहार हो।**
**नाम करमके हेतसु, बहु भांत भयो परवा(का)र हो॥आ०॥२९॥**

જીવના ચૌદ ભેદ છે. તેમાં નામકર્મના વ્યવહારથી ઘણાં ભેદ છે. તેને કારણે સંસારમાં ઘણું ભમ્યો છું. (૨૯)

**निहिश्चि चेतन यानीइ, ए तो भेद रहित अरूप हो।**
**अलख निरंजन आतमा, जाको गुन गावइ सुर भूप हो॥आ०॥३०॥**

નિશ્ચયનયની દૃષ્ટિએ આત્મા ચેતન છે, ભેદરહિત છે, અરૂપી છે, અલક્ષ્ય છે. દેવો અને રાજાઓ પણ તેના ગુણ ગાય છે. (૩૦)

**चउदह गुनठाणा कहे, सोतउ सबही मिली ववहार हो**
**छहु भावसुं ऊमहे, तहा निहिश्चि चेतन सार हो॥आ०॥३१॥**

ચૌદ ગુણસ્થાનકના ભેદ વ્યવહારથી છે. છ ભાવમાં રમનારો આત્મા નિશ્ચયનયની દૃષ્ટિએ એક જ છે. (૩૧)

**चउदह मारगना लहे, वाके भेद कहे दोसट्ठ हो।**
**ए उबउ(वव) हारि जानिइ,**
**निहिश्चि आठ करमसु नट्ठ हो॥आ०॥३२॥**

ગતિ વિગેરે ચૌદ માર્ગણાના બાસઠ ભેદ છે. એ ભેદ પણ વ્યવહારથી છે. નિશ્ચયનયથી આઠકર્મથી બંધાયેલો આત્મા એક જ છે. (૩૨)

**आठ करम संछेयसु, वाको कीजइ कछुक विच्यार हो।**
**धरम करम दो यानिइये, ताकी सरधा कीजइ सुच्यार हो॥आ०॥३३॥**

આઠ કર્મોને છેદવા માટે કંઇક વિચાર કરો, ધર્મ અને કર્મોની સારી રીતે શ્રદ્ધા કરો. (૩૩)

**जीव अजीव दो यानिइ, त्याके छहि एहि भेद हो।**
**पांच अजीव वखानिइ, एक चेतन लछन वेद हो॥आ०॥३४॥**

જીવ અને અજીવ આ બે તત્ત્વો છે. તેના છ ભેદ છે. પાંચ અજીવ છે એક જીવ છે. (૩૪)

**छहु भाव चेतन धरइ, अरु दोऊ धरइ अजीव हो।**
**दोउ भाव पुद्गल धरइ, तहा ऊदिक परिणामि कीव हो॥आ०॥३५॥**

જીવ ક્ષાયિક વગેરે છ ભાવ ધારણ કરે છે અને અજીવ બે ભાવ ધારણ કરે છે. પુદ્‌ગલ ઔદયિક અને પારિણામિક એમ બે ભાવ ધારણ કરે છે. (૩૫)

**च्यार द्रव्य मिली एक सुनउ, तहा नाम परिणामि आन हो।**
**भेद भाव ववहारिसु, असइं निहिश्चि अभेदही जानऊ हो॥आ०॥३६॥**

ચાર દ્રવ્ય એક પારિણામિક ભાવ ધારણ કરે છે. ભાવ અને દ્રવ્યનો ભેદ વ્યવહારથી છે, નિશ્ચયથી અભેદ છે. (૩૬)

**करम योगयो वरगना, ताको नाम कहुं सुनि न्यास्यो हो।**
**एक उदारिक वरगना, दूजी विकरी नाऊं पारो हो॥आ०॥३७॥**

**आहारक तिजी लीजीईये, तहा तेजस चउथि मानो हो।**
**वचन पांचही ठानीइये, अरु आनपान छट्ठी मानउ हो ॥आ०॥३८॥**

**मूल मनही वरगना सातही, अनइ आठ करमन गान हो।**
**प्रथम च्यार आठ फाससुं, अरु च्यार च्यार फास आनउ हो**
**॥आ०॥३९॥**

કર્મને યોગ્ય પુદ્‌ગલની વર્ગણા હોય છે. એમના નામ આ પ્રમાણે છે— (૧) ઔદારિકવર્ગણા (૨) વૈક્રિયવર્ગણા (૩) આહારકવર્ગણા (૪) તૈજસવર્ગણા (૫) ભાષાવર્ગણા (૬) શ્વાસોચ્છ્‌વાસવર્ગણા (૭) મનોવર્ગણા. (૮) કાર્મણવર્ગણા. પહેલી ચારવર્ગણામાં આઠ સ્પર્શ હોય છે,બાકીની ચાર વર્ગણામાં બે સ્પર્શ હોય છે. (૩૭) (૩૮) (૩૯)

**वरण गंध रस सब लीजइ, दो पांच पांच ठिक ठानोउ हो।**
**एही ऊदइक भावसुं, निहिश्चि परिणामिक वानो हो ॥आ०॥४०॥**

આ દરેકમાં પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ હોય છે.આ ઔદયિક

ભાવ છે, નિશ્ચયથી પારિણામિક ભાવ હોય છે. (૪૦)

**कर्म गहन कार मन कही, तासुं आठ करम कउ बंध हो।**
**मूल करम ए लीजीइये, सतउ तर अठावन फंध हो॥आ०॥४१॥**

(૧) કાર્મણવર્ગણાના પુદ્‌ગલોથી કર્મનો બંધ થાય છે. આઠ કર્મો મૂળ છે અને ઉત્તર પ્રકૃતિ ૧૫૮ છે. (૪૧)

**दर्व भाव दोउं जानीइये, तहां चेतन पुदगल कर्म्म हो।**
**दर्व भावसु मची रह्यो, निहिश्चि आपसु भावइ धर्म्म हो॥आ०॥४२॥**

દ્રવ્યકર્મ અને ભાવકર્મ એમ બે પ્રકારનું કર્મ છે. તેમાં આત્મા પુદ્‌ગલકર્મોમાં દ્રવ્ય અને ભાવથી જોડાયલો છે. નિશ્ચયથી પોતાનો સ્વભાવ એ જ તેનો ધર્મ છે. (૪૨)

**तीस कोडाकोडि जानिइये, अयसि च्यार करम कीच्छित हो।**
**उत कष्टी तहां आनीइये, अरु अंतर मुहुरत लित हो॥आ०॥४३॥**

ચાર કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ કોડા કોડી સાગરોપમ. (જ્ઞાનાવરણીય,દર્શનાવરણીય,,વેદનીય, અંતરાય) (૪૩)

**सितरकोडाकोडि मोहकी, अरु अंतर महुरत जोये हो।**
**नाम गोयकी बीस लही, अरु आठ महुरत पोह हो॥आ०॥४४॥**

મોહનીયકર્મની ૭૦ કોડા કોડી સાગરોપમની છે અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત છે. નામ ગોત્રની ઉત્કૃષ્ટસ્થિતિ ૨૦ કોડા કોડી સાગરોપમની છે અને જઘન્ય ૮ અંતર્મુહુર્તની છે. (૪૪)

**आयु तेतीससागर कउ, तहां उत कष्टो सब आनि हो।**
**अंतमुहुत लघु जानिइये, अरु वेदनी बार वखानि हो॥आ०॥४५॥**

આયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમની છે. જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે. વેદનીયકર્મની જઘન્ય સ્થિતિ ૧૨ મુહૂર્તની છે. (૪૫)

**ज्ञानावरणी करम कुं, असे च्यार भाव तहां संच हो।**
**दरसन अरु अंतराय के, ताको नाऊं कहुं सुनरच हो॥आ०॥४६॥**

જ્ઞાનાવરણીય,દર્શનાવરણીય અને અંતરાય કર્મના ચાર ભાવ હોય છે. તેમના નામ કહું છું તે સાંભળો. (૪૬)

**ख्याइक अरु खइऊपसमी, अरु ऊदिक परिणामि जानि हो।**
**पांच भाव मोहन बहिइं, तहां ऊपसमी सुचित आनि हो॥आ०॥४७॥**

(૧) ક્ષાયિક (૨) ક્ષાયોપશમિક (૩) ઔદયિક અને (૪) પારિણામિક. મોહનીય કર્મમાં પાંચ ભાવ હોય છે.એમાં ઔપશમિક ભાવ પણ હોય છે. (૪૭)

**वेदनी नाउं गोत आऊ, अयसेइ भाव कहाहि तिन हो।**
**ख्याइक ओदइक परिणामि, इउ नाऊं कहे परवीन हो॥आ०॥४८॥**

વેદનીય, નામ, આયુષ્ય અને ગોત્ર કર્મના ત્રણ ભાવ છે. હોશિયાર વ્યક્તિ તેમના નામ આ રીતે કહે છે. (૧) ક્ષાયિક (૨) ઔદયિક (૩) પારિણામિક. (૪૮)

**च्यार हेत अव जीवकुं, करइ करसबंधको ठंच हो।**
**ताको सरूप विच्चारीइये, तव सबहि टलिइ परपंच हो॥आ०॥४९॥**

જીવને કર્મનો બંધ થવાના ચાર કારણ છે. તેનાં સ્વરૂપનો વિચાર કરવાથી કર્મ પ્રપંચ ટળે છે. (૪૯)

**प्रथम मिथ्यात संभालीइ, दुजो अविरत आओ पंच हो।**
**तीजो कसाय मिलाइये, चउथो जोग रह्यो हइ मंच हो॥आ०॥५०॥**

(૧) મિથ્યાત્વ. (૨) અવિરતિ. (૩) કષાય. (૪) યોગ. કર્મનો બંધ થવાના આ ચાર કારણ છે. (૫૦)

**पांच मिथ्यात कहाइये, तहां अविरित बारु अइंच हो।**
**पचीस कसाये लीजीइये, ओर योग पनर कउ संच हो॥आ०॥५१॥**

મિથ્યાત્વના પાંચ પ્રકાર છે. અવિરતિના ચાર પ્રકાર છે. કષાયના પચીસ પ્રકાર છે અને યોગના પંદર પ્રકાર છે. (૫૧)

**मूल च्यार कही हेत की, अरु उतर सतावन होय हो।**
**दरब भाव दोऊ जानिइये, इऊं चेतन पुदगल बोय हो॥आ०॥५२॥**

કર્મ બંધના મૂળ ભેદ ચાર છે,ઉત્તર હેતુ સત્તાવન છે. દ્રવ્ય અને ભાવ એ બન્ને પ્રકારે જાણવા જઇએ તો પુદ્ગલ દ્રવ્યહેતુ છે અને આત્મા ભાવહેતુ છે. (૫૨)

**प्रथम आदि तिनी गुनठाने, तहां हेत च्यार तीन आनि हो।**
**तिन हेत तुरिये कहीइ, तहां छांडिं मिथ्यात सुमानि हो॥आ०॥५३॥**

પહેલા ત્રણ ગુણસ્થાનકે બંધના ચાર હેતુ હોય છે,.ચોથા ગુણસ્થાનકે બંધના ત્રણ હેતુ હોય છે. ચોથા ગુણસ્થાનકે મિથ્યાત્વ હોતું નથી. બીજે, ત્રીજે ગુણસ્થાનકે મિથ્યાત્વનો બંધ ન હોવાથી ત્રણ હેતુ હોય છે. (૫૩)

**पंचम गुनठानइ सही, जहां देसविरति किरंच हो।**
**ता कारन दोइ लीजीइये, जहा एक तरसकी वंच हो॥आ०५४॥**

પાંચમાં ગુણસ્થાનકે દેશવિરતિ હોય છે તેથી કષાય અને યોગ એ બંધના બે હેતુ હોય છે. (અહીં કેવળ ત્રસ જીવોની વિરતિ હોતી નથી) (૫૪)

**तरस बिना जो ओर रही, पांच थावर पांचु इंद्री हो।**
**ताकि अविरति लेषीइये, तासु तीन हेतहि इषंदि हो॥आ०॥५५॥**

ત્રસ વિના પાંચ સ્થાવર, અને પાંચ ઇંદ્રિયની અવિરતિને ગણીએ તો પાંચમાં ગુણસ્થાનકે બંધના ત્રણ હેતુ છે. (૫૫)

**प्रमत आदि लहि दश दुंलगइं, तहां अविरत नांही अंस हो।**
**इयाति हेत दोऊ पाईये, अयसि योग कषाय वंस हो॥आ०॥५६॥**

પ્રમત્ત ગુણસ્થાનકથી દશમા ગુણસ્થાનક સુધી અવિરતિનો અંશ હોતો નથી એથી ત્યાં બે હેતુ હોય છે. કષાય અને યોગ. (૫૬)

**एक योग ऊपर रह्यो, कहां ऊपसंतखीन सजोगी हो।**
**हेत च्यारइ पूरे भए, इस ऊपरि सबहि अजोगी हो॥आ०॥५७॥**

દસમા ગુણસ્થાનકથી યોગ નામનો બંધનો હેતુ હોય છે.અગિયારમું ઉપશાંતગુણસ્થાનક,બારમું ક્ષીણયોગી ગુણસ્થાનક તેમ જ તેરમું અને ચૌદમું ગુણસ્થાનક-આ ગુણસ્થાનકમાં એક યોગ જ બંધનો હેતુ હોય છે. તેનાથી ઉપર અયોગી હોય છે. (૫૭)

**ए सबही ववहार कह्यो, निहिश्चि हेत अतीति जानउ हो।**
**वरन गंध रस फास विना, अयसो अलख निरंजन गानउ हो॥आ०॥५८॥**

આ બધું વ્યવહારનયથી કહ્યું છે. નિશ્ચયનયથી આત્મા વર્ણ, ગંધ, રસ, સ્પર્શથી અલખ નિરંજન કહ્યો છે. (૫૮)

**अलप कषाय दयालसु, कछु सील दानको लेस हो।**
**जिनवर वचनसुं जो मिले, ताहां कीजइ नाही किलेस हो॥आ०॥१४१॥**

જે અલ્પ કષાયી છે, દયાળુ છે, કંઇક દાન, કંઇક શીલ પાળે છે. ભગવાનના વચનથી અવિરોધી ગુણ જ્યાં મળતાં હોય ત્યાં ક્લેશ કરવો નહીં. (૧૪૧)

## (ઢાળ-૨)

### (दूहा)

**ज्ञेय ज्ञान ज्ञाता तिगुन, आतम अखय भंडार।**
**निर्मल कर्म विभावसुं, असुद्ध भाव वमि डार॥१॥**

આતમા જ્ઞેય, જ્ઞાન અને જ્ઞાતા આ ત્રણ ગુણનો અક્ષય ભંડાર છે. તે સ્વયં નિર્મળ છે તેમ છતાં પણ કર્મરૂપી વિભાવને કારણે અશુદ્ધભાવથી ભરેલો છે. તે અશુદ્ધભાવને વમી નાખ (૧)

**सुद्ध निरंजन ज्ञानमिं, ज्ञाता गगन अपार।**
**नय निखेपसुं परखीइय, कर्म कलंक पखार॥२॥**

શુદ્ધ અને નિરંજન એવો જ્ઞાતા ગગન જેવો અપાર છે. તેને નય અને નિક્ષેપથી પરખીને કર્મરૂપી કલંકને ધોઇ નાખ.(૨)

### (देसी-दंड न देऊ तुनइ माहरो)

**नवहि पदारथ चरचीयइ, ताकउ सुमरन कीजइ खंति हो।**
**सुद्ध भाव सरधा धरी, तही पावइ भवकउ अंति हो॥आ०॥२.१॥५९॥**

નવ પદાર્થોની ચર્ચા કરીએ. તેને યાદ રાખવાની ખંત હોય તો શુદ્ધભાવથી નવ પદાર્થોની શ્રદ્ધા કરવાથી ભવનો અંત થાય છે.(૫૯)

**दोइ पदारथ जानिइये, ताके नवहि भए उतकष्ट हो।**
**मझम सात तहा लीजीइये, अयसइ दर्व भाव दोसुं भृष्ट**
**हो॥आ०॥६०॥**

**दर्व खेत अरु काल सहित, इऊं भाव भलो तहा लीजइ हो।**
**इयाही भांत आराधीइये, तही हेय उपादे कीजइ हो॥आ०॥६१॥**

મૂળરૂપે જીવ અને અજીવ બે જ પદાર્થ છે. તેના ઉત્કૃષ્ટથી નવ ભેદ થાય છે. મધ્યમ સાત ભેદ થાય છે. તે જ પ્રમાણે દ્રવ્ય

અને ભાવ એવા બે ભેદ થાય છે. પાંચ દ્રવ્ય કાળ સાથે મળીને છ ભેદ થાય છે. (તેમાં ભાવ ) પર્યાય જાણવો જોઇએ. આ રીતે તેની આરાધના કરીએ પછી હેય અને ઉપાદેયનો વિવેક કરીએ. (૬૦,૬૧)

**पुण्य पाप बिनुं सात रही, ताति सात पदारथ नाऊं हो।**
**ए सब ही ववहार नये, निहिश्चि चेतन चेतसुं ठाउं हो॥आ०॥६२॥**

પુણ્ય અને પાપના સાત પદાર્થ છે. આ સાત પદાર્થ વ્યવહારનયથી છે.

નિશ્ચયથી ચેતન ચેતનમાં રહે છે.(૬૨)

**प्रकति बंध परदेसकउ, तहां हेतु कह्यो हइ योग हो।**
**स्थिति अनुभाग कषायनओ, असइं सकल करम कउ रोग हो॥आ०॥६३॥**

કર્મનો પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ થાય છે તેમાં તનું કારણ યોગ છે.

સ્થિતિબંધ અને અનુભાગબંધ (રસબંધ)નું કારણ કષાય છે. આ રીતે કર્મનો બંધ થાય છે.(૬૩)

**सुभपरिणामि पुन बंधइ, अरु असुभ पापकी निध हो।**
**पुन्य पाप दोऊ हे कीजइ, सुद्ध थिर परिणामि सिद्ध हो॥आ०॥६४॥**

શુભપરિણામથી પુણ્ય બંધાય છે. અશુભપરિણામથી પાપનો જત્થો બંધાય છે. પુણ્ય અને પાપથી પર શુદ્ધ અને સ્થિર પરિણામ દ્વારા સિદ્ધ અવસ્થા પ્રાપ્ત થાય છે. (૬૪)

**थिरसुं भाव कारय लीजइ, ताके कारण च्यार प्रकार हो।**
**विधि विवेकसुं आचरइ, जिनवचनस्युं लीजइ सकार हो॥आ०॥६५॥**

સ્થિર સ્વભાવ કાર્ય છે. તેના ચાર કારણ છે. વિધિ અને વિવેકથી આચરણ કરવું. તેથી જિનવચનમાં સત્કાર જન્મે છે.(૬૫)

**प्रथम ज्ञान दुजउ दरसन, तिजउ चारितकउ परिणाम हो।**
**तप विसेसं चोउथो वहीइं, अयसिं कारण मूल सकाम हो॥आ०॥६६॥**

જ્ઞાન, દર્શન, ચારિત્રનો પરિણામ, વિશેષ તપ આ ચાર મૂળ કારણ છે.(૬૬)

**पांच भेद कहे ज्ञानके, तहा दरसनके दस आन हो।**
**चारित पांच सोहावने, तप बारहि भेदु जान हो॥आ०॥६७॥**

જ્ઞાનના પાંચ ભેદ કહ્યાં છે. દર્શનના દસ ભેદ છે. ચારિત્રના પાંચ ભેદ છે. તપના બાર ભેદ છે. (૬૭)

**इयाको उद्यम कीजइ, सब मन वच काया जोगि हो।**
**ए सबहि ववहार भयो, निहिश्चि ज्ञान अपओगि भोगि हो॥आ०॥६८॥**

**हेय उपादे कीजीइ, ओर कारन कारज दोइ हो।**
**कारन तबलुं(सुं) री(की)झीइं, जहां कारज सिद्धि न होइ हो॥आ०॥६९॥**

મન, વચન, કાયાને જોડીને આ કારણમાં ઉદ્યમ કરવો. આ બધો વ્યવહાર છે. નિશ્ચયથી જ્ઞાન આત્માનો ભોગી છે. હેય અને ઉપાદેયનો ભેદ કરવો, કાર્ય અને કારણના બે ભેદ કરવાં. જ્યાં કારણ નબળું હોય ત્યાં કાર્યની સિદ્ધિ થતી નથી. (૬૮,૬૯)

**कारज सिद्धि प्रगट भई, तहां कारन कउ नही काम हो।**
**कारन गुनठाना भए, इऊं कारज सिद्ध हि ठाम हो॥आ०॥७०॥**

જ્યાં કાર્યસિદ્ધિ પ્રગટ થઇ ત્યાં કારણનું પ્રયોજન રહેતું નથી. ગુણસ્થાનક કારણ છે અને સિદ્ધિ તેનું કાર્ય છે.(૭૦)

**तीन तत्त्व अभिजानीइं, ताकउ अवलंब कीजइ सदीव हो।**
**वाकउ सरूप विचारीइ, जीऊ तिमिर अंधारइं पईव हो॥आ०॥७१॥**

દેવ, ગુરુ અને ધર્મ આ ત્રણ ભાવને જાણીએ. હંમેશા તેનું

અવલંબન કરીએ. તેના સ્વરૂપનો વિચાર કરીએ. તે અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવા દીપક સમાન છે. (૭૧)

**दोष अठारह जानीइ, तासु रीते भए सो देव हो।**
**केवलज्ञान दिवाकरु, लोकालोक सुसेव हो॥आ०॥७२॥**

મિથ્યાત્વ,અજ્ઞાન વગેરે અઢાર દોષ છે. તેનાથી રહિત જે થયા તે દેવ છે. કેવલજ્ઞાનરૂપી સૂર્ય સમાન છે. લોક અને અલોકને સહજપણે જાણે છે.(૭૨)

**छत्रीस छत्रीसी जो धरइं, षट जीवन कउं आधार हो।**
**भव्य जीव तारन तरइं, अयसो गुरुराज विचार हो॥आ०॥७३॥**

જે છત્રીશ છત્રીશીને ધારણ કરે છે. જે છ જીવનિકાયના આધાર છે. ભવ્ય જીવને તારવા માટે નાવ સમાન છે. આવા ગુરુ હોય છે. (૭૩)

**पाप अठारह भेद भए, वाकी विरति करिजइ धर्म्म हो।**
**सोइ अहंसा ठानीइं, जहां रंच[1] नही हइ अधर्म्म हो॥आ०॥७४॥**

અઢાર પ્રકારના પાપ કહ્યાં છે.તેની વિરતિ કરવી તે ધર્મ છે. ધર્મ અહિંસામાં છે. જેમાં અધર્મનો લેશ પણ નથી, (૭૪)

**तीन तत्त्व ए मानीइं, इयाकोउ विवरन बोहोत नयकार हो।**
**अल्पबुद्धि क्युं यानीइं, श्री जिनवर वचन जयकार हो॥आ०॥७५॥**

આ ત્રણ તત્ત્વને માનવા જોઇએ. નયના આધારે તેનું ઘણું વિવરણ થઇ શકે તેમ છે. જિનવરના વચન અલ્પબુદ્ધિથી કેવી રીતે જાણી શકાય ? (૭૫)

**ए सबहि ववहार लह्यो, तुम्ह यानउ मानउ संत हो।**
**आतमराम आराधीइं, इऊं निहिश्चि कहइ भगवंत हो॥आ०॥७६॥**

---

१ =थोडुं, सहेज, लगार. (मध्यकालीन गुजराती शब्दकोश, संपा.जयंत कोठारी,पत्र ४१५)

આ બધો વ્યવહાર છે. તમે જાણો અને સારી રીતે જાણો. આતમરામની આરાધના કરો એ નિશ્ચય છે. એ પ્રમાણે ભગવાન કહે છે (૭૬)

**पुन्य पाप तिजउ आश्रवसुं, चउथो बंध पदारथ जाण हो।**
**ऊदिक भाव चित आनीइं, ताति हेय कहे हि नाम हो॥आ०॥७७॥**

પુણ્ય, પાપ, આશ્રવ અને બંધ આ ચાર પ્રકાર ઔદયિકભાવના છે.

તેથી તેને હેય નામ આપવામાં આવ્યું છે. (૭૭)

**संवर अरु निजराइ भए, अयसइ मोक्षतत्त्व अभिधान हो।**
**तीन भाव अति सोभीइं, क्षयउपसम क्षायक मान हो॥आ०॥७८॥**

**तीजउ उपसम कीजइ, जाथि समरस पीजइं सील हो।**
**इयाति उपादे साधीइ, जासुं करम भुजंगम पील हो॥आ०॥७९॥**

સંવર, નિર્જરા અને મોક્ષતત્ત્વ આ ત્રણ તત્ત્વનાં નામ છે. તેમાં ત્રણ ભાવ શોભે છે. ક્ષયોપશમ, ક્ષાયિક અને ઉપશમ આ ત્રણ ભાવ છે. જેમાંથી શમરસ પ્રાપ્ત થાય છે. તેથી તે ઉપાદેય કહેવાય છે.તેનાથી કર્મરૂપી સાપ પીલાય છે.(૭૮-૭૯)

**क्षाइक भावसुं देव भए, अयसि गुरहि लए तीन भाव हो।**
**तीन भाव धर्म्म ठानीइं, क्षयउपसम क्षाइक ग्याव हो॥आ०॥८०॥**

**उपसम तिजउ सोहावनउ, ए तीन भाव सुपचार हो।**
**उदिक भावस्युं बंध भयो, कर्म्म क्षय ही मोक्ष विचार हो॥आ०॥८१॥**

ક્ષાયિકભાવથી દેવ થાય છે. આ રીતે ત્રણ ભાવ ગુરુ લહે છે.(?) ક્ષય, ઉપશમ અને ક્ષાયિકભાવ ધર્મના સ્થાન છે. ક્ષયોપશમ, ઉપશમ અને ક્ષાયિકભાવ આ ત્રણ ભાવથી ઉપચાર થાય છે. ઔદયિકભાવથી બંધ થાય છે. કર્મક્ષયથી મોક્ષ થાય છે. (૮૦-૮૧)

**चेतन चेत सुभावस्युं, तहां परिणामि अधिकार हो।**
**ए सबहि ववहारनये, निहिश्चि अप्पा अप्पहि तार्य हो॥आ०॥८२॥**

ચેતનાના જ્ઞાન સ્વભાવથી મોક્ષમાં પરિણામનો (પારિણામિકભાવ) અધિકારી છે. નિશ્ચયથી આત્મા જ આત્માને તારે છે.(૮૨)

**बाल बुद्धि रचना रची, अयसि पंडित किजइं सव्वार्य हो।**
**जिनवर वचन आराधीए, जिउ पाइये भवकउ पार हो॥आ०॥८३॥**

આ રીતે બાલબુદ્ધિથી રચના કરી છે. તેનો પંડિત લોકો સ્વીકાર કરો ભગવાનના વચનોની આરાધના કરો. જેથી સંસારનો પાર પમાય.(૮૩)

**कारण कारज जानीइं, तहां कारन दोइ प्रकार हो।**
**निमित उपादान मानीइं, अयसइं कारज एक प्रकारि हो॥आ०॥८४॥**

કારણ અને કાર્ય એમ બે પ્રકારે તત્ત્વ છે. તેમાં કારણ બે પ્રકારે છે. ૧) નિમિત્તકારણ અને ૨) ઉપાદાનકારણ. કાર્ય એક જ પ્રકારનું છે.(૮૪)

**ऊपादान माटि अहीइ, तहां निमित कुलालही चक्र हो।**
**कारज घट हि विसेसीइ, अयसि तीन भेद विध तक्र हो॥आ०॥८५॥**

ઘડો એ કાર્ય છે. માટી તેનું ઉપાદાન કારણ છે. કુંભાર, ચક્ર વિગેરે નિમિત્ત કારણ છે. આ પ્રમાણે ત્રણ ભેદ કહ્યા છે.(૮૫)

**उपादान निहिश्चि आतमा, सब निमित बो(बा)हारि होय हो।**
**कारज सिद्ध सराहीइ, अयसि धर्म काज सब जोय हो॥आ०॥८६॥**

નિશ્ચયથી ઉપાદાનકારણ આત્મા છે. બધાં જ બાહ્ય કારણો નિમિત્ત છે. અને સિદ્ધપણું કાર્ય છે. આ રીતે બધા જ ધર્મકાર્ય જાણવાં. (૮૬)

**पूरव कर्म उदे आयकि, नाना भांति रिति रस दित हो।**
**तहां समचेति आतमा, अयसि सकल पदारथ जित हो॥आ०॥८७॥**

પૂર્વના કર્મો ઉદયમાં આવીને અનેક પ્રકારે અને રીતે રસ આપે છે. તેમાં સમાન ચિત્તવાલા બધા જ પદાર્થોને જીતી જાય છે.(૮૭)

**लोकाकास प्रदेस के, अयसइं एक जीव हि प्रदेस हो।**
**मध्य आठ तहां थिर रहे, और सबहि चलाचल ऐस हो॥आ०॥८८॥**

લોકાકાશમાં જેટલા પ્રદેશ છે તેટલા એક આત્માના પ્રદેશ છે. આત્મામાં મધ્યવર્તિ આઠ પ્રદેશ હંમેશા સ્થિર રહે છે. બાકીના બધા પ્રદેશ ચલ અને અચલ છે. (૮૮)

**प्रथम आदि तेर गुनठानि, तहां अथिर प्रदेस हि कीध हो।**
**ऊपर थिर हि सुभाव भए, जीव सेलेसि और सिद्ध हो॥आ०॥८९॥**

પહેલાં તેર ગુણઠાણામાં આત્મપ્રદેશો અસ્થિર હોય છે. ત્યાર પછી સ્થિરભાવમાં હોય છે. આ શૈલેશી અને સિદ્ધ અવસ્થા છે. (૮૯)

**मध्य आठ परदेसकुं, नही कर्म वरगना निस्सेष हो।**
**सेस सबइं परदेससुं, रहो आठ करम विसेष हो॥आ०॥९०॥**

આત્માના મધ્યવર્તિ આઠ પ્રદેશ ઉપર જરા પણ કર્મવર્ગણા હોતી નથી. બાકીના આત્મપ્રદેશ પર આઠે કર્મની વર્ગણાઓ હોય છે. (૯૦)

**अखर अनंत हि भागसुं, वह जीव प्रदेस साकार हो।**
**सो जो सबहि मिट याइं, ताहां जीव अजीव आकार हो॥आ०॥९१॥**

અક્ષરના અનંતમાં ભાગ જેટલું જ્ઞાન હંમેશા નિરાવરણ હોય છે. તે પણ જો ઢંકાઇ જાય તો જીવ અજીવપણું પામે. (૯૧)

**अयसो कबहि न होहहि, उरु हुउ नाही अतीत हो।**
**ए अनादि थिति जानीइं, अयसो ज्ञानी वचन कथीत हो॥आ०॥९२॥**

પરંતુ આવું ક્યારે પણ થતું નથી, થયું નથી અને થશે પણ નહીં કે જીવના બધા જ આત્મપ્રદેશો આવરાઇ જાય. આ અનાદિની સ્થિતિ છે. એવું જ્ઞાનીનું વચન છે. (૯૨)

**ए विकलप ववहार कह्यो, निहिश्चि अकल अभेद अरूप हो।**
**सिद्धसुं भावुं गाईइ, चेतन चिद आतम नुप हो।।आ०।।९३।।**

આ બધા વિકલ્પો વ્યવહારનયના છે. નિશ્ચયથી આત્મા અકલ છે, અરૂપી છે, અભિન્ન છે, સિદ્ધસ્વભાવનો છે, ચેતન છે. (૯૩)

**आठ आतमा उर धरे, सोतउ दर्व रूप उरु भाव हो।**
**दर्व रूप एक जानीइं, तीहां सातही भाव कहाव हो।।आ०।।९४।।**

આઠ પ્રકારના આત્મા છે. તેના બે પ્રકાર છે-દ્રવ્ય અને ભાવ. ત્યાં દ્રવ્યાત્મા એક પ્રકારનો છે. ભાવાત્મા સાત પ્રકારનો છે. (૯૪)

**योग कषाय ज्ञानस्युं, चउथउ दरसन भाव प्रधान हो।**
**चरित वीरज अति सोहनउ, अरु उपयोग भावसुं थान हो।।आ०।।९५।।**

યોગાત્મા, કષાયાત્મા, જ્ઞાનાત્મા, દર્શનાત્મા, ચારિત્રાત્મા, વીર્યાત્મા અને ઉપયોગાત્મા. (૯૫)

**आठ आतमा ए कहे, अयसि भेद भावस्युं अनंत हो।**
**ए सबहि ववहार भए, निहिश्चि आतम आपहि संत हो।।आ०।।९६।।**

આ આઠ આત્મા કહ્યા છે. ભાવમાં આવા અનંત ભેદ થાય છે. આ બધો વ્યવહારનય છે. નિશ્ચયથી આત્મા પોતે સત્સ્વરૂપ છે. (૯૬)

**दर्व रूप ए एक अहं, ज्ञान दरसनसुं ए दोहि हो।**
**अखय प्रदेससुं पाइए, अयसउ आतम हइं निरमोही हो।।आ।।९७।।**

દ્રવ્યરૂપે આત્મા એક છે. જ્ઞાન અને દર્શનરૂપે બે પ્રકારના છે. અક્ષય પ્રદેશમાં આત્મા નિર્મોહી છે. (૯૭)

**अखय अवट्ठि जानीइं, अयसउ दर्व रूप ठिक ठान हो।**
**अनेक हुओ अवने कहीहइं, आगइने कही परजइ कान्हान हो॥आ०॥९८॥**

આત્મા અક્ષય અને અવસ્થિત છે. આ આત્માનું દ્રવ્યસ્વરૂપ છે. આત્માનું અનેક સ્વરૂપ કહ્યું. હવે એક સ્વરૂપ કહીએ છીએ. એક સ્વરૂપમાં પર્યાય હોતા નથી. (૯૮)

**सपरजइं उरु परपरजइं, इउ जीव धरइं बहु भांति हो।**
**सकल दर्व इउ जानीइं, थिर उपजइं विनसइं खाति हो॥आ०॥९९॥**

જીવ અનેક પ્રકારના સ્વપર્યાય અને પરપર્યાય ધારણ કરે છે. એ જ રીતે દરેક દ્રવ્ય વિષે જાણવું. દરેક દ્રવ્ય ઉત્પન્ન થાય છે, સ્થિર રહે છે અને નાશ પામે છે. (૯૯)

**एक एकमि मिली रहे, इऊ बहु दर्वकी बान हो।**
**ए सबही ववहार नए, निहिश्चि आपही आप समान हो॥आ०॥१००॥**

આવી રીતે છ દ્રવ્યો એકમેકમાં મળીને રહે છે. આ બધાં દ્રવ્યના પ્રકાર વ્યવહારનયથી થાય છે. નિશ્ચયનયથી આત્મા સ્વસ્વરૂપ છે. (૧૦૦)

**प्रथम समइं कारन लीजइ, तहां दुतीय काज आरंभ हो।**
**धरम सकल इऊ ध्याइये, तहां कारन काज उवलंभ हो॥आ०॥१०१॥**

પ્રથમ સમયે કારણ હોય છે અને બીજા સમયે કાર્યનો પ્રારંભ થાય છે. આ રીતે દરેક ધર્મમાં સમજવું. ત્યાં કાર્ય-કારણભાવ દેખાય છે. (૧૦૧)

**प्रथम समयहे जानीइ, अयसइं दुतीय उपादे आनि हो।**
**उपादेय पिहे कीजइ, अयसइ मोक्ष परंपर मानि हो॥आ०॥१०२॥**

પ્રથમ સમયે ઉપાદાન હોય છે. બીજા સમયે ઉપાદેય હોય છે. પછી ઉપાદેય ઉપાદાન બને છે. આ રીતે મોક્ષની પરંપરા માની છે. (૧૦૨)

**ववहारु मिथ्यातसुं, अयसइ समकित द्रष्टी होय हो।**
**निहिश्चि समकित समकिती, तहां कारन कारज जोय हो॥आ०॥१०३॥**

વ્યવહારથી મિથ્યાત્વથી આ પ્રમાણે સમ્યગ્દષ્ટિ થાય છે. નિશ્ચયથી સમકિતી જ સમકિતી થાય છે. તેમાં કારણ અને કાર્ય જોવા મળે છે. (૧૦૩)

**सबही गुनठाना लगि, अयसइ निहिश्चि अरु ववहार हो।**
**दर्व भाव दोऊ लीजीइ, हेय ज्ञेय ऊपादे सार हो॥आ०॥१०४॥**

બધાં જ ગુણઠાણામાં આ નિશ્ચય અને વ્યવહાર હોય છે. આ પ્રમાણે દ્રવ્ય અને ભાવ એ બે જાણવાં. તેમાં હેય, જ્ઞેય અને ઉપાદેય હોય છે. (૧૦૪)

**आपसु भाव विना सबहि, ओर हेय कहे जिन धारि हो।**
**छहु दर्व इऊ जानीइ, तहां आप ऊपादे तारि हो॥आ०॥१०५॥**

પોતાના સ્વભાવ વિના અન્ય બધું જ હેય કહેવાય છે. એવું જિનવર કહે છે. આ પ્રમાણે છ દ્રવ્યમાં જાણવું. તેમાં આત્મા ઉપાદેય છે. (૧૦૫)

## (ढाळ-३)

## (देसी—द्रढरथराजा कुलि तिलो ए)

## (दूहा)

**तुमहि दयाल दया करो, दीजइ दरिसन देव।**
**परसतहि सुख ऊपजइ, भगत करइ नित सेव॥१॥**

હે પ્રભુ ! તમે દયાળુ છો. મારી ઉપર દયા કરીને મને દર્શન આપો. તમારા સ્પર્શથી સુખ ઉપજે છે. ભક્ત તમારી નિત્ય સેવા કરે છે. (૧)

**सेव करइ भगवंतकी, दर्व भाव हि सुयान।**
**दहन करइ अष्ट कर्म कउ, पावहि सुख निर्वाण॥२॥**

જે સુજ્ઞાની દ્રવ્ય અને ભાવથી ભગવાનની સેવા કરે છે. એ આઠ કર્મનું દહન કરીને મોક્ષ પ્રાપ્ત કરે છે. (૨)

**करम आठ संक्षेपसु, वाको पीछे कहो विचार।**
**ताकी परकित वखानीए, एकसत चोपन अरु चार हो॥आ०॥१०६॥**

સંક્ષેપથી આઠ કર્મો છે. તેમનો વિચાર પહેલા કહ્યો છે. તેમની પ્રકૃતિ ૧૫૮ છે. (૧૦૬)

**पांच परकित ज्ञानावरनीकी, ताहां मत सुत अवधि गान हो।**
**मनपरजे केवल लीजे, एसे आवरनसु ए कहान हो॥आ०॥१०७॥**

જ્ઞાનાવરણીયની પાંચ પ્રકૃતિ છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન. આના પાંચ આવરણ કહ્યાં છે. (૧૦૭)

**दरसनावरनी नव कही, तामे चक्खु अचक्खु जोए हो।**
**अवधि केवल मीली च्यार भइ, अरु निदरा पांच हे खोहे हो॥आ०॥१०८॥**

દર્શનાવરણીયની નવ પ્રકૃતિ છે. તેમાં ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવલદર્શન એ ચાર પ્રકૃતિ છે અને પાંચ નિદ્રા છે. (૧૦૮)

**निदरा एक परथम मुनी, दुजी निदरानिदरा जान हो।**
**तिजी परचला आनी ए, चोथी परचलापरचला मान हो॥आ०॥१०९॥**

**थीनद्धी एसे पांच ही, वाको बल हि कह्यो हे जोर हो।**
**वासदेव बल अध कीजे, मदमत ही साकल तोर हो॥आ०॥११०॥**

પહેલી નિદ્રા છે, બીજી નિદ્રાનિદ્રા છે, ત્રીજી પ્રચલા છે, ચોથી પ્રચલાપ્રચલા છે અને પાંચમી થીણદ્ધિ છે. તેનું બળ વાસુદેવના બળથી અડધું કહ્યું છે. તે મદમસ્ત હાથીની સાંકળ તોડી શકે છે. (૧૦૯,૧૧૦)

**अंतराय की पांच लही, तामी दान लाभ मील दोइ हो।**
**भोग अरु उपभोगसुं, एसे वीरज पांचमी जोइ हो॥आ०॥१११॥**

અંતરાયની પાંચ પ્રકૃતિ છે. દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય. (૧૧૧)

**अठाइस मोहनी सूनी, ताहां कोध मान माया लोभ हो।**
**एक एक के च्यार भये, मीली सोल भेद हे थोभ हो॥आ०॥११२॥**

મોહનીયકર્મની ૨૮ પ્રકૃતિ છે. તેમાં ક્રોધ, માન, માયા, લોભ. આ એક એક કષાયના ચાર ચાર ભેદ કહ્યાં છે. બધું મળીને સોળ ભેદ થાય છે. (૧૧૨)

**हास रति अरति कीजे, अरु सोग भए अभिधान हो।**
**छट्ठी दुगंछा ठानी ए, एसे वेदनी तीन ही वखान हो॥आ०॥११३॥**

**पुरुषवेद स्त्रीवेदसुं, और नाउं नपुंसक भाख्यो हो।**
**याको सूभाव मिटाइ ए, जीउं होवइ अति अजवारो हो॥आ०॥११४॥**

હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંછા અને ત્રણ વેદ પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ. તેનો સ્વભાવ દૂર કરીએ અને અજવાળું પામીએ. (૧૧૩,૧૧૪)

**चारीत मोहकी ऐ अ कही,अब दरसनकी ठीक ठानो हो।**
**समकित मोहनी मिश्रस्युं, तीजी मोह मीथ्यातअ यानो हो॥आ०॥११५॥**

આ ચારિત્રમોહનીયની પ્રકૃતિ કહી. હવે દર્શનમોહનીયની પ્રકૃતિ કહું છું. સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીય. આ ત્રણ જાણીએ. (૧૧૫)

**अइ अठाइस मोहकी, यासुं मोही रह्यो हे जीव हो।**
**जगत जालमे उरझी रह्यो, खोइ आतम सकत ही कीव हो॥आ०॥११७॥**

એ અટ્ઠાવીશ મોહનીયની પ્રકૃતિ છે. તેમાં જીવ મોહી રહ્યો છે અને મોહજાળમાં ફસાઇને આત્માની શકિત ખોઇ બેઠો છે. (૧૧૭)

**ए पचपन परकीत भइ, सब सात करमकी आनी हो।**
**नाम करमकी अब कहुं, तीन उतरसत चित जानी हो॥आ०॥११८॥**

આ રીતે સાત કર્મની મળીને ૫૫ પ્રકૃતિ થાય છે. હવે નામકર્મની ૧૦૩ પ્રકૃતિ કહું છું. (૧૧૮)

**गती चार इंदरी पाचो, तन पाच उपांग ही तीन हो।**
**पनरही बंधन मानी ए, त्यांहां पांच संघातन लीन हो॥आ०॥११९॥**
**छही संघेन सराहीए, अरु छही संसथान हो।**
**वरन गंध रस फाससुं, एसे सब मीली बीस कहान हो॥आ०॥१२०॥**
**आनपूरबी च्यारो बही, चार गतकी चार ठान हो।**
**विहगगति दोइं कीजीइं, सुभ असुभ हंस उट जान हो॥आ०॥१२१॥**
**चउदह पिंड परकीत भइं, ताके भेद पंचोतेर आने हो।**
**आठ ही परतक लीजीए, एसे तरस थावर बीस माने हो॥आ०॥१२२॥**

ગતિ-૪, જાતિ-૫, શરીર-૫, ઉપાંગ-૩, બંધન-૧૫, સં ઘાતન-૫, સંઘયણ-૬, સંસ્થાન-૬, વર્ણ, ગંધ, રસ, સ્પર્શના ૨૦, આનુપૂર્વી ૪ ચાર ગતિની હોય છે, બે વિહાયોગતિ. શુભગતિ હંસ જેવી, અશુભગતિ ઊંટ જેવી હોય છે. આ ૧૪ પિંડપ્રકૃતિ છે. તેના ૭૫ પ્રકાર છે. ૮ પ્રત્યેકપ્રકૃતિ છે. ત્રસ અને સ્થાવરની ૨૦ પ્રકૃતિ છે. (૧૧૯,૧૨૦,૧૨૧,૧૨૨)

**परथम परघात सीभालीए, दूजो सासउसास ही नाउं हो।**
**तीजो आतप जानीए, चोथो उदोत चंदर ठान(उ) हो॥आ०॥१२३॥**

**गुरु लघु पंचम कहीए, तित्थंकर छठो सार हो।**
**जाके करम विपाकसुं, छेदिया ते भवको पार हो॥आ०॥१२४॥**

પહેલી પરાઘાત પ્રકૃતિ છે, બીજી શ્વાસોચ્છ્વાસ, ત્રીજી આતપ, ચોથી ઉદ્યોત ચંદ્રમાં રહે છે, પાંચમી અગુરૂલઘુ , છટ્ઠી તીર્થંકર નામકર્મ, જેના વિપાકથી જીવ કર્મને છેદીને સંસારનો પાર પામે છે. (૧૨૩,૧૨૪)

**सतम नाउ निरमाणको, जाके उदे होत सुअंग हो।**
**ओर उपंग सोहावने, जाव नख शख नाक सीरंग हो॥आ०॥१२५॥**

સાતમી નિર્માણ નામકર્મ છે જેના ઉદયથી અંગ અને ઉપાંગ બને છે, નખથી શિખા સુધી નાકનકશો સારો બને છે. (૧૨૫)

**आपघात जाहा आपसु, सोइ उपघात नाउ वहायो हो।**
**परजीभी परमुख सही, अठम ए नाउ कहायो हो॥आ०॥१२६॥**

જેના દ્વારા પોતાનો જ ઘાત થાય તે ઉપઘાત નામકર્મ છે. અથવા તો બીજાની જીભે કે બીજાના મુખે પરાભવ થાય તે ઉપઘાત નામકર્મ છે. (૧૨૬)

**तस बायर परजाप तसु, अरु परगत नाउ धरानो हो।**
**थिर शुभ शुभग च तीन भये, एसे सुसर आदेज रानो हो॥आ०॥१२७॥**

**जस कीरति दस ही भलि, याते पुन्य परकीत ही भरानी हो।**
**ओर इतर दस जानीए, सो पाप परकीत ठेहेरानि हो॥आ०॥१२८॥**

ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સૌભાગ્ય, સુસ્વર, આદેય, યશ કીર્તિ. આ દશ પુણ્ય પ્રકૃતિ છે. તેને ત્રસદશક કહે છે. એનાથી વિપરીત દશ પાપ પ્રકૃતિ છે. (૧૨૭,૧૨૮)

**थावर सुहुम अपज लहे, अरु साधारनसु च्यार हो।**
**अथिर असुभ दुभग च सु, एसे दुसर अनादे असार हो॥आ०॥१२९॥**

**अजस अपकीरत दस ही, ताके दो दसके लये बीस हो।**
**नाम करम पूरन भयो, एसे अष्ट करमकी जगीस हो॥आ॥१३०॥**

સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દૌર્ભાગ્ય, દુસ્વર, અનાદેય, અયશ અપકીર્તિ. આ દશ સ્થાવરદશક છે. ત્રસ અને સ્થાવર બન્ને મળીને વીશ પ્રકૃતિ થાય છે. આ રીતે આઠ કર્મનું વર્ણન કહ્યું. (૧૨૯,૧૩૦)

**अनंत परमाणुसु मीली, एसी दरव करमकी जाल हो।**
**खेत करम अवगाढ रहो, जाहा जीव परदेस ही नाल हो॥आ०॥१३१॥**

અનંત પરમાણું મળીને દ્રવ્યકર્મ બને છે. જ્યાં જીવપ્રદેશ છે. ત્યાંથી કંઇક ઓછી અવગાહનામાં રહેલા કર્મો ક્ષેત્રકર્મ છે. (૧૩૧)

**काल अणु समे लीजीइ, निसदिन दीसछ ही भाल हो।**
**भाव वरन रस गंध मीलि, सब पांच पांच दोइ जाल हो॥आ०॥१३२॥**

**च्यार फास ताहां लेखीए, एसो दरव करमको रूप हो।**
**भाव करम चिद आतमा, एही दोउ मिले भवकूप हो॥आ०॥१३३॥**

કાલ, અણુ સમયરૂપ છે. તે દિવસ રાત સ્વરૂપ છે અને છ દિશા સ્પર્શે છે. ભાવકર્મ વર્ણ, રસ, ગંધ, સ્પર્શરૂપ છે. વર્ણના ૫, રસના ૫, ગંધના ૨, સ્પર્શના ૪ પ્રકાર છે. આ દ્રવ્યકર્મનું સ્વરૂપ છે.

ભાવકર્મ આત્માસ્વરૂપ છે. દ્રવ્ય અને ભાવકર્મ બંને મળીને સંસારમાં પડે છે. (૧૩૨,૧૩૩)

**बंध उदय उदीरना, ओर सत्ता कहीहे भार हो।**
**एही च्यारो नीवारीइ, जीउं पावे भवको पार हो॥आ०॥१३४॥**

બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા. આ ચાર પ્રકાર કહ્યા છે. એ ચારનું નિવારણ કરીએ. જેથી જીવ ભવનો પાર પામે. (૧૩૪)

**एकसतबीसको बंध कह्यो, ओर उदय उदीरना न्यारी हो।**
**एकसत उतर बाइसकी, एसी उदय उदीरना कारी हो॥आ०॥१३५॥**

૧૨૦ પ્રકૃતિનો બંધ કહ્યો છે. ઉદય અને ઉદીરણામાં જુદી હોય છે, ઉદય-ઉદીરણામાં ૧૨૨ પ્રકૃતિ હોય છે. (૧૩૫)

**एकसत अठावन ही मिली, एसी सत्ता कही सिद्धांत हो।**
**उदीक भाव भरी भेद भये, परिनामिक पुदगल सांत हो॥आ०॥१३६॥**

સિધ્ધાંતમાં સત્તામાં ૧૫૮ પ્રકૃતિ કહી છે. આ ઔદયિકભાવના ભેદ કહ્યાં છે. પારિણામિકભાવમાં પુદ્‌ગલ શાંત હોય છે. (૧૩૬)

**याको नमित पाइ आतमा, ताहां असुद्ध होइ परिनाम हो।**
**उपादान सो मानीइ, ऐसे कारज बंध विधान हो॥आ०॥१३७॥**

જેનું નિમિત્ત પામીને આત્માના પરિણામ અશુદ્ધ થાય છે, તે ઉપાદાન મનાય છે. આ રીતે કાર્ય બંધનું વિધાન છે. (૧૩૭)

**दरव भाव दोउ करमसुं, न्यारो गीने चिद भूप हो।**
**वाको अनुभव कीजीइं, जीउ परगटे आप सरूप हो॥आ०॥१३८॥**

કર્મ બે પ્રકારના છે. દ્રવ્યકર્મ અને ભાવકર્મ. બંનેથી જુદો આતમરામ છે. તેનો અનુભવ કરો. જેથી આત્મસ્વરૂપ પ્રગટે. (૧૩૮)

**पुदगल एक परावत ही, जाकु सेष रह्यो संसार हो।**
**सोइ सुकलपखी जानीइ, ओर उपर कीस्न असार हो॥आ०॥१३९॥**

જેનો એક પુદ્‌ગલ જેટલો સંસાર બાકી રહ્યો છે તે જીવ શુક્લપક્ષી છે. એક પુદ્‌ગલથી વધારે સંસારવાળો જીવ કૃષ્ણપક્ષી છે. (૧૩૯)[૧]

**बीजाध्या(धा)न कीरीआ कही, वाकी जोग समूचे मांहि हो।**
**ता कारन गुन लीजीए, ओर परकती भइ वीने जाहि हो॥आ०॥१४०॥**

ક્રિયા બીજાધાનરૂપ છે. તેનો યોગ સમગ્ર પુદ્‌ગલ પરાવર્તમાં થાય છે. તેથી કારણનો ગુણ મેળવો. (ચોથી લાઇનનો અર્થ સમજાતો નથી,). (૧૪૦)

**अलप कषाय दयालसु, कछु सील दानको लेस हो।**
**जिनवर वचनसुं जो मिले, ताहां कीजइ नाही किलेस हो॥आ०॥१४१॥**

જે અલ્પ કષાયી છે, દયાળુ છે, કંઇક દાન, કંઇક શીલ પાળે છે. ભગવાનના વચનથી અવિરોધી ગુણ જ્યાં મળતાં હોય ત્યાં ક્લેશ કરવો નહીં. (૧૪૧)

**पुदगल अधपरावत ही, जाहां सेष रहो हे पार हो।**
**ताहां समकितकी वासना, तासु कीजे मिथ्यात निवार हो॥आ०॥१४२॥**

અડધા પુદ્‌ગલપરાવર્ત જેટલો કાળ શેષ રહે તે થયા પછી સમકિતની વાસના પ્રગટે છે. ત્યારે મિથ્યાત્વનું નિવારણ થાય છે. (૧૪૨)

**उतकष्टी उतपत मुनि, अरु अंतर मुहुरत जोहे हो।**
**जगन काल ए लेखीइ, ओर मझम कालहि सोहे हो॥आ०॥१४३॥**

---

૧ ૧૩૯ થી ૧૪૨ સુધીની ચાર ગાથાનો ભાવાર્થ આ પ્રમાણે છે. બીજાધાનને ક્રિયા કહી છે. શુક્લ પાક્ષિક જીવને સમગ્ર પુદ્‌ગલપરાવર્તમાં તેનો યોગ થાય છે. તેથી બીજાધાનરૂપ ક્રિયાની પ્રાપ્તિના ગુણ મેળવો. દુઃખી જીવપર દયા, ગુણવાન પર અદ્વેષ અને બધે જ ઔચિત્યપૂર્ણ વ્યવહાર આ ત્રણ બીજાધાન પ્રાપ્તિના કારણરૂપ ગુણ છે. જેથી જીવ અલ્પ કષાય, દયા, શીલ, દાન વગેરે ગુણ પામે છે. અર્ધ પુદ્‌ગલ પરાવર્ત સંસાર શેષ રહે ત્યારે સમકિતની વાસના પ્રગટે છે.

આ ઉત્કૃષ્ટકાળ છે. જઘન્યકાળ અન્તર્મૂહૂર્તનો છે. બાકીનો મધ્યમકાળ છે. (૧૪૩)

**ताहां दरसन अतिउजलो, परगटे आप अनूप हो।**
**चिद विलास चेतन रहे, सब गुनगरिष्ट निज रूप हो॥आ०॥१४४॥**

તેમાં અનુપમ અને ઉજ્જ્વલ એવું સમ્યગ્દર્શન પ્રગટે છે. સમ્યક્ત્વની હાજરીમાં આત્મા પોતાના રૂપમાં ચેતનાના વિલાસમાં રહે છે અને ઘણાં ગુણ પામે છે. (૧૪૪)

**दरव खेत काल भाव भर्यो, एही च्यारु चेतन जुत हो।**
**दरवरूप आतम सही, परदेस खेत ही उत हो॥आ०॥१४५॥**

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ. આ ચારથી ચેતન યુક્ત હોય છે. દ્રવ્યથી આત્મા ચેતન છે. પ્રદેશથી ક્ષેત્ર ચેતન છે. (૧૪૫)

**कालरूप थिर समइ भयो, अरु भाव गीनही अनूप हो।**
**ए विकलप ववहार नए, निहिचि आतम अलखही रूप हो॥आ०॥१४६॥**

કાલથી સ્થિર સમયરૂપ છે અને ભાવથી અનુપમ છે. આ બધા વિકલ્પ વ્યવહારનયથી છે. નિશ્ચયનયથી આત્મા અલક્ષ્ય છે. (૧૪૬)

**दरवलोक खेतलोक भलो, अरु काल भाव मिली च्यार हो।**
**दरवलोक षट्दरव सूनी, अरु खेत लोकालोक उदार हो॥आ०॥१४७॥**

લોકના ચાર પ્રકાર છે. દ્રવ્યલોક, ક્ષેત્રલોક, કાળલોક અને ભાવલોક. દ્રવ્યલોક છ દ્રવ્ય છે. લોક અને અલોક ક્ષેત્રલોક છે. (૧૪૭)

**काल तिन ताहां आनीये, अतित अनागय दोइ हो।**
**वरतमान तीजो सोहीये, नीहिचे समही एक ही जोइ हो॥आ०॥१४८॥**

અતીત, અનાગત અને વર્તમાન એ ત્રણ પ્રકારના કાળ છે. નિશ્ચયથી એક સમયનો કાળ છે. (૧૪૮)

**भावलोक चोथो वन ही, ताके छही भएही भेद हो।**
**छहो दरवकु जानीये, एसे जाहा जेसो तेसो वेदे हो॥आ०॥१४९॥**

ચોથો ભાવલોક છે. તેના છ ભેદ છે. છએ દ્રવ્યના છ ભેદ હોય છે. તેમાં જે દ્રવ્યમાં જે ભેદ હોય તે તેમાં જાણવાં. (૧૪૯)

**उपसम खाइक दो लीजे, तीजो खयउपसमही नाम हो।**
**उदीकभाव चोथो कीजे, परिनामीक पांच ही ठाम हो॥आ०॥१५०॥**

ઉપશમભાવ, ક્ષાયિકભાવ, ક્ષયોપશમભાવ, ઔદયિકભાવ અને પારિણામિકભાવ. (૧૫૦)

**दुक तीक च्यार पांचही मीले, वाके संजोगसुं सनीपात हो।**
**छहो भाव परवानी ए, ताके उतर कहु सुन बात हो॥आ०॥१५१॥**

આ પાંચ ભાવના બે, ત્રણ, ચાર, પાંચના સંયોગથી છઠ્ઠો સાંન્નિપાતિકભાવ થાય છે. તેના ઉત્તરભેદ કહું છું. (૧૫૧)

**उपसम समकीत उपसमी, दुजो उपसम चारीत ठान हो।**
**उपसम भावे दोइ लही, एसे खाइक नवही मान हो॥आ०॥१५२॥**

ઉપશમસમ્યક્ત્વ અને ઉપશમચારિત્ર આ બે ઉપશમભાવના ભેદ છે. ક્ષાયિકભાવના નવ ભેદ છે. (૧૫૨)

**केवल गान दरसन दोइ, तीजो खाइक समकीत अपार हो।**
**यथाख्यातचारीत तूरीये, खइय अंतराय पाचही सार हो॥आ०॥१५३॥**

કેવલજ્ઞાન, કેવલદર્શન, ક્ષાયિકસમ્યક્ત્વ, યથાખ્યાતચારિત્ર અને પાંચ અંતરાયના ક્ષયથી મળતી પાંચ લબ્ધિ. (૧૫૩)

**खइउपसमकी अठार भइ, ताहां दस अयोगकी वाच हो।**
**च्यार ग्यान ती अग्यानसू, तीन दरसन ही की साच हो॥आ०॥१५४॥**

ક્ષયોપશમભાવના ૧૮ ભેદ છે. તેમાં ૧૦ ઉપયોગ છે, ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન અને દર્શન. (૧૫૪)

**खयउपसम अंतरायेकी, सोइ पाच गीनी हे पंच हो।**
**खयउपसम समकीत लीजे, देस सब विरतिकी संच हो॥आ०॥१५५॥**

અંતરાયકર્મના ક્ષયોપશમથી મળતી પાંચ લબ્ધિ, ક્ષયોપશમ સમકિત, દેશવિરતિ અને સર્વવિરતિ. (૧૫૫)

**उदीक भाव ईकीस नइ, अनाण असंजम असिद्ध हो।**
**छहो लेस कसएसुं, गइ च्यार च्यार वेद तीद्ध हो॥आ०॥१५६॥**

ઔદયિકભાવના ૨૧ ભેદ છે, અજ્ઞાન, અસંયમ, અસિદ્ધભાવ, ૭ લેશ્યા, ચાર ગતિ, ચાર કષાય, ત્રણ વેદ અને મિથ્યાત્વ. (૧૫૬)

**एक मिथ्यात बनाइए, एसे इकीस भेद जीनाए हो।**
**परिनामिकके तीन भजे, भव अभव जीव ही गीनाए हो॥आ०॥१५७॥**

પારિણામિકભાવના ત્રણ ભેદ છે. ભવ્ય, અભવ્ય અને જીવત્વ. (૧૫૭)

**मूल छ त्रेयत्यान उतर भए, एसे भेद कहे ववहार हो।**
**नीहिचे निरंजन आतमा, पीजे वचन सुधा गनधार हो॥आ०॥१५८॥**

૭ મૂળ ભાવ છે. તેના ઉત્તરભેદ ૫૩ છે. આ ભેદ વ્યવહારથી કહ્યા છે. નિશ્ચયથી આત્મા નિરંજન છે. આવી ગણધરની અમૃતવાણી પીવો. (૧૫૮)

**वीतराग वीनती कीजे,मूज दीजे अविचल वास हो।**
**सकल मुनीसर गाइए, जीउ तूठे श्रीजिन पास हो॥आ०॥१५९॥**

વીતરાગને વિનંતિ કરો કે મને અવિચલ વાસ આપો.બધા જ મુનીશ્વરોના ગુણ ગાવો જેથી પાર્શ્વનાથ ભગવાન પ્રસન્ન થાય.(૧૫૯)

**(इति गीत)**

**॥द्रव्यानुयोगगर्भित पार्श्वजिन गीत॥**

## (२)

## ॥आतमदर्शनप्रार्थना पद॥

### (राग जयजयवंती)

**चेतन दीदार दीजे, जाहिछै विभाव छीजे।**
**चेतना अमृत भीजे, समरस भरी पीजे॥१॥**

ચેતન! મને દર્શન આપ.જેનાથી વિભાવનો ક્ષય થાય. ચેતનના અમૃતથી હું ભીંજાઉં. સમતાનો રસ હું ભરીને પી શકું.(૧)

**मन वच काये थीजइ, ताहीसु अतीत कीजइ।**
**अलख निरंजन रीजे, सकल कामीत लीजे॥२॥**

અર્થ મન-વચન-કાયાથી સ્થિર થાઉં. તેનાથી પર થાઉં. અલખ નિરંજન બની રહું. બધી ઇચ્છા પુરી કરું.(૨)

**तुम मेरे नाथ थइजे, यइसो कहु नाहि दुजे।**
**मिरो मन तुम्हही जे, तुम्हही परस कीजे॥३॥**

અર્થ ચેતન! તું મારો નાથ છે. તારા જેવો બીજો કોઇ નથી. મારા મનમાં તું જ છે. તને પ્રત્યક્ષ કરવા ઇચ્છુ છું.(૩)

**जरीत जरा वजिजे, सोहेमनि सेतमीजे।**
**सबहीमि सब नीजे, आपे ज्ञाता आप सीजे॥४॥**

અર્થ જન્મ-જરાનું વમન કરું. સોહમનું સ્મરણ કરું. બધામાં બધાનું જ્ઞાન કરું. આત્માથી આત્માનું જ્ઞાન કરું.(૪)

(३)

## ॥ममतानिवारण उपदेशक पद॥

### (राग जयजयवंती)

**चेतन पड्यो जंजाल, राग रोस मोह जाल।**
**करइं निसि दिन आल,बंधइ इऊं करम नाल॥चे०॥१॥**

અર્થ ચેતન! તુ જંજાળમાં પડ્યો છે. રાગ-દ્વેષ અને મોહની જાળમાં ફસાઇને રાત-દિવસ આળ-પંપાળ કરે છે. આમ કરીને તું કર્મના આશ્રવ માટે નાળ બાન્ધે છે.(૧)

**मेरो मेरो मेरो करइं, ज्ञानको न लेस धरइं।**
**जनम मरण करइ, भव भय भावरि भरइ॥चे०॥२॥**

અર્થ મારુ મારુ મારુ કરે છે. જ્ઞાનનો લેશ ધારણ કરતો નથી. જન્મ-મરણ કરે છે અને સંસારભયના ભારથી ભરાય છે.(૨)

**परसुं वय मानइ आप, आपसुं न करइ जाप।**
**सहइं सउ बहुत ताप, सुचि वचन उथाप॥चे०॥३॥**

અર્થ બીજાને પોતાના માને છે. પોતાના જાપ કરતો નથી. પોતે ઘણા સંતાપ સહન કરે છે. પવિત્ર વચનનું ઉત્થાપન કરે છે.(૩)

**ज्ञान भान भयो प्रकाश, गयो रिपु अज्ञान नाश।**
**मोहतिमिर भयो भास, पायो सुख थिर वास॥चे०॥४॥**

અર્થ જ્ઞાનરૂપી સૂર્યનો પ્રવેશ થયો. અજ્ઞાનરૂપી શત્રુનો નાશ થયો. મોહરૂપી અંધકાર દૂર થયો અને પ્રકાશ થયો અને સ્થિર સુખ પ્રાપ્ત થયું.(૪)

## (४)

## ॥उपदेशक पद॥

**ज्ञानि ज्ञान भाव धरइ, अज्ञानी अज्ञान जरइ।**
**पुग्गल करम हरइ, नाना भांति अनुसरइ॥ज्ञा०॥१॥**

જ્ઞાની જ્ઞાનના ભાવ ધારણ કરે છે. અજ્ઞાની અજ્ઞાનમાં જ રહે છે. જ્ઞાની કર્મ પુદ્ગલોને હરે. અજ્ઞાની અનેક પ્રકારે કર્મને અનુસરે છે.(૧)

**विषय कषाये भर्यो, लोगनसुं जाये लर्यो।**
**मान मद गज चर्यो, भव भये समुद पर्यो॥ज्ञा०॥२॥**

વિષય અને કષાયથી ભરેલો, લોકસંજ્ઞાથી લેપાયેલો, માન અને મદરૂપી હાથી પર ચઢી સંસારરૂપી સમુદ્રમાં પડ્યો.(૨)

**जिनको न धरे ध्यान, लोककी करइ कहान।**
**ठानि नाहि नेक सान, फिरयइ जयसिं हयवान॥ज्ञा०॥३॥**

જે જીવ જિનનું ધ્યાન કરતો નથી, લોકની કથા કર્યા કરે છે. એક સ્થાનમાં રહેતો નથી, ઘોડાની જેમ ચારે બાજુ ફર્યા કરે છે.(૩)

**यान्यो भेदाभेद ज्ञान, आयो तहां परम थान।**
**करम कलंक हान, पायो सुख निरवान॥ज्ञा०॥४॥**

ભેદાભેદનું જ્ઞાન થયું તેથી પરમ સ્થાન પ્રાપ્ત કર્યું. જ્યાં કર્મ રૂપી કલંક નથી એવું નિર્વાણ સુખ પ્રાપ્ત કરે છે.(૪)

## (૫)

## ॥उपदेशक पद॥

### (राग जयजयवंती)

**चेतन दरव एक, गुन परजय अनेक।**
**एक न अनेक कहुं, कह्यो न पर तुंहइं॥चे०॥१॥**

આ પદમાં આત્મા અને જડ દ્રવ્યોનો અનેક રીતે ભેદ બતાવવામાં આવ્યો છે. ચેતન એક દ્રવ્ય છે, ગુણ અને પર્યાય અનેક છે. એકને અનેક ન કહેવાય. કેમ કે તું આત્મા પર જુદો નથી.(૧)

**करता अकरता हयइ, भोगता अभोगता हयइ।**
**जीवइ ही न जीवइ, अहुमूए न मर तुहइ॥चे०॥२॥**

આત્મા કર્તા છે, પુદ્‌ગલ અકર્તા છે. આત્મા ભોક્તા છે, પુદ્‌ગલ અભોક્તા છે. આત્મા ચેતન છે, પુદ્‌ગલ જડ છે. આત્મા અવિનાશી છે, પુદ્‌ગલ વિનાશિ છે.(૨)

**हय सरूप हय कहीइ, नाहीसु नाही लहीइ।**
**रूपसुं रूपी अहीइ, सुद्धसुं अरूपी महीइ॥चे०॥३॥**

જે છે તેને છે કહેવું જોઇએ, નથી તેને નથી કહેવું જોઇએ. રૂપીને રૂપી કહેવું જોઇએ, અરૂપીને અરૂપી કહેવું જોઇએ.(૩)

**बोलइ न बोलइ यानउ, सामन विसेष मानाउ।**
**निहिश्चि ववहार आनउ, भेदाभद गुनठानउ॥चे०॥४॥**

અભિલાપ્ય અને અનભિલાપ્ય બે પ્રકારના પદાર્થ છે. અભિલાપ્યને અભિલાપ્ય રૂપે જાણવા જોઇએ. અનભિલાપ્યને અનભિલાપ્યની જેમ જાણવા જોઇએ. આ રીતે સામાન્ય રીતે નિશ્ચય-વ્યવહાર, ભેદ અને અભેદ ગુણસ્થાનકે જાણવા જોઇએ.(૪)

**ज्ञायक सुभाव धरइ, करमकी उपाध न रइं।**
**लोकही परदेस भरइ, लोकालोक ज्ञान सरइ॥चे०॥५॥**

આત્મા જ્ઞાનસ્વભાવ ધારણ કરે છે. કર્મ રૂપી ઉપાધિથી પર છે. તેના લોકાકાશ પ્રમાણ પ્રદેશથી તે લોકાલોકનું જ્ઞાન કરી શકે.(૫)

**क्रिया ज्ञान दोउ मिलइ, तबही विभाव टलइ।**
**आतम सकत फलइ, मुगति रतनी मिलइ॥चे०॥६॥**

ક્રિયા અને જ્ઞાન આ બન્ને જ્યારે મળે છે ત્યારે વિભાવ ટળે છે. આત્માની શક્તિ ફળે છે, મુક્તિ રમણી મળે છે.(૬)

**॥इति गीतं॥**

## (६)

## ॥उपदेशक पद॥

**मेरा आतम इयार, तेरे दरस पर वार।**
**ज्ञान दरसन चरन तीगुन, आतम मन वचन काय निवार॥मे०॥१॥**

મારો આત્મા મારો મિત્ર છે. તારા દર્શન પર હું વારી જાઉં છું. જ્ઞાન, દર્શન અને ચારિત્ર આ ત્રણ આત્માના ગુણ છે. મન વચન અને કાયાને નિવારો.(૧)

**विषइ कषाइ परवस मलिन भयो, पड्यो गति जोनी अपार।**
**आपसुभावो आप ही ध्यावे, तब पावे भवपार॥मे०॥२॥**

વિષય અને કષાયની પરવશતાના કારણે મલિન થયો. અનેક યોનિ અને ગતિમાં ફર્યો. પોતાના સ્વભાવથી પોતાનું ધ્યાન કરે તો ભવનો પાર પમાય.(૨)

## (७)

## ॥उपदेशक गीत॥

### (राग पूरवी)

**चेतन अनादि उलटइ रह्यो, भवमि,**
**तन मन धन सजन परिवारा, नेक न दूर हट्यो॥चे०॥१॥**

હે ચેતન! અનાદિ કાળથી ઉત્સાહપૂર્વક સંસારમાં રહ્યો. તન, મન, ધન, સ્વજન, પરિવાર આમાંથી એકથી દૂર ન રહ્યો.(૧)

**भ्रमसुं भूल अपनपो खोयो, जाइ निगोद अर्यो।**
**सुमरन जाप भजन भगवंतको, मोह पिशाच जर्यो॥चे०॥२॥**

ભ્રમને કારણે ભૂલા પડીને આપણાપણું ગુમાવ્યું. નિગોદમાં જઇને રહ્યો. ભગવાનનું સ્મરણ, ભગવાનનો જાપ, ભગવાનનું ભજન કરવાથી મોહ રૂપી પિશાચ જતો રહ્યો.(૨)

## (८)

## चिंतामणिपार्श्वजिन पद

## (दासभाव गर्भित)

### (राग जयजयवंती)

**अजब मूरत बनी, चिंतामनि पासकी।**
**जिनवर को महिमा सुनी, सुर करइ आसकी॥१॥**

ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનની મૂર્તી અજબની છે. જિનવર ના દર્શન કરીને દેવો પણ તેમની આશા કરે છે (૧)

**दीनकुं दीदार दीजइ, सबही संकट छीजइ।**
**जिन गुणगान कीजइ, मुगतिरमणी लिजइ॥२॥**

મુજ દિલમાં તમારાં દર્શન આપો. તેનાંથી બધાં સંકટો નાશ પામે છે. ભગવાનનાં ગુણગાન કરો અને મુક્તિરમણીને પામો. (૨)

**तुमहि दयाल दयाकरु, दिजई दरिसन देव।**
**परसतहि सुख उपजइ, भगत करइ नित सेव॥३॥**

તમે દયાળુ છો. દયા કરીને દર્શન આપો. તમને સ્પર્શતાં જ સુખ ઉપજે છે. હંમેશા તમારી ભક્તિ કરું છું (૩)

## (९)

## ॥पार्श्वजिन गीत॥

### (नाभिराया के वारि चांपो मोरि रह्यो री ए ढाल)

**सिद्ध नमुं कर जोरी, पास नमुं हित कारी।**
**जिस सेवइं सुरविंद नर नारी, बहु प्यारी॥१॥**

હાથ જોડીને સિદ્ધને નમસ્કાર કરું છું. પાર્શ્વનાથ ભગવાન તમને નમસ્કાર કરું છું. જેની દેવો, નરનારીઓ ઘણી ભક્તિથી સેવા કરે છે (૧)

**सुतदेवी सुपसाई कीजइ, मत निरमल री।**
**मया करइ मुज माय, दीजे वचन अखल री॥२॥**

શ્રુતદેવી કૃપા કરો. મારી મતિ નિર્મલ કરો. મારી ઉપર કૃપા કરીને અસ્ખલિત વચન આપો.(૨)

**लोकालोक सरूप कछु एक, कहुअ विचारी री।**
**तामइं जीव अजीव, जिनवर वचनसुं धारी॥३॥**

હું લોક અને અલોકનાં સ્વરૂપનો કંઇક વિચાર કરું છું. તેમાં ભગવાનનાં વચનથી જીવ અને અજીવ દ્રવ્ય જણાય છે (૩)

**पंच अजीव वखान, एक ही जीव सुचारी।**
**पंच अरूपी होइ, पुद्गल रूपी न चारी॥४॥**

પાંચ દ્રવ્ય અજીવ છે. (ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય,કાળ) પાંચ દ્રવ્ય અરૂપી છે. (જીવાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશઆસ્તિકાય, કાળ) પુદ્ગલ રૂપી છે (૪)

**तीन द्रव्य ताहां एक, तीन अनंत कहे री।**
**तामी चेतन एक, पंच अचेत लहे री॥५॥**

ત્રણ દ્રવ્ય એક છે (ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ-આસ્તિકાય) ત્રણ દ્રવ્ય અંનત છે. (જીવાસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય) એક દ્રવ્ય ચેતન છે. (જીવાસ્તિકાય) પાંચ દ્રવ્ય અચેતન છે. (જીવાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય (૫)

**च्यार अकरता होइ, दो अकरतार ठहे री।**
**सबही लोक सरूप, एक अलोक नहे री॥६॥**

ચાર દ્રવ્ય અકર્તા છે. (ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ,) બે કર્તા છે. (જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય) આકાશને છોડીને બધાં જ દ્રવ્યો લોકરૂપ છે. આકાશ અલોક પણ છે. (૬)

**चलन हेतु धरम होइ, थिर हि अधरम लही री।**
**पुग्गल जीउ उवकास, एक अकास सही री॥७॥**

જીવ અને પુદ્ગલની ચલનક્રિયામાં હેતુ ધર્માસ્તિકાય છે અને સ્થિરતાનો હેતુ અધર્માસ્તિકાય છે. પુદ્ગલ અને જીવ અનેક છે. આકાશ એક છે. (૭)

**काल ही वरतन हेत, नवही पुरान सरे री।**
**नीहीचे उर ववहार, दोइ सरूप धरे री॥८॥**

કાલ વર્તનાનો હેતુ છે. નવું જૂનું થાય છે. તે વર્તના છે. તેના નિશ્ચય અને વ્યવહાર બે સ્વરૂપ છે. (૮)

**घटि बढे छीनमाहि, चय उपचेइ लहे री।**
**पुग्गल एइ विभाव, आपे आप थहे री॥९॥**

એક ક્ષણમાં વધે છે. એક ક્ષણમાં ઘટે છે. એક ક્ષણમાં ભરાય છે. એક ક્ષણમાં ખાલી થાય છે. આ રીતે પુદ્ગલના વિભાવ પોતાની મેળે થાય છે. (૯)

**पंच वरन दोइ गंध, पंचही रसही भरे री।**
**आठ फरस सब होइ, सब मीली वीस करे री॥१०॥**

પુદ્‌ગલનાં પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શ હોય છે. બધું મળીને એકવીશ ભેદ થાય છે. (૧૦)

**पुदगल लछन एह, लोक अनंत भर्यो री।**
**तामि जीव अनंत, उरझ अनादि रह्यो री॥११॥**

આ પ્રકારના અનંત પુદ્‌ગલોથી આખો લોક ભરેલો છે. તેમાં અનંતા જીવ અનાદિકાળથી રઝળી રહ્યાં છે. (૧૧)

**खीर नीर जीउं दोइ, पुदगल जीव मीलो री।**
**लोह अगम जीउं एक, अपनपो खोइ भेलो री॥१२॥**

જે રીતે દૂધ અને પાણી એકમેકમાં મળી જાય છે તેમ પુદ્‌ગલ અને જીવ એકમેકમાં ભળેલા છે. જે રીતે લોઢું અને અગ્નિ એક થાય છે ત્યારે પોતાપણું ખોઇ બેસે છે (તેમ જીવ અને પુદ્‌ગલ પોતાપણું ખોઇ બેસે છે.) (૧૨)

**वीखे(षे)हि सुख न बो(छो)राय, हेत परमाद मच्यो री।**
**करम बंध ताहां होइ, निविड मिथ्यात खच्यो री॥१३॥**

પ્રમાદમાં મચી રહ્યો છે તે કારણે વિષયનું સુખ છૂટતું નથી.

પ્રમાદમાં મચ્યો રહે છે ત્યારે કર્મબંધ થાય છે. ગાઢ મિથ્યાત્વમાં ખૂંપેલો રહે છે. (૧૩)

**सात करमको बंध, निसदिन समेही नरे री।**
**आउं बंधत आठ, ईउं हि संसार पिले री॥१४॥**

સાત કર્મનો બંધ જીવ સમયે સમયે રાતદિવસ કરે છે અને આયુષ્યમાં એકવાર આયુષ્યકર્મનો બંધ કરે છે. આમ સંસારમાં જીવ પીલાયા કરે છે. (૧૪)

**लाख चोउरासी जोन, गति ज मनुष्य वीनारी।**
**वरस संखको अउ, करमही भोम सूनारी॥१५॥**

**सोपर जापत जान, संगनी नाउ धरेरी।**
**सात आठ ठही एक, उनकुं बंध करेरी॥१६॥**

ચોરાશી લાખ યોનિમાં ગર્ભજ મનુષ્ય વિના સંખ્યાતવર્ષના આયુષ્યવાળા જીવો કર્મના ભોગ અનુસાર પર્યાપ્ત અને સંજ્ઞિ નામ ધરાવે છે. (૧૫,૧૬)

**परथम आद लही तेर, गुणठाणा ही फलेरी।**
**ताहाइ नही को बंध, उपर अबंध भलेरी॥१७॥**

એકથી લઇ તેર ગુણસ્થાનક સુધી કર્મનો બંધ થાય છે. ત્યાર પછી કર્મનો બંધ હોતો નથી. (૧૭)

**भाव दरव दोउ करम, चेत अचेत मुनेरी।**
**भाव करम चिद रूप, पुदगल दरव सूनेरी॥१८॥**

કર્મ બે પ્રકારના છે. એક દ્રવ્યકર્મ અને બીજું ભાવકર્મ. તેમાં ભાવકર્મ ચેતન છે અને દ્રવ્યકર્મ અચેતન છે. ભાવકર્મ ચિદ્રૂપ છે અને દ્રવ્યકર્મ પુદ્ગલરૂપ છે. (૧૮)

**रागद्वेष परिणाम, जीव अनादि धरेरी।**
**करम जालको खेल, तीनही विभाव भरेरी॥१९॥**

જીવ અનાદિકાળથી રાગ-દ્વેષના પરિણામ ધારણ કરે છે. કર્મના જાળની રમતથી વિભાવ ભરે છે. (૧૯)

**आयो निकट संसार, कछु एक सुरत सरिरी।**
**तब काहा जाने सोइ, ए मोहें विपत परीरी॥२०॥**

કેટલાક જીવો સંસાર પૂરો થતાં આવતા એવું જાણે છે કે મોહની વિપત્તિ આવી છે. (૨૦)

**धन परिजन परिवार, मोंसू न्यारे चलेरी।**
**हुंइ नहीसु ओर, आपही आप मलेरी॥२१॥**

ધન, મિત્ર, સ્વજન, પરિવાર મને મૂકીને ચાલી જાય છે. હું એ નથી હું એમનાથી જુદો છું. હું આત્મા છું. (૨૧)

**फिर वासुं लपटाइ, अपनपो खोइ रह्योरी।**
**परसुं माने आप, मोह जंजाल पर्योरी॥२२॥**

ફરીથી તેમનામાં લપટાઇને આત્મા સત્ત્વ ખોઇ બેસે છે. બીજાને આત્મા માને છે. મોહની જંજાળમાં પડ્યો છે. (૨૨)

**जीउ नर खाइ धतूर, सबही कनक खटेरी।**
**तीउ जडचेतन जान, नेक विखेभ हटेरी॥२३॥**

જેમ કોઇ માણસ ધતૂરાના ફૂલ ખાય તેને બધી જ વસ્તુ સોનું દેખાય છે. તેવી રીતે જીવ જડને ચેતન માને છે. કોઇપણ રીતે આ વિક્ષેપ હટતો નથી. (૨૩)

**जीउ कपि शीत मरंत, गुंजा आन तपेरी।**
**मूरख तीउ हि करंत, नाटक भरम टपेरी॥२४॥**

જે રીતે ઠંડીમાં થરથરતો વાંદરો ચણોઠીના ફૂલને અંગારા માની તેની ઉપર તેનો તાપ લે તેની જેમ મૂર્ખ જીવ ભ્રમથી સ્થાપેલું નાટક કરે છે. (૨૪)

**मृग तृष्णा जीउ देखि, मृग धोखे धावइ री।**
**तीउ वीखे लंपट लोक, नृप तन छीन पावइरी॥२५॥**

જે રીતે મૃગજળને જોઇને હરણ રેતીમાં દોડે છે તેમ અનેક વિષયમાં લંપટ એવો લોક તૃપ્તિ પામતો નથી. (૨૫)

**जीउ कोउ बाल अजान, रतन भोलाय लयोरी।**
**पंच वीखे सुख हेत,मूरख डहकि दयोरी॥२६॥**

જે રીતે કોઇ અજ્ઞાન બાળક રત્નને પથ્થર માને તેમ મૂર્ખ જીવ પાંચ વિષયમાં સુખ માનીને ભટકે છે. (૨૬)

**पांचु इंद्रि लोभाय, परवस पांच वरेरी।**
**संकट सहइ अपार, जनममरन करेरी॥२७॥**

પાંચ ઇંદ્રિયમાં લોભાઇને જીવ પાંચ વિષયને પરવશ બને છે. તેથી અપાર સંકટ સહે છે. જન્મ મરણ કરે છે. (૨૭)

**सहज सुभाव मीटाइ, नाउं अनेक भज्योरी।**
**पर सरूपसु राची, कबहुं न नेक तज्योरी॥२८॥**

પોતાના સ્વાભાવિક સ્વભાવને ભૂલીને અનેક સ્વભાવને ભજે છે. પરસ્વરૂપમાં આનંદ માનીને ક્યારે પણ તે એકને પણ છોડતો નથી. (૨૮)

**भेद ज्ञान जब होइ, आपा पर हि चिनेरी।**
**दरव करम अरु भाव, दोसुं न्यारो गिरेरी॥२९॥**

જ્યારે ભેદજ્ઞાન થાય છે ત્યારે પોતાનો અને પરનો ભેદ કરે છે. દ્રવ્ય અને ભાવકર્મ બંનેને અલગ ગણે છે. (૨૯)

**खेले आप सरूप, रेले करम अरीरी।**
**ज्ञान ध्यान चमूजोर, छाजइ कीरीआ खरीरी॥३०॥**

પછી તે આત્મસ્વરૂપમાં રહે છે. જ્ઞાન અને ધ્યાનના સૈન્યથી કર્મશત્રુને હરાવે છે. અંતે સાચી ક્રિયાથી શોભે છે. (૩૦)

**नय निखेप परमान, सप्तभंगीसुं सजीरी।**
**थीरविनसे उपजेहि, पंच समवाय भजीरी॥३१॥**

**दरव खेत अरु काल, भाव भलोही मुनीरी।**
**हेय उपादेय ज्ञेय, ताको विचार सुनीरी॥३२॥**

**वचनसोल ताहा आन, भाषा बयाली मिलीरी।**
**अनुजोग च्यार प्रकार, वचन जिन सबहि किलीरी॥३३॥**

ભગવાનના વચન નય, નિક્ષેપ, પ્રમાણ, સપ્તભંગીથી સજ્જ છે. ઉત્પત્તિ,સ્થિતિ અને લયરૂપ છે. પાંચ કારણ સમવાય રૂપ છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ રૂપ છે. હેય, ઉપાદેય અને જ્ઞેય રૂપ છે. આ બધાનો વિચાર સાંભળી તેમાં વચનનું મૂલ્ય ઉમેરી, તેમાં ભાષા મેળવીને ચાર પ્રકારના અનુયોગથી બધાં જિનવચનને ભેળવીને(ઓળખે). (૩૧ ૩૨ ૩૩)

**गुन परजय अरु दरव, भेदाभेद भरीरी।**
**विशेष अरु सामान्य, गुन अरु गुनी असरीरी॥३४॥**

ભગવાનના વચન ગુણ, પર્યાય અને દ્રવ્ય દર્શાવે છે. ભેદ અને અભેદ, વિશેષ અને સામાન્ય, ગુણ અને ગુણીને આશ્રયીને પ્રવર્તે છે. (૩૪)

**धरमी धरम विशेष, लिंगी लिंग अरीरी।**
**ज्ञायक ज्ञेय सुभाव, ध्याता ध्येय जरीरी॥३५॥**

**ग्राहक भाव अरु ग्राह्य, आधाराधेय भलीरी।**
**सुभ असुभ अरु सुद्ध, तीन परिनाम भिलीरी॥३६॥**

ધર્મી-ધર્મ,લિંગી-લિંગ જ્ઞાયક-જ્ઞેયસ્વભાવ, ધ્યાતા-ધ્યાન, આધાર-આધેય આ દ્વન્દ્વ જિનવચનમાં બતાવેલા છે. શુભ, અશુભ, શુદ્ધ આ ત્રણ પરિણામ દર્શાવ્યા છે. (૩૫ ૩૬)

**कारण कारज दोइ. निमित उपादान हेरी।**
**तादाद अरु समबंध, व्यापक व्याप्य कहेरी॥३७॥**

**ऐ सबही ववहार, नीहीचे अभेद करेंरी।**
**संकलपविकलप त्याग, सिद्ध सरूप धरेंरी॥३८॥**

કારણ અને કાર્ય, નિમિત્તકારણ અને ઉપાદાનકારણ, તાદાત્મ્ય અને સંબંધ, વ્યાપ્ય અને વ્યાપક આ બધા ભાવો વ્યવહારનયથી છે. સંકલ્પ અને વિકલ્પનો ત્યાગ કરીને શુદ્ધ સ્વરૂપ ધારણ કરે છે. (૩૭ ૩૮)

**जिउ पावइ निरवान, मुगत सुजाइ अरेरी।**
**लोक अग्र रहे एष, बोहर न उलट परेरी॥३९॥**

ત્યાર પછી જીવ નિર્વાણ પામે છે. લોકના અગ્રભાગમાં મુક્તિમાં જાય છે. ત્યાંથી પાછો આવતો નથી. (૩૯)

**ताहा थीर सुद्ध सुभाव, अचल निवास ठह्योरी।**
**लोकालोक सरूप, सबही जान रह्योरी॥४०॥**

ત્યાં સ્થિર અને શુદ્ધ સ્વભાવ હોય છે. તેનો અચલ નિવાસ હોય છે. સંપૂર્ણ લોકાલોકનું સ્વરૂપ જાણે છે. (૪૦)

**निर्मल दर्शन ज्ञान, सिद्ध सुभाव तरेरी।**
**असंख हे परदेश, लोकाकास खरेरी॥४१॥**

નિર્મલ દર્શન અને નિર્મલ જ્ઞાનરૂપ સ્વભાવ ધારણ કરે છે. તેના લોકાકાશ જેટલાં અસંખ્ય પ્રદેશ છે. (૪૧)

**मुगत समे जे देह, कछुए कही न भइरी।**
**तीजे भागे हीन, घन अवगाह लइरी॥४२॥**

મુક્તિના સમયે જીવનું જેટલું શરીર હોય છે તેના ત્રીજા ભાગથી કંઈક ન્યૂન એવી આત્માની ઘન અવગાહના મોક્ષમાં હોય છે. (૪૨)

**एक सिद्ध ताहा अनंत, यइसो खेत भरीरी।**
**जोअन पेतालीस लाख, सिद्धसिलानी रीहीरी॥४३॥**

જ્યાં એક સિદ્ધ છે ત્યાં અનંતા સિદ્ધ છે. આ રીતે પિસ્તાલીસ લાખ યોજન પ્રમાણ આખી સિદ્ધશિલા અનંતા સિદ્ધોથી ભરી છે. (૪૩)

**उज्जल वरन निसेस, उपर एक जोअनरी।**
**ता उपर एको कोस, ताके छ भाग मोअनरी॥४४॥**

**ताके छट्ठे भाग, उपर सिद्ध रहेरी।**
**वाको कीजे जाप, करम रजता पहरेरी॥४५॥**

તેનો ઉજ્જ્વલ વર્ણ છે. તેની ઉપર એક યોજન, તે ઉપર એક કોશ, તેનો છટ્ઠો ભાગ મૂકીને છટ્ઠા ભાગમાં સિદ્ધો રહે છે. તેમનો જાપ કરો. એ કર્મરૂપી રજ અને તેનો તાપ હરે છે. (૪૪-૪૫)

**अति इंद्री सुख जान, मुगती रमनीसु वरेरी।**
**पावे परमानंद, सकल सिद्ध इष्टी जूरेरी॥४६॥**

સિદ્ધોનું સુખ અતીંદ્રિય હોય છે,આવા અતીંદ્રિય સુખવાળા મુક્તિરમણીને વરે છે, પરમાનંદને પ્રાપ્ત કરે છે, સકલ સિદ્ધિને મેળવે છે. (૪૬)

**॥इति श्री द्रव्यपर्यायविचारः समाप्तः॥**

**આ રીતે દ્રવ્યવિચાર સમાપ્ત થયો.**

## (१०)

## ॥चिंतामणि पार्श्वजिनगीत॥

### (राग काफी)

**चिंतामनि सामि, साचा साहिब मेरा।**
**शोक हरइ त्रिहुं लोकको, उठि लिजत नाम सवेरा॥चिं०॥१॥**

ચિંતામણિ સ્વામિ મારા સાચા સાહિબ છે. ત્રણે લોકના શોક હરે છે. સવારે ઉઠીને તેમનું નામ લઇએ. (૧)

**सूर समान उद्योत हइ, जगि तेज प्रताप घनेरा।**
**देखत मूरति भावसुं, मिटि जात मिथ्यात अंधेरा॥चिं०॥२॥**

તેમનો પ્રકાશ સૂર્ય જેવો છે. તેમનો તેજપ્રતાપ ઘણો છે. ભાવથી તેમની મૂર્તિ જોતાં મિથ્યાત્વ રૂપી અંધારું દૂર થાય છે. (૨)

**दीनदयाल निवारीइ, दुख संकट जोनि बसेरा।**
**मोहि अभय पद दीजिइ, फिर होइ नही भवफेरा॥चिं०॥३॥**

હે દીનદયાળ! મારા દુઃખ અને સંકટ નિવારો. યોનિવાસ દૂર કરો. મને અભયપદ આપો. પછી સંસારના ફેરા નહીં થાય. (૩)

**बिंब बिराजित आगरइ, थिर थान थाप्यो सुभ बेरा।**
**ध्यान धरइ विनती करइ, बनारसि बंदा तेरा॥चिं०॥४॥**

આગ્રામાં આપનું બિંબ બિરાજે છે. શુભવેલામાં તેમની પ્રતિષ્ઠા થઇ છે. તારો સેવક બનારસીદાસ ધ્યાન ધરે છે અને ભક્તિ કરે છે. (૪)

**॥इति गीतम्॥**

**આ પ્રમાણે ગીત પૂરું થયું.**

## (११)

## ॥आत्मस्वरूपप्रकाशक गीत॥

### (राग पूरवी)

**साधो! मगन होइ आराधो, अलख पुरुष प्रभु ईसा।**
**जहां जहां जिस रससुं राचइ, तहां तहां तिस मइसां॥सा०॥१॥**

સાધુઓ મગ્ન થઇને આવા અલક્ષ્ય પુરુષોની આરાધના કરો. જે જ્યાં જ્યાં રતિ કરે છે તેના જેવા થઇ જાય છે. (૧)

**सहज प्रमान प्रमान रूपमइं, संशयमइं संशयसा।**
**धरइ चपलता चपल कहावइ, लइ विधानमइ लइसा॥सा०॥२॥**

જ્યારે પ્રમાણરૂપ હોય ત્યારે પ્રમાણ જેવો થાય છે. જ્યારે સંશયરૂપ હોય ત્યારે સંશય જેવો થાય છે. જ્યારે ચપળતા ધરે ત્યારે ચપળ કહેવાય છે. (૨)

**उद्यम करत उद्यमी कहीइं, उदयसू ए उदयसा।**
**ववहारी ववहार कर्ममइ, निहिच्चइ मइ निहिच्चयसा॥सा०॥३॥**

ઉદ્યમ કરતો હોય ત્યારે ઉદ્યમી કહેવાય છે. ઉદયમાં ઉદયરૂપ કહેવાય છે. વ્યવહારકર્મમાં વ્યવહારી કહેવાય છે. નિશ્ચયમાં નિશ્ચયી કહેવાય છે. (૩)

**पूरन दशा धरइ संपूरन, नयविधानमइ नयसा।**
**दवित सदा अखय सुखसागर, भावितउ तपत खयसा॥सा०॥४॥**

**नांही कहिअत होइ नांहीसा, हइ कहीइ तो हइसा।**
**एक अनेक होइ करी विचर्या, कहुं कहालु कइसा॥सा०॥५॥**

**वइहइ अपार जिउं रतन अमूलक, बुध विवेक जिउं वइसा।**
**कलपित वचन विलास बनारसि, वइजइ सइका तइसा॥सा०॥६॥**

પૂર્ણ દશા ધારણ કરે ત્યારે સંપૂર્ણ કહેવાય છે. નયવિધાનમાં નય કહેવાય છે. અક્ષયસુખના સાગર દ્રવ્ય કહેવાય છે. ભાવમાં હોય

ત્યારે ભાવિક કહેવાય છે. નથી કહીએ ત્યારે નહીં જેવો થઇ જાય છે. આ રીતે એક અને અનેક પણ બને છે. કોના જેવો બને છે તે કહી  શકાતું નથી. ત્રણ રત્ન વહન કરીએ ત્યારે વિવેકી કહેવાય છે. બનારસીદાસ કહે છેઆ બધો વચનનો વિલાસ છે. હકીકતમાં તે જેવો છે તેવો છે. (૪,૫,૬)

**॥इति गीतम्॥**

**આ પ્રમાણે ગીત પૂરું થયું.**

## (१२)

## ॥जहाज दुहा॥

**जयसइ काहु पुरषकु , पार पोहोचवो काज।**
**मारगमांहि समुद्र तहा, कारण रूप जहाज॥१॥**

**तयसइ समकितवंतकु, ओर न कछु ईलाज।**
**भवसमुद्रके तिरनकुं, मन जहाज सुकाज॥२॥**

જેમ કોઇ પુરૂષને પાર પહોંચવા માટે રસ્તામાં સમુદ્ર આવતો હોય તો જહાજ કારણ બને છે. તે જ રીતે સમકિતવંત જીવને સંસાર સમુદ્ર તરવા માટે મન રૂપ જહાજ મૂકીને કોઇ ઇલાજ નથી.(૧,૨)

**मन जहाज घटमइं प्रगट, भवसमुद्र घटमांहि।**
**मूरख मर्म भजा नही, बाहिर खोजन जांहि॥३॥**

મન રૂપી જહાજ આત્મામાં છે. સમુદ્ર પણ આત્મામાં છે. મૂર્ખ માણસ તેનો મર્મ જાણતો નથી. બન્નેને બહાર શોધે છે. (૩)

**मूर्खहिके घट विषय जल, जहाज ओरु पुंन।**
**द्रिग मुद्रित मालिम[१] तांहा, लिखि सांभालि कुण॥४॥**

મૂર્ખને આત્મામાં પાણી, જહાજ અને પવનનું સ્વરૂપ સામે જોવાં છતાં ખબર પડતી નથી તો લખીને કે સાંભળીને કેવી રીતે ખબર પડે?(૪)

**कर्म समुद्र विभाव जल, विषय कषाय तुरंग।**
**वडवाग्नि तृष्णा प्रबल, ममता धुन्नि सर्वंग॥५॥**

કર્મ સમુદ્ર છે, વિભાવ જલ છે, વિષય અને કષાય તરંગ છે, તૃષ્ણા વડવાનલ છે અને મમતા ચારે તરફ ફેલાયેલી છે.(૫)

---

१ = म्हालनार? मध्यकालीन गुजराती शब्दकोश-३९१ (सं.जयंत कोठारी)

**भरम भुअर तामि फिरे, मन जहाज चहु ओर।**
**गिरे खिरेय डुबइ तिरइ, उदय पवनकेय जोर॥६॥**

ભ્રમ નામના ભંવર મનરૂપી જહાજની ચારે તરફ ફરે છે. તેને કારણે તે જહાજ પડે છે, તૂટે છે, ડૂબે છે, તરે છે. કર્મના ઉદયથી પવનના કારણે જહાજ ચારે બાજુ ફરે છે.(૬)

**जब चेतन मालिम जगइ, लिखि विपाक न्नीज़ुम(?)।**
**डारी समता सिंखला, थकय भुअरकी पुंम(?)॥७॥**

ચેતનને જ્યારે ખબર પડે છે ત્યારે શંકા(શ્રદ્ધા) રૂપી શૃંખલા નાંખીને ભ્રમરની ભ્રમણા અટકાવે છે.(૭)

**मालिम सहज समुद्रको, जानि सब विरतांतु।**
**शुभ उपओग तांहा रतन सम, असुभ भाव जलजंतु॥८॥**

જહાજના પ્રવાસીને સમુદ્રને બધું સહજતાથી ખબર છે. તે બધી વાત જાણે છે. શુભ ઉપયોગ રત્ન સમાન છે અને અશુભ ભાવ પાણીના જંતુ સમાન છે.(૮)

**जंतु देखि नहु भय करय, रत्न देखि न उछाहु।**
**करइ गवन सिवदीपकुं, अह मालिम कि चाहु॥९॥**

જંતુ દેખીને ડર નહીં અને રત્ન દેખીને ઉત્સાહમાં આવ નહીં. કેવલ કંઇપણ જાણતો હોય તો મોક્ષરૂપી દીપકની શોધ કર.(૯)

**दिस परखय गुण जंत्रस्युं, फिरि सकत सुखान।**
**धरि साधि सिवदीप मुख, वादवान शुभधान॥१०**

ગુણરૂપી હોકાયંત્રથી દિશાની પરીક્ષા કર. શક્તિરૂપી સુકાનને ફેરવ. શિવરૂપી દીપકને સાધીને શુભધ્યાનને પ્રાપ્ત કર. (૧૦)

**वहे शुद्ध उद्धत पवन, गहे खिपक[1] दीस लीक।**
**लहे खबर सिवदीपकी, रहे दृष्टि गति ठीक॥११॥**

શુદ્ધ અને ઉદ્ધત એવો પવન વહે ત્યારે મુસાફરી માટે દીપકને ગ્રહણ કરી મોક્ષદીપનું ધ્યાન રાખતા દષ્ટિની ગતિ સાચી રહે છે.(૧૧)

**मन जहाज एह विधि चलिइ, कटइ सिंधुजल बाट।**
**आवि निज संपति निकट, पावि केवल घाट॥१२॥**

આ રીતે મનરૂપી જહાજ ચાલે છે. સમુદ્રના જળની વાટ કપાય છે. પોતાની સંપત્તિ નિકટ આવે છે. કેવલજ્ઞાનરૂપી ઘાટ પ્રાપ્ત થાય છે. (૧૨)

**मालिम उतर जिहाजसु, करि दीपकुं दोर।**
**जांहां न जल न जहाज गति,नहि करणि कछु ओर॥१३॥**

જહાજ પરથી ઉતરીને દીપનો આધાર લઇને જહાજનો પ્રવાસી જ્યાં પાણી નથી, જહાજ નથી, જ્યાં કંઇ કરવાનું બાકી રહેતું નથી એવા કિનારાને પ્રાપ્ત કરે છે. (૧૩)

**मालिमकी कालिम मीटी, मालिम दीप न दोय।**
**एह भवसिंधु चतुर्दसि,मुनि चतुरदसि होय॥१४॥**

કેવલજ્ઞાન રૂપી ઘાટ પર ઉતરતા માલીમની કાલીમા મટી જાય છે. માલીમ અને દીપ જૂદા રહેતા નથી.

આ ભવમાં ચૌદ રાજલોક રૂપ સમુદ્ર તરીને ચૌદમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે.(૧૪)

---

१ =मुसाफरी प्रवास. मध्यकालीन गुजराती शब्दकोश-१३८ (सं.जयंत कोठारी)

(१३)

**॥हृदय(ज्ञान)चक्षुमहिमाप्रकाशक पद॥**

**(आत्मस्वरूप गीत)**

**॥राग गोडी॥**

**भुंडु (ढुंढु) भाइ तेहि हृदय की आंखि,**
**जेकि रखय अपनीं सुख संपति, भ्रमकी संपति नांखइ,**
**भुंडु (ढुंढु) भाइ तेहि हृदय की आंखि॥१॥ (आंकणी)**

ભાઇ! હું તે હૃદયની આંખ શોધું છું જે આપણી સુખ સંપત્તિને જૂએ છે અને ભ્રમની સંપત્તિને જોતી નથી. (૧)

**जे आंखिं अमृतरस वरसइ, परखय केवल वाणी।**
**जिनै आंखिन बैलोकी परमारथ, होय कृतारथ प्राणी॥२॥ भुंडु०॥**

જે આંખથી અમૃતનો રસ વરસે છે. તેની પરીક્ષા કેવલજ્ઞાનીની વાણીથી થાય છે. જે આંખથી પરમાર્થ જોઇને પ્રાણી કૃતાર્થ થાય છે. (૨)

**जेन आंखिं नमइ दसा केवलकी, कर्म लेप नहिं लागइ।**
**जिन आंखनके प्रगट होत घट, अलख निरंजन जागइ॥३॥ भुंडु०॥**

જે આંખથી કેવલી દશા મળે છે. કર્મનો લેપ લાગતો નથી. જે આંખથી અલખ નિરંજન એવો આત્મા ઘટમાં પ્રગટ થાય છે. (૩)

**जिन आंखनसु निरख भेदगुण, ज्ञानी ज्ञान विचारी।**
**जिन आंखन औलखइ सरूप मुनि, ध्यान धारणा धारइ॥४॥ भुंडु०॥**

જે આંખથી શરીર-આત્માનો ભેદ દેખાય છે. જ્ઞાનિઓ જ્ઞાનથી વિચારીને પોતાનું સ્વરૂપ ઓળખે છે. જે આંખથી મુનિઓ ધ્યાન અને ધારણા કરે છે. (૪)

**जिन आंखन के जगय जगतकै, लगइ काज सब जूठे।**
**जिनसु सुमन होइ सिव सनमुख,विषय विकार अपुठे॥५॥ भुंडु०॥**

જે આંખથી જગતના બધા કામ જૂઠાં લાગે છે. જે આંખથી મન મોક્ષની સન્મુખ થાય છે, વિષય વિચારને છોડી દે છે. (૫)

**जिन आंखनमैं प्रभा परमकी, परसहाई नहिं लेखिइ।**
**जै समाधि संत के अखंडित, टकन खलक न मैखि(?)॥६॥ भुंडु०॥**

જે આંખોમાં પરમની પ્રભા છે.જેને પરની અપેક્ષા નથી. જે આંખથી સંતોને એવી અખંડ સમાધિ પ્રાપ્ત થાય છે જે સામાન્ય માણસો પામી શકતા નથી (૬)

**जिन आंखनकी जोत प्रगट किइ, ईन आंखनमिं आवै।**
**तब इनहीकी मिटइ विषमता, समता रस परगासि॥७॥ भुंडु०॥**

જે આંખની જ્યોત પ્રગટ થતા ચર્મચક્ષુ નકામાં બની જાય છે. ત્યારે સ્થૂલ આંખોની વિષમતા મટી જાય છે અને સમતારસ પ્રગટ થાય છે. (૭)

**जै आंखि पूर्ण सरूप धर, लोकालोक लखावि।**
**एवैय अहवह सब विकल्प तजी, निरविकलप पद पावइ॥८॥**
**भुंडु (ढुंढु) भाइ तेहि हृदय की आंखि॥**

જે આંખોથી પૂર્ણસ્વરૂપને ધારણ કરનારો લોકાલોકને ઓળખી શકે છે અને બધા જ વિકલ્પો તોડીને નિર્વિકલ્પ પ્રાપ્ત કરે છે. ભાઇ! હું તે હૃદયની આંખ શોધું છું. (૮)

**॥इति आत्मसरूपगीतं संपूर्णम्॥**

**આ પ્રમાણે આત્સસ્વરૂપ ગીત પૂરું થયું.**

## (१४)

## ॥तत्त्वविचारपद॥

**चार जोग चित सोहने, किरिआ ज्ञान अरु ध्यान।**
**मोक्षजोग मुगति लहइ, जिनवर कत्थति कहान॥१॥**

ચાર યોગ ચિત્તને શોભાવે છે. ક્રિયાયોગ, જ્ઞાનયોગ, ધ્યાનયોગ, મોક્ષયોગ. તેનાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. (૧)

**एहि जोग जगाएकी, पावे भवको तीर।**
**प्रगटे अंतर संपदा, पीवे समरस नीर॥२॥**

આ યોગને જગાવવાથી સંસાર સમુદ્રનો પાર પમાય છે. આત્માની સંપત્તિ પ્રગટે છે અને સમતારસનું પાણી પીવા મળે છે. (૨)

**दरसन ज्ञान चरित गुण, तीनो आतम रूप।**
**भेदभावसु अनंत हइ, गावइ गणधर भूप॥३॥**

ભેદભાવની વિવક્ષાથી દર્શન, જ્ઞાન અને ચારિત્ર આ ત્રણે આત્માનાં રૂપ છે, એવું ગણધરરાજ કહે છે. (૩)

### (देशी-लाल मनमोहनानी)

**श्रीजिनवचन सोहावने, मन मेरा रे, मेरा रे**
**सरस सुधारस पान, तुं ही एकेला रे।**
**नयगर्भित गुरु उच्चरइ, सुनइ भविकजन कान॥तुं०॥१॥**

ભગવાનના વચન સોહામણાં છે. અમૃતરસપાન જેવાં છે. આવું નયગર્ભિત વચન ગુરૂ કહે છે. ભક્ત જીવોના કાન તેને સાંભળે છે.(૧)

**कान सुने चित सद्दहइ, करे तत्त्व हि विचार।**
**हेय उपादेय ज्ञेयसु, साधइ धरमाचार॥तुं०॥२॥**

કાન સાંભળે છે. ચિત્ત શ્રદ્ધા કરે છે. તત્ત્વનો વિચાર કરે છે. હેય, જ્ઞેય, ઉપાદેય દ્વારા ધર્મનો આચાર સાધે છે. (૨)

**धरम सुभाव हीयइ धरइ, करम विभावसुं दूर।**
**दरसन ज्ञान चरित्तसुं,आतम हइ भरपूर॥तुं०॥३॥**

ધર્મના સ્વભાવને હૃદયમાં ધારણ કરે છે. દર્શન, જ્ઞાન, ચારિત્રમાં આત્મા ભરપૂર ડૂબેલો રહે છે. (૩)

**पूरन परमानंद पद, पद ही पदारथ जान।**
**जानन मानन थुनन थुती, ज्ञानी ज्ञान कहान॥तुं०॥४॥**

પૂર્ણ એવો પરમાનંદ સાચો પદાર્થ છે. જ્ઞાન, ધ્યાન, સ્તવન કે સ્તુતિ સાચા નથી. જ્ઞાનીઓએ જ્ઞાનને સાચું કહ્યું છે.(૪)

**ज्ञान कहान कत्थन कत्थत, छीजे करम गढास।**
**लीजे समरस संपदा, छेदी भवको पास॥तुं०॥५॥**

જ્ઞાનને કાપનારું કહ્યું છે. તેનાથી કર્મનો ઘેરો છેદાય છે.(?) ભવનો પાસ છેદીને સમરસની સંપત્તિ પ્રાપ્ત કરે છે. (૫)

**पास नरो परवस पर्यो, झूरइ दुःख ही अरा(पा)र।**
**जनम मरन संकट सहइं, छीन ही न लहे करार॥तुं०॥६॥**

મનુષ્ય પાપકર્મના પાસથી પરવશતામાં પડ્યો છે અને દુઃખમાં ખૂબ ઝુરે છે, જન્મ મરણના સંકટને સહન કરે છે, એક ક્ષણ પણ શાંતિ પામતો નથી. (૬)

**कर करबत कासी मरइ, जरइ अगनिमइं पइठ।**
**पंचागनि साधइ सदा, नदी किनारे बैठ॥तुं०॥७॥**

હાથમાં તલવાર લઇને કાશીમાં મરે છે. અગ્નિમાં પ્રવેશ કરીને બળી જાય છે. નદીના કિનારે બેસીને પંચાગ્નિમાં તપે છે. (૭)

**जटा बढावे मुनि रहइ, भस्म चढावे देह।**
**चेत न अचेत न बुझइ, न हु पावइ भव छेह॥तुं०॥८॥**

જટા વધારે છે, મૌન રહે છે, શરીર પર ભસ્મ લગાડે છે, તેમ છતાં અચેત એવું ચિત્ત ભવનો છેદ પામતું નથી. (૮)

**मुंड मुंडावइ खुर करी, कोइ उचाटइ बाल।**
**कथ करइ अज्ञानसुं, खोवे नरभव माल॥तुं०॥९॥**

કોઈ અસ્ત્રાથી માથું મુંડાવે છે. કોઇ વાળ ઉખાડે છે. અજ્ઞાનથી કષ્ટ કરીને નરભવનો માલ ખોઇ નાંખે છે.(૯)

**बाल गमावइ जनम जीउ, धंधइ पर्यो धिक्कार।**
**राग-रोस मल मोहसुं, रच्यो रचित अहिकार॥तुं०॥१०॥**

બાલ એટલે અજ્ઞાન જીવ ધાંધલમાં પડીને જન્મને વ્યર્થ ગમાવે છે. રાગ, દ્વેષ, મદ અને મોહને કારણે કાલ્પનિક અધિકાર રચે છે. (૧૦)

**पंडित पद पूरन करइ, पद पद साधइ ऋद्ध।**
**कारन कारज ज्ञान गुण,च्यारित गही लही सिद्ध॥तुं०॥११॥**

પંડિત પોતાનું કાર્ય પુરૂં કરે છે. પગલે પગલે રિદ્ધિ પામે છે. કાર્ય કારણ જ્ઞાન ગુણ કારણે ચરિત્ર લઇને સિદ્ધ થાય છે. (૧૧)

**सिद्ध सरूप सुभाव हइ, अचल अबाधित अंग।**
**अनुभव अनुसमयइ किजीइ, चित निरमल सरवंग॥तुं०॥१२॥**

સિદ્ધ સ્વરૂપ સ્વભાવ જન્મે છે. તે અચલ=નિત્ય, અબાધિત=નાશ ન પામનારો છે. સાધકે નિર્મલ ચિત્ત કરીને તેનો પ્રત્યેક ક્ષણે અનુભવ કરવો.(૧૨)

**सरव गीने साधकइं, साधक साध विचार।**
**ध्याता ध्येय अरु ध्यानस्युं, अप्पा अप्प हि तार॥तुं०॥१३॥**

સર્વાંગથી સાધન અને સાધ્યનો વિચાર કરવો. ધ્યાતા, ધ્યેય અને ધ્યાનથી આત્મા આત્માને હિત કરનાર છે. (૧૩)

**चार चित चेतन धार, प्रथम ज्ञान व्याक्षिप्त।**
**यातायात बीजो सुनी, जाहां चेतन लही बिपत॥तुं०॥१४॥**

હે ચેતન! ચાર પ્રકારના ચિત્ત છે. તેમાં પહેલું વ્યાક્ષિપ્ત ચિત્ત છે. યાતાયાત બીજો ભેદ છે. જેમાં ચેતન વિપત્તિ પામે છે. (૧૪)

**संश्लिष्ट चित जानीए, बीजो भेद सुसार।**
**सुलिन चित चोथो लहि, पावइ भवको पार॥तुं०॥१५॥**

ત્રીજો ભેદ સંશ્લિષ્ટ ચિત્ત છે. સુલીન એ ચોથો ભેદ છે. તેનાથી ભવનો પાર પમાય છે. (૧૫)

**हिंसा तिन विचारीइ, अनुबंध हेत सरूप।**
**जाके करम विपाकसुं, जीव रहि भव कूप॥तुं०॥१६॥**

ત્રણ પ્રકારની હિંસા કહી છે. હેતુ, સ્વરૂપ અને અનુબંધ. જેના કર્મના વિપાકથી જીવ સંસારમાં રહે છે. (૧૬)

**तीन चेतना धारीइ, तीन लोक अवधार।**
**करम चेतना फलहि सुं, अनुभव सिद्धि सुधीर॥तुं०॥१७॥**

ત્રણ પ્રકારની ચેતના છે. ત્રણ પ્રકારનો લોક છે. કર્મ ચેતનાના ફળથી અનુભવ સિદ્ધિ થાય છે. (૧૭)

**ए व्यवहार वखानीउ, सिव मारग सनमुख।**
**निहिश्चि धर्मि धरमसुं, पूरन भर्यो सुसुख॥तुं०॥१८॥**

આ વ્યવહાર માર્ગ મોક્ષમાર્ગને સન્મુખ છે. નિશ્ચયથી ધર્મી એવો આત્મા સુખથી પરિપૂર્ણ ભરેલો છે. (૧૮)

**सकल संपदा सुख लहि, मन हि मनोरथ कीन।**
**वीतराग गुन ज्ञानसु, कीजइ आतम लीन॥तुं०॥१९॥**

મારી (આત્મિક) સકલ સંપદા પામો એવો મનમાં મનોરથ કરીએ. વીતરાગના ગુણના જ્ઞાનથી આત્માને લીન કરીએ. (૧૯)

**तिन आतमा धारीइ, त्रिविध रूप हि अलख।**
**अंतर बाह्य अरु परम हि, विवरन करइ सुदक्ख॥तुं०॥२॥**

ત્રણ આત્મા ધારીએ. ત્રણે રૂપે તે અલક્ષ છે. અંતરાત્મા, બાહ્યાત્મા અને પરમાત્મા. આ ત્રણ આત્માનું હોંશિયાર પુરુષ વિવરણ કરે છે. (૨૦)

**अंतर आतमडो(?) मुनि, भेदाभेद विचार।**
**आप सुभावइ रंजिओ, परसु चित हि निवार॥तुं०॥२१॥**

મુનિ અંતરઆત્મા છે. તે ભેદાભેદનો વિચાર કરે છે, પોતાના સ્વભાવમાં રમણ કરે છે, પરભાવમાં જતાં મનને રોકે છે. (૨૧)

**पर हि आपनु भेद लहि, भूलो भरम जंजाल।**
**केल करइ संसारमइ, आतम हित मुखराल॥तुं०॥२२॥**

જે આત્મા, પુદ્‌ગલ સાથે આત્માનો ભેદ નથી એવું માને છે, ભ્રમની જંજાળમાં ભૂલો પડી સંસારમાં આનંદ કરે છે, આત્માના હિતને ભૂલી જાય છે તે બહિરઆત્મા છે.(૨૨)

**भेदाभेद अतीत हइ , परम निरंजन रूप।**
**जगनाथ जगदीस हइ, देव दयाल अनूप॥तुं०॥२३॥**

ભેદાભેદથી પર થઇને પરમ નિરંજનરૂપ જગના જગદીશ અનુપમ દયાલુ દેવ થાય છે.(૨૩)

**परम आतमा सो सहि, परम पुरुष परधान।**
**सकल करमको खय करी, चरिम समइ निरवान॥तुं०॥२४॥**

જે આત્માં સકલ કર્મનો ક્ષય કરીને છેલ્લા સમયે નિર્વાણ પામે છે તે શ્રેષ્ઠ પ્રધાન પુરુષ પરમાત્મા છે.(૨૪)

**हेय संसार भयो जाहां, सिद्ध उपादेय लीन।**
**सकल सुख आनंदमइं, कारन कारजसुं चीन॥तुं०॥२५॥**

જ્યાં સંસાર હેય છે, સિદ્ધ ઉપાદેય છે, સકલ સુખના આનંદમાં લીન છે. કારણને અનુરૂપ જ કાર્ય થાય છે.(૨૫)

**अंतर नाथ हि परमसुं, आतम मलीजे साध।**
**तिविधरूप विकलप सही, सुद्ध निरंजन राध॥तुं०॥२६॥**

અંતર અને બાહ્ય પરીક્ષા કરીને આત્માને સાધી લો. તેના ત્રણ રૂપ વિકલ્પ છે. તે શુદ્ધ અને નિરંજન છે.(૨૬)

**सुद्ध अरूप सुभाव हइं, सुद्ध ही निहिचइ जान।**
**असुद्धभाव सब असुधनये, हेय उपादेय मान॥तुं०॥२७॥**

આત્મા શુદ્ધ અને અરૂપી સ્વભાવ વાળો છે. નિશ્ચય નયથી તે શુદ્ધ છે. અશુદ્ધ નયથી તે અશુદ્ધ છે, હેય અને ઉપાદેય છે.(૨૭)

**किरियासहित जाहां चलविचल, ताहां लो बंधविधान।**
**किरिया रहित जब ठानीयइं, पावइ मोक्ष विधान॥तुं०॥२८॥**

જ્યાં ક્રિયાને કારણે ચલ અને વિચલતા હોય છે ત્યાં બંધ થાય છે. જ્યારે જીવ ક્રિયારહિત સ્થિર થાય છે ત્યારે મોક્ષ પામે છે.(૨૮)

**असुभकिरिआ हइं अधोगमन, सुभकिरिआसुं उड्ढ।**
**दोउ मीली संसार हइ , मोक्ख न जानइ मूढ॥२९॥**

અશુભ ક્રિયાથી અધોગતિ થાય છે. શુભ ક્રિયાથી ઊર્ધ્વગતિ થાય છે. બન્ને મળીને સંસાર જ થાય છે, મોક્ષ મળતો નથી.(૨૯)

**सुभकिरिआ कारन लभी, थिरता भामइ काज।**
**कारन काज चलाइए, जीउं पानी मांहि जहाज॥३०॥**

શુભક્રિયા કારણ છે. સ્થિરતા તેનું કાર્ય છે. કારણથી કાર્ય ચાલે છે. જેમ પાણીમાં જહાજ ચાલે છે.(૩૦)

**इह विधि सोख परंपरा, साधइ साधक आन।**
**सकल इष्ट आनंदमइ, दिनदिन चढत ही बान॥३१॥**

આ પ્રમાણે સાધક સુખની પરંપરા સાધે છે.સકલ ઇષ્ટ અને આનંદને દિવસે દિવસે વધતું એવું સુખ ભોગવે છે.(૩૧)

## (१५)

## ॥अध्यात्मगीत॥

### (दूहा)

**चार वरग संसारमइ, धर्म अर्थ अरु काम।**
**मोख वरग सुख ध्याइइ, पि(चि)तवत चेतन राम॥१॥**

સંસારમાં ચાર વર્ગ છે. ધર્મ, અર્થ, કામ, મોક્ષ. આ ચારે વર્ગ પ્રમુખ છે. તેમાં ચેતન એવો આત્મા મુખ્ય છે. (૧)

**आतम राम हि अचल हे, अखे अरूप अनंत।**
**उपजइ विनसे थिर रहे, सकल रूप सुखसंत॥२॥**

આત્મા અચલ છે.અક્ષય છે. અરૂપી છે,અનંત છે. તે ઉત્પન્ન થાય છે, નાશ પામે છે અને સ્થિર રહે છે.તે સંપૂર્ણ છે. સુખી છે અને સત્ છે.

### (देशी फागनी राग सारंग)

**चेतन बुजीइ हो, काहा उरजी रहे भव ठानी.चे०**
**तुम्ह परनस पीत ठरानी चे०, तुम्ह मोह मगन सुख दानी चे०**
**तुम्ह निरविकलप सुख ग्यानी चे०,**
**तुम्ह कईसी करी कहानी चे०॥१॥**

ચેતન! બોધ પામ. સંસારમાં શા માટે ઉલઝી રહ્યો છે? તું મોહમાં મગ્ન બને છે પણ તું ખરેખર સુખનો ભંડાર છે.

તું નિર્વિકલ્પ સુખનો સ્વામી છે. તે તારી કેવી દશા કરી છે? (૧)

**तुम्ह विषय लीन लपटानी चे०, तुम्ह इंद्री सुखहि भुलानी चे०।**
**तुम्ह घरघर दुखहि सहानी चे०, तुम्ह बोहत हने परप्रानी चे०॥२॥**

તું વિષયમાં લપટાયેલો છે. તું ઇંદ્રિયના સુખમાં ભાન ભૂલ્યો છે. તું ઘડી ઘડી સહન કરે છે. તું જાણી જોઇને બીજા પ્રાણીઓને મારે છે. (૨)

**तुम्ह जुठी मतहि भरानी चे०,**
**तुम्ह आप कीओ सुख हानी चे०।**

**तुम्ह सजन कुटम्ब मुरछानी चे०,**
**तुम्ह परकु दोस दीओ जानी चे०॥३॥**

તું ખોટી સાખ ભરે છે. તું પોતાની જાતે પોતાના સુખની હાનિ કરે છે. તું સજ્જનોના કુટુંબથી દૂર થઇ ગયો છે. તું બીજાને દોષ આપવાનું જાણે છે. (૩)

**तुम्ह आप सराह्ये बखानी चे०, तुम्ह परकी पीर नहु मानी चे०।**
**तुम्ह दीन भए दिस कानी चे०, तुम्ह कछुअ न दीनो दानी चे०॥४॥**

તું પોતાની જાતે પોતાના વખાણ કરે છે. તું બીજાની પીડાને જોતો નથી. તું દીન બની ગયો છે. તેં કાંઇ દાન આપ્યું નથી. (૪)

**तुम्ह जडसु राची रयानी चे०, तुम्ह आप न सुरत सयानी चे०।**
**तुम्ह कीनी अकत्थ जाहानी चे०,**
**तुम्ह जिनकी आन न मानी चे०॥५॥**

તું જડમાં રાચી રહ્યો છે. તે પોતાની સુરત બગાડી મુકી છે. તેં ન કરી શકાય એવી હાનિ કરી છે. તેં ભગવાનની આજ્ઞા માની નથી. (૫)

**तुम्ह कइसइ मुगतही रानी चे०, तुम्ह कबहु तृपती न आनी चे०।**
**तुम्ह तृष्णा भीर न भानी चे०, तुम्ह समरस नीर झीलानी चे०॥६॥**

તું મુક્તિ કેવી રીતે પામીશ? તને ક્યારે તૃપ્તિ નથી. તને તૃષ્ણાનો ભય દેખાતો નથી. તું ભ્રમનાં પાણીમાં ડુબી ગયો છે. (૬)

**तुम्ह आपे ज्ञाता ज्ञानी चे०, तुमह लोकालोक प्रवानी चे०।**
**तुम्ह दरसन विन हु दीवानी चे०, तुम्ह आपहि आप समानी चे०॥७॥**

તું તારી જાતને જ્ઞાતા વિના જ્ઞાની માને છે. તું લોકાલોકમાં પ્રધાન છે. તું દર્શન વિના દિવાનો બને છે. તું તારી જાતમાં જ સમાય છે. (૭)

**तुम्ह अकल सरूप कहानी चे०, तुम्ह रूप भए बहु बानी चे०।**
**तुम्ह ज्ञान हि रूप निशानी चे०, तुम्ह परमानंद पद ध्यानी चे०॥८॥**

તું અકલ અને અરૂપ છે. તારાં અનેક રૂપ છે. તારું જ્ઞાન જ તારા સ્વરૂપની નિશાની છે. તું પરમાનંદનું ધ્યાન કરે છે. (૮)

**तुम्ह नितहि नमइ सुर प्राणी चे०, तुम्ह गुण गावइ इंद्रानी चे०।**
**तुम्ह रूप नहि रसवानी चे०, तुम्ह सकल कला पहइचानी चे०॥९॥**

**तुम्ह मुरख कछु नय आनी चे०, तुम्ह चितवत पंडित ज्ञानी चे०**
**तुम्ह सार पदारथ मानी.चे०, तुम्ह सकल संपदा आनी चे०॥१०॥**
**चेतन बुझीइ हो**

તને દેવો માણસો અને પ્રાણીઓ નમે છે. ઇંદ્રાણી તારા ગુણ ગાય છે. તું રૂપ નથી, રસ નથી, શબ્દ નથી. તને બધી જ કલા આવડે છે. તું કશું જ જાણતો નથી. હકિકતમાં તું ચેતનાવાળો પંડિત જ્ઞાની છે. તું સાર પદાર્થ છે. તારી પાસે બધી જ સંપદા છે. (૯) (૧૦)

**||इति श्रीअध्यात्मगीतं संपूर्णम्||**

**આ પ્રમાણે અધ્યાત્મગીત પૂરું થયું**

## (१६)

## ॥वैराग्य गीत॥

### (दूहा)

**अलख निरंजन नित नमुं, नित नित कीजे ग्यान।**
**मन वच काया लिनवै, कीजइ आतम ध्यान॥१॥**

અલખ નિરંજન એવા આત્માને હું હંમેશા નમસ્કાર કરું છું. તેનું હંમેશા ધ્યાન કરું છું. મન-વચન-કાયાની એકાગ્રતાથી આત્માનું ધ્યાન કરું છું. (૧)

**आतमध्यान धरत सुधि, पीजइ अमृत पान।**
**परमानंद सुख उपजइ, ओर न सुने कहान॥२॥**

જ્ઞાન કરતો બુદ્ધિશાળી પુરુષ અમૃતનું પાન કરે છે. આત્માનું પરમાનંદ સુખ પ્રાપ્ત કરે છે. તેને આત્મા સિવાય કશું સંભળાતું નથી. (૨)

### (देशी फागनी, राग सारंग)

**अलख आराधीइ हो, पर सबकी आश निवार॥अ०॥१॥**

અલખ એવા આત્માની આરાધના કરીએ. બધા જ પર પદાર્થની આશાનું નિવારણ કરીએ. (૧)

**जिउ पावइ भवको पार अ०, जीउ बोहर न फिरइ संसार॥अ०॥२॥**

જેનાથી ભવનો પાર પામીએ જેથી સંસારમાં ન રખડીએ.(૨)

**जीउ लीजइ संपद सार अ०, जीउ कीजे मोख दुवार॥अ०॥३॥**

જેનાથી શ્રેષ્ઠ સંપત્તિ પામીએ. જેનાથી મોક્ષના દરવાજે પહોંચીએ. (૩)

**जीउ जीजइ जन महि डार अ०, जीउ छीजे करम भंडार॥अ०॥४॥**

જેનાથી જન્મ મરણ દૂર થાય. જેનાથી કર્મનો ભંડાર ખાલી થાય. (૪)

**जीउ प्रगटइ सुखहि अपार अ०, जीउ उर नही जइआर॥अ०॥५॥**

જેનાથી અપાર સુખ પ્રગટ થાય. તેના સિવાય કોઇ આરો નથી. (૫)

**जीउ कीजे काज विचार अ०, जीउ हेय उपादेय धार॥अ०॥६॥**

કાર્યનો વિચાર કરીએ હેય જ્ઞેય અને ઉપાદેયનો વિચાર કરીએ. (૬)

**जीउ ज्ञानी ज्ञान सहइ चार अ०, जीउ पानी पे एक ठार॥अ०॥७॥**

જ્ઞાની અને જ્ઞાનનો સહચાર છે. જેમ પાણીમાં ઠંડક છે. (૭)

**जीउ अगनि लोह लहइ कार अ०,**
**जीउ तिलहि मिल्यो तेल भार॥अ०॥८॥**

જેમ લોઢામાં અગ્નિ છે. જેમ તલમાં તેલ છે. (૮)

**जीउ अरनी अगनी अधार अ०, जीउ दुध दहि घृत नार॥अ॥९॥**

અરણિમાં અગ્નિ છે. દૂધમાં દહિ અને ઘી છે. (૯)

**जीउ पावक पाहान पहान अ०,**
**जीउ आंब भर्यो सहकार॥अ०॥१०॥**

જેમ પત્થરના પ્રહારમાં અગ્નિ છે. જેમ કેરીની ગોટલીમાં આંબાનું ઝાડ છે. (૧૦)

**जीउ निहिचइ उर ववहार अ, जीउ करत बसइ करतार॥अ०॥११॥**

જેમ નિશ્ચય અને વ્યવહાર એકબીજામાં ઓતપ્રોત છે. જેમ કૃતિમાં કર્તા છે. (૧૧)

**जीउ जीव भयो बहु वार अ०[1],॥१२॥**

તેમ અનેક રીતે જીવ હોય છે. (૧૨)

**जीउ नभ ही रहइ निरधार अ०,**
**जीउ सकल दरब आधार॥अ०॥१३॥**

**जीउ तन ही बसइ तन धार अ०,**
**जाको महिमा अगम अपार॥अ०॥१४॥**

જેમ આકાશ નિરાધાર રહે છે. બધાં જ દ્રવ્યો આધારવાળા છે. તેમ શરીરમાં શરીરધારી આત્મા રહે છે. જેનો મહિમા અગમ્ય અને અપાર છે. (૧૩-૧૪)

**जाको सिद्ध सरूप करार.अ०, जिन जार्यो मोह जंजार॥अ०॥१५॥**

જેનું સિદ્ધ સ્વરૂપ છે. જેણે મોહની જંજાળ છોડી નાંખી છે. (૧૫)

**जिन कछु न किउ हु अहिकार.अ०,**
**जिन ठार्यो सबही लकार॥अ०॥१६॥**

જેણે કોઇ અધિકાર રાખ્યો નથી. જેણે બધી ચિંતા છોડી દીધી છે. (૧૬)

**जिन अप्पा अप्प हि तार.अ०,**
**एसो ज्ञाता गेअ सकार अलख आराधी इहो॥१७॥**

જે પોતે પોતાની જાતને તારે છે.આવા જ્ઞેય અને જ્ઞાતા એવા અલખ આત્માની આરાધના કરીએ (૧૭)

---

१ અહીં એક પદ ઓછું છે.

(१७)

## ॥निगोदकाल विचार गीत॥

**सकल संपदा इष्ट मीली, मिलत हुउ सुख चयन।**
**दिन दिन श्रद्धा दीपती, वीतराग के वयन॥१॥**

વીતરાગના વચનથી બધી ઇષ્ટ સંપત્તિ પ્રાપ્ત થઇ. સુખનો ભંડાર મળ્યો. દિવસે દિવસે શ્રદ્ધા દીપી રહી છે.

**(देशी लाल भमरा रे)**

**एकसमइ कीउ जानीइ चित चेतो रे,**
**ताकी सुच्छम भांति आतम पेषो रे।**
**जीरन वस्त्र बलवंत पुरुष चि०, छेदइ छिनमइ तांत आ०॥१॥**
**एक तातसुं दुसरो चि०, आवइ जाहां सुकीन आ०।**
**समय असंख ताहां भए चि०, एसो अरथ सुचीन आ०॥२॥**

એક સમય કેટલો હોય છે. તેની સૂક્ષ્મતા જાણો ચિત્તમાં ચેતો અને આત્માને જુઓ. એક બલવાન પુરુષ જીર્ણ થઇ ગયેલા વસ્ત્રને એક ક્ષણમાં છેદે છે.(૧)

તેમાં એક તાંતણાંથી બીજા તાંતણાં સુધી આવે ત્યાં સુધી અસંખ્યાત સમય થાય છે.(૨)

**एक तांतकी फुमती चि०, अरु दूजी चित आन आ०।**
**तामइ असंख समय गए चि०, ओर अरथ हित मान आ०॥३॥**

એક તાંતણાનાં ફુમતાથી બીજું ફુમતું તુટે ત્યાં સુધી અસંખ્યાત સમય ચાલ્યા જાય છે. (૩)

**चीपटी आंख फरुकना चि०, ओर पातही विचार आ०।**
**समय सरूप हीयइ धरइ चि०, जिनवर वचनसुं सार आ०॥४॥**

થોડીક આંખ ફરકે અને પાંપણ મીંચાય તેટલી વારમાં અસંખ્ય સમય પસાર થઇ જાય છે. જિનવરના વચનથી સમયનું સ્વરૂપ હૃદયમાં ધારણ કરે છે.(૪)

**असंख समयइं एक आवली चि०, तुरीय असंखही मान आ०।**
**गनधर गुंथित ग्रंथमइ चि०, सुनो हरख धर जान आ०॥५॥**

સમયની એક આવલિકા થાય છે. આ અસંખ્યાત સમય ચોથા અસંખ્યાત સમય જેટલા હોય છે. ગણધર ભગવંતોએ આ વાત ગ્રંથમાં ગુંથી છે. જાણકાર માણસો! આ વાત હર્ષપૂર્વક સાંભળો. (૫)

**एक कोडि सडसठि लाख चि०, सहस त्योहत्तरि आख आ०।**
**दो सत सोल ही अधिक हइ चि०, इसो जिनवर भाख आ०॥६॥**

એક મુહૂર્તમાં એક કરોડ અડસઠ લાખ બહોંતેર હજાર બસો સોળથી વધારે આવલિકા હોય છે, એવું જિનવરે કહ્યું છે. (૬)

**एक मुहरत परमानीइं चि०, इनसुं काल गिनंत आ०।**
**संख असंख भए जांहा चि०, ओरही काल अनंत आ०॥७॥**

અસંખ્ય તેનાથી કાળની ગણના થાય છે. તેના ત્રણ પ્રકાર છે - સંખ્યાત, અસંખ્યાત અને અનંત. (૭)

**सात ही सासउसाससुं चि०, एक ही थोक लहंत आ०।**
**थोक सातसुं एक लव चि०, वानी कथत महंत आ०॥८॥**

સાત શ્વાસોશ્વાસનો એક સ્તોક થાય છે. સાત સ્તોકનો એક લવ થાય છે, એવું મહાન્ પુરુષો કહે છે. (૮)

**लव सतहतर जानीइ .चि०, मुहुरत एक सुजान.आ०।**
**मुहुरत एकही में बसे चि०, सास उसास वखान.आ०॥९॥**

એક મુહૂર્તમાં સિત્તોતેર લવ હોય છે અને એક મુહૂર્તમાં શ્વાસ અને ઉચ્છ્વાસ આટલા હોય છે. (૯)

**सइतीस सत त्योहत्तरी चि०, सास उसास हि देत आ०।**
**थिर पुरुष निरविघनसु चि०, एक मुहुरतमइ लेत आ०॥१०॥**

સ્થિર પુરુષ એક મુહૂર્તમાં નિર્વિઘ્નપણે ત્રણસો સિત્તોતેર શ્વાસ ઉચ્છ્વાસ કરે છે. (૧૦)

**एकहि मुहुरतमें मरइ चि०, जीव निगोद भंडार आ०।**
**पइसठ सहस अरु पांच सत चि०, उपर छत्तीस धार आ०॥११॥**

નિગોદના જીવ એક મુહૂર્તમાં પાંસઠ હજાર પાંચસો છત્રીસ વાર મરે છે. (૧૧)

**दो सत छप्पन आवली चि०, खुलुक भव एक ठान आ०।**
**एकहि सास-उसासमइ चि०, अधिक सतर भव आन आ०॥१२॥**

બસો છપ્પન આવલિકાનો એક ભવ થાય છે. એક શ્વાસોચ્છ્વાસમાં સત્તરથી વધારે ક્ષુલ્લક ભવ થાય છે.(૧૨)

**एकहि सास-उसासकी चि०, आवली कहु विशेष आ०।**
**सत चउआलीस अधिक हइ चि०, साढि छिआलीस लेख आ०॥१३॥**

**उर कछु एक अधिक हइ चि०, इनमइ जीव निगोद आ०।**
**सत्तर भव पुरे करइ चि०, साढ चोरानु होद आ०॥१४॥**

**आधइ भवमइ आवली चि०, साढ तेतीस हि हीन आ०**
**साढ चोरानु भेलकें चि०, एकसत अठाइस कीन आ०॥१५॥**

એક શ્વાસોશ્વાસમાં કેટલી આવલિકા થાય છે તે કહું છું. ચાર હજાર ચારસો સાડા બેતાલીસથી કંઇક વધારે આવલિકા એક શ્વાસોચ્છ્વાસમાં હોય છે. આટલા સમયમાં નિગોદનો જીવ સત્તર ભવ પૂરા કરે છે. અડધા ભવમાં સાડા ચોરાણું આવલિકા થાય છે. તેમાં સાડા તેવીસ ઓછા કરી સાડા ચોરાણું મેળવતા એકસો અટ્ઠાવીસ આવલિકા થાય છે. (૧૩,૧૪,૧૫)

**एहि काल विचार भइ चि०, चित होवइ थिर ठोर आ०।**
**सुकरीत करनी आदरइ चि०, करइ न करनी ओर आ०॥१६॥**

આ રીતે કાળનો વિચાર કરવાથી ચિત્ત સ્થિર થાય છે. સુકૃત કરણીને આદરીને બીજી કરણી કરતો નથી. તેની સકળ કામના પૂરી થાય છે.(૧૬)

**सकल कामइ इच्छित मिले चि०, मनही मनोरथ पूर आ०।**
**किरिआ ज्ञानमे मगन वइ चि०,**
**पर सब विभाव करी दूर आ०॥१७॥**

મનનાં મનોરથ પૂરા થાય છે. બધા જ પર વિભાવને દૂર કરીને ક્રિયા અને જ્ઞાનમાં મગ્ન થાય છે. (૧૭)

## (१८)

## ।।निगोदक्षुल्लकभवविचार।।

### (दूहा)

**लोक असंख ही जोअण हइ, जोअण अंगुल संख।**
**अंगुल अंस असंख हुइ, एसो जान सुलंख।।१।।**

અસંખ્યાત યોજનનો લોક હોય છે, અસંખ્યાત અંગુલનો એક યોજન થાય છે, અંગુલના અસંખ્યાત અંશ હોય છે, આવું ધ્યાનપૂર્વક જાણવું જોઇએ. (૧)

**अंस असंख ही गोलसुं, गोल असंख निगोद।**
**एक निगोद अनंत जीअ, एसो सुन भव होद।।२।।**

આ અસંખ્યાત અંશનો એક ગોળો હોય છે, અસંખ્યાત ગોળા મળીને એક નિગોદ થાય છે, એક નિગોદમાં અનંત જીવ હોય છે, આવો સંસાર હોય છે. (૨)

**असंख पएसी जीव हइ, जीव परदेस ही जान।**
**एक परदेस ही वरगना, रहइं अनंत ठीकठान।।३।।**

અસંખ્ય પ્રદેશનો જીવ હોય છે, જીવના એક પ્રદેશ પર અનંત કાર્મણ વર્ગણા હોય છે. (૩)

**एक वरगनासुं मिलइ, परमाणु हि अनंत।**
**एक परमाणुं सइं वसइ, परजय नंतानंत।।४।।**

એક વર્ગણામાં અનંત પરમાણુ હોય છે, એક પરમાણુમાં અનંતાનંત પર્યાય હોય છે. (૪)

**एसो लोक सरूप हइ, आद नही नही अंत।**
**उपजइ वीनसे थिर रहइ, ज्ञानी वचन सिद्धांत।।५।।**

આ પ્રમાણે લોકનું સ્વરૂપ છે. તેથી આદિ નથી, અંત નથી, તે ઉત્પન્ન થાય છે, નાશ પામે છે. સ્થિર રહે છે, એવું જ્ઞાનીઓનું સિદ્ધાંતમાં વચન છે. (૫)

**जब पूछइ भगवंतकुं, जिनवर उत्तर देत।**
**अनंत भाग ही निगोदके, जीव सिद्ध गत लेत॥६॥**

કોઇ પણ કાળમાં ભગવાનને પૂછવામાં આવે કે-મોક્ષમાં કેટલા જીવો છે? ત્યારે ભગવાન એક જ ઉત્તર આપે છે-એક નિગોદનો અનંતમો ભાગ મોક્ષમાં ગયો છે. (૬)

**आतप(म) अंग अरूप हइ, अकल अभेद अछेद।**
**शांत दांत सुख चयन हे, सकल कहइ सुख वेद॥७॥**

આત્માનું સ્વરૂપ અરૂપી છે, કળા વગરનું છે. તેને છેદી શકાતું નથી, ભેદી શકાતું નથી, શાંત છે, દાંત છે, સકલ સુખરૂપ છે. (૭)

**षट हानी षट बढत हइ, ए सब हि ववहार।**
**परजयसुं ए जानीइ, निहिचइ दरव निरधार॥८॥**

વ્યવહારનયની દૃષ્ટિએ પર્યાયોમાં છ હાનિ અને છ વૃદ્ધિ થયા કરે છે. નિશ્ચયનયની દૃષ્ટિએ તે દ્રવ્ય જ છે. (૮)

**दरव दृष्टि जाहां दीजीइं, तब कछु नही विचार।**
**आप हि आप सुंभावमइं, सकल कला गुनधार॥९॥**

જ્યારે દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે છે ત્યારે હાનિ-વૃદ્ધિ વગેરે કંઇ નથી. આત્મા પોતે પોતાના સ્વભાવમાં બધી જ કળા અને ગુણ ધારણ કરે છે. (૯)

**(देशी लाल मनमोहना)**

**सास-उसास एक दिवसमइ, चित चेतो रे, लख एक तेर हजार, आतम पेखो रे।**
**एकशत नेउ आनीइं चि०, ए सब करम जंजार आ०॥१॥**

એક દિવસમાં એક લાખ તેર હજાર એકસો નેવું શ્વાસોચ્છ્વાસ થાય છે. આ બધી કર્મની જંજાળ છે. (૧)

**मरन करइ एक दिवसमइं चि०, उनीस लाखहि बार आ०।**
**छासठि सहस अइसी अधिक चि०, भमहि निगोद मझार आ०॥२॥**

નિગોદમાં જીવ એક દિવસમાં ઓગણીસ લાખ, છાસઠ હજાર, એંસીથી વધારે વાર મરે છે. (૨)

**सास उसास एक मासमें चि०, तेतीस लाखहि मान आ०।**
**सहस पंच्याणुं सात सत चि०, ए सब हि चित आन आ०॥३॥**

એક મહિનામાં તેત્રીસ લાખ, પંચાણુ હજાર, સાતસો શ્વાસોચ્છ્વાસ થાય છે. (૩)

**मरन करइ एक मासमइं चि०, पांचहि कोडि उदार आ०।**
**लाख नव्यासी ओर हइं चि०, ब्यासी सहस ए धार आ०॥४॥**
**च्यार सत ताहां अधिक हइं चि०, अइसी जिनकी भाख आ०।**
**एइ भाव संभार कइं चि०, आतम हित चित राख आ०॥५॥**

એક મહિનામાં નિગોદના જીવ પાંચ કરોડ, નેવ્યાસી લાખ, બ્યાસી હજાર, ચારસોથી વધારે વાર મરણ પામે છે એવું ભગવાન કહે છે. આ ભાવ યાદ રાખીને આત્માના હિતને ચિત્તમાં રાખ. (૪-૫)

**सासउसास एकबरसमइं चि०, कोडि च्यार लख सात आ०।**
**अडतालीस हजार हइं चि०, च्यार हि सत मित बात आ०॥६॥**

એક વરસમાં ચાર કરોડ, સાત લાખ, અડતાલીસ હજાર, ચારસો શ્વાસોચ્છ્વાસ થાય છે. (૬)

**मरन करइ एक बरसमे चि०, सित्तर कोडि अजान आ०।**
**लख सत्योत्तरि अधिक हइं चि०, सहस अठ्यासी मान आ०॥७॥**
**आठसत उपर सहि चि०, अयसइ जीव निगोद आ०।**
**भ्रमन करइ संसारमइं चि०, निसदिन परवस होइ आ०॥८॥**

એક વરસમાં નિગોદનો જીવ સિત્તેર કરોડ, સીત્તોતેર લાખ, અઠ્યાસી હજાર, આઠસોથી વધારે વાર મરણ કરે છે. આ રીતે નિગોદનો જીવ સંસારમાં રાતદિવસ પરવશ થઇને ભ્રમણ કરે છે. (૭-૮)

**एही सरूप विच्यारी कइं चि०, कीजइ आतम सुद्ध आ०।**
**दरसन ज्ञान चरित्तसुं चि०, चेतन बढती बुद्ध आ०॥९॥**

આ સ્વરૂપ વિચારીને આત્માને શુદ્ધ કરો. દર્શન, જ્ઞાન અને ચારિત્રમાં બુદ્ધિને વધારો. (૯)

**बुद्धि बढे अनुभव करइं चि०, अनुभवस्युं सब सिद्धि आ०।**
**सिद्धि सधइ करम क्षय करइं चि०, लहइ सो आतम ऋद्धि आ०॥१०॥**

બુદ્ધિ વધતા અનુભવ પ્રાપ્ત થાય છે. અનુભવથી બધી સિદ્ધિ મળે છે. સિદ્ધિ મળતાં કર્મનો ક્ષય કરે છે. તેનાથી આત્માની ઋદ્ધિ મળે છે. (૧૦)

**आतम धर सुभाव सद्धि, कीजइ ओर न भरम।**
**सब विभाव तजी विमल हे, सकल सार एही धरम॥११॥**

આત્માના ધર્મથી ભાવશુદ્ધિ થાય છે, ભ્રમ દૂર થાય છે, બધા જ વિભાવને તજી આત્મા નિર્મળ થાય છે, આ જ સારરૂપ ધર્મ છે. (૧૧)

**॥ इति निगोदक्षुल्लकभवविचारगीतं ॥**

આ પ્રમાણે નિગોદ ક્ષુલ્લક ભવવિચાર ગીત પૂરું થયું.

## (१९)

## ॥आत्मशुद्धिपंचवीशी॥

### (दसपरिणामगर्भित)

### (देशी लाल मनमोहना)

**दस परिनाम हइ जीवके, चित चेतो रे,**
**दसही पुदगल जान आतम पेखो रे।**
**प्रथम जीवको आनीइं चि०, विवरन करी सुठान आ०॥१॥**

જીવના દશ પરિણામ છે. પુદ્ગલના પણ દશ પરિણામ છે. તેમાં પહેલા જીવના પરિણામનું વિવરણ કરીશું. (૧)

**गति परिनाम अरु जोग हइं चि०, लेस कषायइ बेद आ०।**
**दरसन ज्ञान चरितसुं चि०, वीरज उप्योग ही भेद आ०॥२॥**

ગતિ પરિણામ, યોગ પરિણામ, વેદ પરિણામ, લેશ્યા પરિણામ, કષાય પરિણામ, દર્શન પરિણામ, જ્ઞાન પરિણામ, ચારિત્ર પરિણામ, વીર્ય પરિણામ, ઉપયોગ પરિણામ આ આત્માના દશ પરિણામ છે. (૨)

**पुदगलके अब दस कहु चि०, गति संठान बंध भेद आ०।**
**वरन गंध रस फास मीली चि०, सबद गुरु लहु भेद आ०॥३॥**

હવે પુદ્ગલના દશ પરિણામ કહું છું. ગતિ પરિણામ, સંસ્થાન પરિણામ, બંધ પરિણામ, વેદ પરિણામ, વર્ણ પરિણામ, ગંધ પરિણામ, રસ પરિણામ, સ્પર્શ પરિણામ, શબ્દ પરિણામ અને ગુરુલઘુ પરિણામ. (૩)

**तीन परिनाम हइं दरव सब चि०, वीससा ओर पओग आ०।**
**मीस साती जो परगट हइं चि०, जिनकुं जेइ सो जोग आ०॥४॥**

**तीनकुं तेसो मानीइं चि०, अरथ विचारसुं सार आ०।**
**परमारथ पद लिजीइं चि०, चेतन भवदधि पार आ०॥५॥**

દરેક દ્રવ્યના ત્રણ પરિણામ હોય છે,(૧) વિસ્રસા પરિણામ (૨) પ્રયોગ પરિણામ (૩) મિશ્ર પરિણામ. જેનાથી જે જેવો જોગ મળે છે તેનાથી તેવો પરિણામ ઉત્પન્ન થાય છે તેને તે રીતે અર્થનો વિચાર કરી માનવો જોઇએ. તેમ કરવાથી ચેતન સંસાર સમુદ્રનો પાર પામી પરમાર્થપદને પામે છે. (૪-૫)

**गीदूक अरु इलीकगती चि०, ओर रीजु चित चयन आ०।**
**विग्रहइसुं चोथी भइं चि०, वीतरागके वयन आ०॥६॥**
**परभव जाति जीवकुं चि०, गति च्यारो एही आंग आ०।**
**मर नरकइ दोइ भांतसुं चि०, सो कइसइ कहुं मान आ०॥७॥**

જીવની ચાર પ્રકારની ગતિ છે (૧) દેડકા જેવી (૨) ઇયળ જેવી (૩) ઋજુ ગતિ (૪) વક્ર ગતિ છે, પરભવમાં જતા જીવને આ ચાર પ્રકારની ગતિ હોય છે, એવાં વીતરાગના વચન છે. જીવ બે પ્રકારે મરણ પામે છે એ કેવી રીતે તે કહું છું. (૬-૭)

**असम हीआ भी मरत हइं चि०, ओर समोही परान आ०।**
**आउ करमके वीजोगसुं चि०, मरन कह्यो जिनभान आ०॥८॥**

અમોહી મરે છે અને સમોહી પણ મરે છે. આયુષ્યકર્મના વિયોગથી મરણ થાય છે, એવું ભગવાન કહે છે. (૮)

**जइसे घरमइं दीप हइ चि०, तइसी जोत परकास आ०।**
**तीउं पुदगलसुं आतमा चि०, घट ही बढइ अवकास आ०॥९॥**

જેમ ઘરમાં દીવો હોય છે, જેવો દીવો હોય છે તેવો પ્રકાશ મળે છે તે રીતે શરીર રૂપી પુદ્‌ગલમાં આત્મા છે, તેથી શરીરની વધઘટને કારણે આત્માની વધઘટ થાય છે. (૯)

**घटइ ही बढइ ववहारनय चि०, निहिचि घटबढ नाही आ०।**
**असंख पएसी जीव हइ चि०, लोकाकास भराही आ०॥१०॥**

**जेसे को तेसो रहइ चि०, करइ न ओर उपाधि आ०।**
**नय निहिच्चि इउ जानीइ चि०, चेतन अखइ समाधि आ०॥११॥**

ઘટવું કે વધવું વ્યવહારનયથી કહેવાય છે, નિશ્ચયનયથી કોઇ વધઘટ થતી નથી, જીવ અસંખ્ય પ્રદેશી છે, લોકાકાશ જેટલા જીવના પ્રદેશ છે નિશ્ચયનયથી જીવ જેવો છે તેવો રહે છે કોઇ ઉપાધિ કરતો નથી તે અક્ષય સમાધિ ધરાવે છે. (૧૦-૧૧)

**सबही सबसुं उतपती चि०, जीव चतुर नर ठान आ०।**
**सबही देस न उपजइ चि०, देसही सबही न मान आ०॥१२॥**

**देसही देस न उपजइ चि०, अइसी उतपति धार आ०।**
**ओर कहुं विध आहारकी चि०, चउभंगी रची सार आ०॥१३॥**

જીવના બધા જ પ્રદેશો બધા પ્રદેશમાં ઉત્પન્ન થાય છે. સર્વમાં દેશ ઉત્પન્ન થતો નથી, દેશમાં દેશ ઉત્પન્ન થતો નથી આ રીતે ઉત્પત્તિ જાણવી જોઇએ. હવે આહારની ચતુર્ભંગી કહું છું. આહાર કેટલા પ્રકારે થાય છે?. (૧૨-૧૩)

**सबही सबसुं आहार हइ चि०, ओरही सबसुं देस आ०।**
**देसही सबसुं नाही हइ चि०, देसही देस न लेस आ०॥१४॥**

સર્વ સર્વમાં આહાર કરે છે અને સર્વમાં દેશનો આહાર હોય છે, દેશમાં સર્વનો આહાર હોતો નથી, દેશમાં દેશનો આહાર હોય છે. (૧૪)

**उतपति आहार उपाधि हइ चि०, करम किलेस ही मूल आ०।**
**लाख चउरासी जोनमइ चि०, फिरइ सो आतम भूण(ल) आ०॥१५॥**

ઉત્પત્તિ અને આહાર તે ઉપાદેય છે, તેનું મૂળ કર્મનો ક્લેશ છે, ઉપાદેયનો પોતાની માનવાની ભૂલને કારણે આત્મા ચોર્યાસી લાખ જીવયોનિમાં ફરે છે. (૧૫)

**लाख चउरासी जोनमइ चि०, ए ववहारि जगीस आ०।**
**नय निहिच्चि इउ जानीइ चि०, सकल लोक सिर इस आ०॥१६॥**

જીવ ચોર્યાસીલાખ યોનિમાં ફરે છે તે વ્યવહારનય છે, નિશ્ચયનયથી સકળ લોકના મસ્તક પર રહે છે, સિદ્ધશિલાનો સ્વામિ છે. (૧૬)

**पुन्यानुबंधि पुन्य हे चि०, पुन्यानुबंधि पाप आ०।**
**पापानुबंधि पुन्य बज्यो चि०, पापानुबंधि पाप आ०॥१७॥**

પુણ્યાનુબંધી પુણ્ય છે, પુણ્યાનુબંધી પાપ છે. પાપાનુબંધી પુણ્ય છે, પાપાનુબંધી પાપ છે. (૧૭)

**पुन्यानुबंधि पुन्यमइ चि०, जाहा निरवंछक होअइ आ०।**
**पुन्य धरम सो लेखीअइ चि०, ताहां सिव मारग जोअइ आ०॥१८॥**

જ્યાં પુણ્યાનુબંધી પુણ્ય નિરવંચક છે, તે પુણ્ય ધર્મરૂપ છે, તેમાં મોક્ષમાર્ગ હોય છે. (૧૮)

**करन तीन कवि उच्चरइ चि०, यथाप्रवृत्तही संसार आ०।**
**अपूरव अनिवृत्त करनसु चि०, गही पावइ भवपार आ०॥१९॥**

વિદ્વાન પુરુષોએ ત્રણ કરણ કહ્યાં છે. યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ. આ ત્રણ કરણ ગ્રહણ કરીને ભવનો પાર પમાય છે. (૧૯)

**सेणी इग्यारही जीवकुं चि०, अनुकरनी जरा ठान आ०।**
**समकीत परथम सोहावनो चि०, देसविरत दुजी आन आ०॥२०॥**

શ્રેણિમાં અગ્યારમા ગુણસ્થાનક સુધી જીવને અનુક્રમે નિર્જરાનાં સ્થાન પ્રાપ્ત થાય છે, તેમાં પ્રથમ સમ્યક્ત્વ છે. બીજું દેશવિરતિ છે. (૨૦)

**सरवविरत तीजी सूनी चि०, तुरीअ अनंत वीसोज आ०।**
**दरसन सुद्धही पांचही चि०, आतम चित धरी खोज आ०॥२१॥**

ત્રીજું સર્વવિરતિ છે. ચોથું અનંતાનુબંધિની વિસંયોજના છે. પાંચમું દર્શનશુદ્ધિ છે. તેને ચિત્તમાં ધારણ કરી શોધ. (૨૧)

**छट्ठी उपसमसेणी भली चि०, सातही उपसम सोह आ०।**
**आठही खपक सेणधर चि०, खीण कसाय नव सोह आ०॥२२॥**

છટ્ઠું ઉપશમશ્રેણિ છે. સાતમું ઉપશાંતમોહ છે. આઠમું ક્ષપકશ્રેણિ છે. નવમું ક્ષીણકષાય છે. (૨૨)

**(दूहा)**

**सजोगी दसही लही, ओर अजोगी इग्यार।**
**ए सब रहस सिद्धंतको, परम तत्त्व गुन धार॥२३॥**

સયોગીકેવલી દશમું સ્થાન છે. અગ્યારમું અયોગીકેવલી છે. આ બધું સિદ્ધાંતનું રહસ્ય છે. તે પરમતત્ત્વ છે. (૨૩)

**संकलप विकलप त्याग कइ, सिद्ध निरंजन रूप।**
**सकल मुनीश्वर ध्यायकइ, चेतन करी निज भूप॥२४॥**

સંકલ્પ-વિકલ્પનો ત્યાગ કરીને સિદ્ધ નિરંજન સ્વરૂપ, બધા મુનિઓના ઇશ્વર અરિહંત પરમાત્માનું ધ્યાન કરીને ચેતન પોતાને રાજા બનાવે છે. (૨૪)

**||इति श्रीआतमपंचवीसी समाप्ता||**

**આ પ્રમાણે શ્રીઆત્મપચીસી સમાપ્ત થઇ.**

**असंख्यातगुणी निर्जरा जाननी अनुक्रमे|**

**આ અગ્યાર સ્થાનમાં અનુક્રમે અસંખ્યાત ગણી નિર્જરા જાણવી જોઇએ.**

## (२०)

## ॥आत्मशुद्धिपंचवीशी॥

### (दुहा)

**संख असंख अनंत हइ, ताकइ इकीस ठान।**
**एक संख तीन असंख हइ, तीन अनंतइ जान॥१॥**

ત્રણ પ્રકારની સંખ્યા છે.૧) સંખ્યાત ૨) અસંખ્યાત ૩) અનંત. સંખ્યાતનો એક પ્રકાર.છે. અસંખ્યાતના ત્રણ પ્રકાર છે. અને અનંતના ત્રણ પ્રકાર છે. (૧)

**सब मीली सात प्रमानीइ, जघन्य उतकष्ट।**
**सात ही तीन वखानीअइ, इकीस भेद प्रतिष्ट॥२॥**

બધાં મળીને સાત પ્રકાર છે. સાતેના જઘન્ય,મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકાર છે. આમ એકવીસ ભેદ થાય છે.(૨)

**पुदगल परावत च्यार हइं, दरव खेत काल भाव।**
**सो सूछम बादर सही, चित जिन वचनसुं लाव॥३॥**

ચાર પ્રકારના પુદ્ગલપરાવર્ત છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ. તે સૂક્ષ્મ અને બાદર બે પ્રકારનો છે. ભગવાનના વચનમાં ચિત્ત લાવ. (૩)

**तीन पल्योपम जानीअइ, उद्धार अद्धा खेत।**
**सूछम बादर सो लही, जीव जगत सुनी चेत॥४॥**

ત્રણ પ્રકારના પલ્યોપમ છે. ઉદ્ધાર પલ્યોપમ, અદ્ધા પલ્યોપમ અને ક્ષેત્ર પલ્યોપમ. એ દરેકના બે પ્રકાર છે. સૂક્ષ્મ અને બાદર. જીવ અને જગતને જાણીને તું ચેત. (૪)

**अंगुल तीन वखानीअइ, आतम अरु उच्छेद।**
**ओर परमाणही लेखीअइ, चितवत चेतन भेद॥५॥**

ત્રણ અંગુલ છે. ૧) આત્માંગુલ, ૨) ઉત્સેધાંગુલ અને ૩) પ્રમાણાંગુલ. હે ચેતન! આ ત્રણ ભેદને તું ધ્યાનમાં રાખ. (૫)

**परजय च्यार ही चित धरी, लोक सरूप सइ आन।**
**गुरु लहु अरु गुरुलहु, अगुरु अलहु ठरान॥६॥**

ચાર પ્રકારના પર્યાય ચિત્તમાં ધારણ કરીને લોકનું સ્વરૂપ જાણ. ગુરુ, લઘુ, ગુરુલઘુ અને અગુરુલઘુ. (૬)

**चउभंगी हइ कालकी, अनादि ओर अनंत।**
**अरु अनादि संत हइ, सादि ओर अनंत॥७॥**

**चउथी सादि संतसुं, चउभंगी चित धार।**
**चेतन आप सुभाव गही, ममता मोह निवार॥८॥**

કાલની ચતુર્ભંગી છે. ૧) અનાદિ અનંત, ૨) અનાદિ સાંત, ૩) સાદિ સાંત અને ૪) સાદિ અનંત. આ ચતુર્ભંગી ચિત્તમાં ધારણ કર. ચેતન!. પોતાનો સ્વભાવ ગ્રહણ કરી મમતા અને મોહને નિવાર. (૭-૮)

**शास्त्र सामर्थ जोगसुं, अप्पा करी निज रंग।**
**इच्छा जोग निवारही, चेतन अखइ अभंग॥९॥**

શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગમાં આત્માને રંજિત કરી ઇચ્છાયોગને નિવાર. તેથી ચેતન અક્ષય અભંગ થાય છે. (૯)

**देत लेत ववहारसुं, ओर ही ओर जपंत।**
**निहिचइ चेतन आप ही, देत लेत सब तंत॥१०॥**

બીજા પાસેથી લે છે અને આપે છે તે વ્યવહારનય છે. નિશ્ચયથી ચેતન પોતે જ લે છે અને આપે છે. (૧૦)

**हुं मेरो सब मइ कीओ, ओर करुं सो देख।**
**जुठी गल्ल बनायकइ, जो कछु कीओ सो लेख॥११॥**

હું, મારું, આ બધું મેં કર્યુ છે, આ હું કરીશ આવી બધી જૂઠી વાત બનાવીને જે કંઇપણ કર્યું તે બહુ ઓછું છે એ સમજ. (૧૧)

**जिन जइसे करम आचरे, तीन ही तइंसी होत।**
**सुरख मगन ही आपसुं, धरम भरम मइ खोत॥१२॥**

જે માણસ જેવાં કર્મો આચરે છે તે તેવો થાય છે. જે મૂર્ખ માણસ પોતાનામાં જ મગ્ન હોય છે તે ભ્રમમાં ધર્મને ખોઇ નાંખે છે. (૧૨)

**भरम रूप नाटक नटत, जीव करइ गुनहान।**
**परजयसुं आपा गीनइं, परजय बुध कहांन॥१३॥**

ભ્રમરૂપ નાટક કરતો જીવ ગુણની હાનિ કરે છે. પર્યાયને જ આત્મા ગણે છે. પર્યાયથી જ હીન બને છે. પર્યાયને ક્યાં જ્ઞાન હોય છે? (૧૩)

**अनअभिलाप अभिलाप हइ, परजय बसु ठरान।**
**अनअभिलाप अनंत गुनी, ज्ञानी ज्ञान जरान॥१४॥**

અનભિલાપ્ય અને અભિલાપ્ય એવા બે પ્રકારના પદાર્થ છે. અનભિલાપ્ય પદાર્થ અનંતગુણા છે. જ્ઞાની તે જ્ઞાનથી જાણે છે. (૧૪)

**अनंत भाग अभिलाप हइं, ताको अनंतमो भाग।**
**सुत ही ज्ञानसु सो रच्यो, कुमति कदाग्रहि ताग॥१५॥**

અનભિલાપ્ય પદાર્થથી અનંતમા ભાગે અભિલાપ્ય પદાર્થ હોય છે. કુમતિ અને કદાગ્રહનો ત્યાગ કરી. તેનો અનંતમો ભાગ શ્રુતજ્ઞાનમાં રચાયો છે. (૧૫)

**अवगाह थान असंख भजी, बंध ही थान असंख।**
**रसथान कही अनंत हइ, अज्झवसाय असंख॥१६॥**

અવગાહના સ્થાન અસંખ્ય છે. બંધના સ્થાન અસંખ્ય છે.

રસના સ્થાન અનંત છે. અધ્યવસાયના સ્થાન અસંખ્ય છે. (૧૬)

**लोक असंखही कलपीइं, ताके नभपरदेस।**
**एक जीव एते धरइ, अज्झवसाय भव भेस॥१७॥**

લોકના અસંખ્ય પ્રદેશની કલ્પના કરીએ તેમાં જેટલાં આકાશપ્રદેશ છે તેટલા એક જીવના પ્રદેશ છે. તેટલા અધ્યવસાય સ્થાન છે. (૧૭)

**पुठ बद्ध निहत्त हइ, ओर निकाचित कर्म।**
**ए सबही व्यवहारहइ, निहिच्चइ चेतन धर्म॥१८॥**

કર્મના ચાર પ્રકાર છે. ૧) સ્પૃષ્ટ ૨) બદ્ધ, ૩) નિધત્ત અને ૪) નિકાચિત. આ બધા વ્યવહારનયથી છે. નિશ્ચયથી ચેતન ધર્મ છે. (૧૮)

**बंध उदय उदीरन मली, निहत निकाचित पाव।**
**रिअद्दण संक्रमण हइ, उपसामणसु आठ॥१९॥**

**करन आठ ए जीवकुं, करइ सुभावही भूल।**
**आपा पर समजन ही, रह्यो संसार ही झूल॥२०॥**

જીવના આઠ કરણ છે ૧) બંધન, ૨) ઉદીરણા, ૩) ઉદય, ૪) નિધત્ત, ૫) નિકાચિત, ૬) પરાવર્તના, ૭) સંક્રમ અને ૮) ઉપશમ. આ આઠ કરણથી જીવ સ્વભાવને ભૂલીને આત્માનો અને પરનો ભેદ સમજતો નથી અને સંસારમાં રખડી રહ્યો છે. (૧૯-૨૦)

**उदय करमकी वेदना, एक परदेस ही होअइ।**
**दुजी जान विपाकसुं, होही खयइ सिव जोअइ॥२१॥**

ઉદય એટલે કર્મની વેદના. તે બે પ્રકારે છે. પ્રદેશથી અને વિપાકથી. બંનેના ક્ષયથી મોક્ષ મળે છે. (૨૧)

**आठही मध्य प्रदेस हइ, जीव अनादि अनंत।**
**ओर ही सादि संत मुनि, सिद्ध ही सादि अनंत॥२२॥**

જીવના મધ્યવર્તિ આઠ પ્રદેશ શુદ્ધ હોય છે. જીવ અનાદિ અનંત છે અને બીજા ભાવ સાદિ સાંત છે સિદ્ધ સાદિ અનંત છે. (૨૨)

**जइसइ लोंनही रस भर्यो, लोंनही रसहि अभेद।**
**तइसइ जीवही ज्ञानसु, पूरन सुख भरी वेद॥२३॥**

જેમ મીઠામાં રસ છે તે મીઠાનો સ્વાદ મીઠાથી જૂદો નથી તેમ જીવ અને જ્ઞાન એકબીજાથી જૂદા નથી., તે પૂર્ણ સુખથી ભરેલો છે. (૨૩)

**ज्ञान अनंतानंत हइ, लोकालोक प्रकास।**
**उपजइ विनसइ थिर रहइ, ठित सकल सुख वास॥२४॥**

જીવનું જ્ઞાન અનંત છે. લોકાલોક પ્રકાશક છે. ઉત્પન્ન થાય છે, નાશ પામે છે, સ્થિર રહે છે. સકલ સુખનો વાસ છે. (૨૪)

**सकल लोक आनंदसइ, सकल साधु सुख चयन।**
**सकल धरममइ सार हइ, वीतराग जिनवयन॥२५॥**

વીતરાગજિનના વચન સકલ લોકને આનંદ આપનારા છે. સકલ સાધુને સુખ આપનારા છે અને સકલ ધર્મનો સાર છે. (૨૫)

**||इति श्री आत्मसुद्धिपंचवीसी समाप्ता||**

**આ પ્રમાણે આત્મશુદ્ધિ પચીસી પૂરી થઇ**

## (२१)

## ।।तत्त्वअठ्यावीसी।।

### (दुहा)

**आरति रुद्र ही ध्यानस्युं, जीव रुले संसार।**
**धर्मध्यान अरु सुकल गहि, पावे भवको पार।।१।।**

આર્ત અને રૌદ્ર ધ્યાનથી જીવ સંસારમાં રખડે છે, ધર્મધ્યાન અને શુક્લધ્યાનથી જીવ ભવનો પાર પામે છે. (૧)

**परिणामहिस्यु बंध हे, ओर मोखि परिणाम।**
**उपादान परिणामस्यु, ओर निमित परठाम।।२।।**

પરિણામથી જ બંધ છે અને પરિણામથી જ મોક્ષ છે. પરિણામ ઉપાદાન છે અને બાહ્ય સાધનો નિમિત્ત છે. (૨)

**जयसो निमितसुं भाव हे, तयसो चेतन होत।**
**निमित बाह्य अंतर सहि, जीव ज्ञान गुणयोति।।३।।**

જેવું બહારનું નિમિત્ત મળે છે તેવો આત્મા થાય છે. નિમિત્ત બહાર છે, જ્ઞાનથી અંતરમાં આવે છે. (૩)

**अन्नागम अनंतरा, ओर परंपर सार।**
**आगम तीन सोहावने, गही लीजइ भवपार।।४।।**

આગમ ત્રણ પ્રકારના છે - આત્માગમ, અનંતર આગમ અને પરંપરાગમ. ત્રણેને ગ્રહણ કરીને ભવનો પાર પામો. (૪)

**नीहिश्चि आगम आतमा, जामि वइसइसो तीन।**
**आप रूप सब रूपमइ, आप ही आपस्युं चीन।।५।।**

નિશ્ચયથી આત્મા જ આગમ છે જેમાં ઉપર કહેલા ત્રણે પ્રકારના આગમ રહે છે. નિશ્ચયથી બધા જ રૂપો આત્મા સ્વરૂપ છે આત્મા આત્મસ્વરૂપ છે. (૫)

**आगम तीन निमित्त हइ, उपादान ताहां आप।**
**आपइं कारण काजस्यु, सुद्ध निरंजन थाप॥६॥**

ત્રણે આગમ નિમિત્ત છે. આત્મા ઉપાદાન છે. આત્મા જ કારણ છે અને કાર્ય પણ છે. તે શુદ્ધ અને નિરંજન છે. (૬)

**देव निरंजन आतमा, धर्म निरंजन आप।**
**गुरु ही निरंजन आप हइ, निस दिन किजइ जाप॥७॥**

નિરંજન આત્મા જ દેવ છે, નિરંજન આત્મા જ ધર્મ છે અને નિરંજન આત્મા જ ગુરુ છે, તેનો રાતદિવસ જાપ કરો. (૭)

**निमित्त ओर अवलंब हइ, देव धर्म गुरु सत्त्व।**
**कारन गही कारज लही, करइ चित्त जिन भत्त॥८॥**

દેવ,ધર્મ,ગુરુ અને સત્ત્વ આ નિમિત્ત અને આલંબન છે. કારણને ગ્રહણ કરીને કાર્ય સંપન્ન કરો ચિત્તને જિનનું ભક્ત બનાવો. (૮)

**जिन आतम आतम सो जिन, जिन आतम नहि भेद।**
**सकल कथा एहि सार हइ, ओर न कीजइ खेद॥९॥**

જે જિન છે તે આત્મા છે જે આત્મા છે તે જિન છે. જિનમાં અને આત્મામાં ભેદ નથી. બધી જ વાતનો આ સાર છે બીજી વાતોમાં શ્રમ ન કરો. (૯)

**आठही लोक थिति सही, लोक रह्यो असमान।**
**एक एक अनुकरमसुं, कहु तास गुनठान॥१०॥**

આઠ લોક સ્થિતિ છે. લોક આકાશમાં રહ્યો છે. એક-એકનું અનુક્રમે વર્ણન કરું છું, અને તેમના ગુણોનાં સ્થાનક કહું છું. (૧૦)

**आकास पतीठ बाउ हइ, बाउ उदही मान।**
**उदही पुढवी जानीअइ, तस थावर पुढ आन॥११॥**

આકાશમાં વાયુ પ્રતિષ્ઠિત છે, વાયુમાં પાણી પ્રતિષ્ઠિત છે, પાણીમાં પૃથ્વી પ્રતિષ્ઠિત છે, પૃથ્વીમાં ત્રસ અને સ્થાવર જીવ પ્રતિષ્ઠિત છે. (૧૧)

**अजीव ही जीव पइठीआ, जीव ही करम पइट्ठ।**
**अजीव ही जीव संगहइ, जीव ही कम्म गहीट्ठ॥१२॥**

અજીવ જીવમાં પ્રતિષ્ઠિત છે, જીવ કર્મમાં પ્રતિષ્ઠિત છે. જીવ જ અજીવનો સંગ્રહ કરે છે જીવ જ કર્મને ગ્રહણ કરે છે. (૧૨)

**करम जोग दल जीअ गही, देत आउकुं थोव।**
**नाम गोतही विसेष हइं, आप आप सम जोव॥१३॥**

જીવ કર્મને યોગ્ય દળીયા ગ્રહણ કરીને આયુષ્ય કર્મનો સંગ્રહ કરે છે. પછી નામ ગોત્ર પોતપોતાની વિશેષતા મુજબ ગ્રહણ કરીને વિશિષ્ટ બને છે. (૧૩)

**दरसन ज्ञानावरन मीली, ओर लेत अंतराय।**
**इनही विशेष वधारीअइ, आप समय समभाय॥१४॥**

દર્શનાવરણ,જ્ઞાનાવરણ અને અંતરાય મળીને તેમાં વિશેષ વધારો થાય છે. એક બીજાના સમભાગે આ વધારો થાય છે. (૧૪)

**मोहनी करम विसेष हइ, ओर विसेष कहान।**
**वेदनीकुं पोहोचाइ अइ, अइसी जिनवर वान॥१५॥**

મોહનીયકર્મના વિશેષથી વધારે વિશેષ થાય છે.આ વિશેષ વેદનીયકર્મ સુધી પહોંચે છે, એવી ભગવાનની વાણી છે. (૧૫)

**अनुहारी जीअ जानीअइ, सुच्छम एक निगोद।**
**ओर सबइं ववहार कइं, भेद कहुं सुन होद॥१६॥**

સૂક્ષ્મ નિગોદનો જીવ અવ્યવહારી હોય છે. બાકી બધા વ્યવહારી હોય છે. તેમના ભેદ કહું છું. (૧૬)

**पुढइ आउ तेउ हइ, सुछम बाउ विचार।**
**वनसपती सुछम लही, बादर ही छह धार॥१७॥**

**पुढइ आउ तेउ मीली, बादर बाउकायइ।**
**बादर निगोद पंचम गीनी, छठी प्रत्येकही नायइ॥१८॥**

**तरस उर ताहा लीजीअइं, सब मीली बारह आन।**
**अबुहारी बुहार सब, तेरही ठान वखान॥१९॥**

પૃથ્વી, અપ, તેઉ, વાઉ અને વનસ્પતિ આ છ સૂક્ષ્મ અને બાદર હોય છે. પૃથ્વી, અપ, તેજસ, બાદર વાઉકાય, બાદર નિગોદ, પ્રત્યેક વનસ્પતિ, ત્રસકાય આ બધું મળીને બાર વ્યવહારી અને અવ્યવહારી એમ તેર સ્થાન કહ્યા છે. (૧૭-૧૮-૧૯)

**एकेंदरी अवगाहना, भेद चउआलीस जोर।**
**करम कलंक निवारिके, गवन करइ सिव ओर॥२०॥**

એકેન્દ્રિયની અવગાહનાના ચુમ્માલીસ ભેદ છે તેનું નિવારણ કરીને શિવનગરી તરફ ગમન કરો. (૨૦)

**सिव आतम सब जाहा नमइ, पुनर भम्यो सुलोक।**
**करम उपाधि खपाइ (के), पावइ निज गुण थोक॥२१॥**

જ્યાં બધા જ આત્માઓ કલ્યાણરૂપી છે. ચૌદ રાજલોક જીવથી ભરેલા છે. કર્મરૂપી ઉપાધિ કપાવીને પોતાના ગુણો પ્રાપ્ત કરે છે. (૨૧)

**ओज आहार अरु लोम हइ, ओर कवल ही ठान।**
**अनाभोग आभोगसुं, जीव रह्यो सुख मान॥२२॥**

ત્રણ પ્રકારના આહાર હોય છે - ઓજાહાર, લોમાહાર અને કવલાહાર. જાણતા કે અજાણતા જીવ આ આહાર કરે છે. તેમાં સુખ માને છે. (૨૨)

**आहार कह्यो ववहारसुं, निहिश्चि आहार न कोअइ।**
**सुख अनंत चेतन भजइ, आहार विना जब होअइ॥२३॥**

વ્યવહારનયથી આહાર હોય છે. નિશ્ચયનયથી કોઇ આહાર હોતો નથી. જ્યારે ચેતન આહાર વગર હોય છે ત્યારે અનંત સુખ ભજે છે. (૨૩)

**सचित अचित अरु मिस्र गही, पोषइ पीड अजान।**
**पंडित देत आधारकुं, आतम हित सुख मान॥२४॥**

સચિત્ત,અચિત્ત અને મિશ્ર પુદ્ગલ ગ્રહણ કરીને અજ્ઞાની જીવ પીડાને પોસે છે, જ્યારે પંડિત જીવ આત્માના હિતમાં સુખ માનીને દેહને આધાર મળે તે માટે આહાર લે છે. (૨૪)

**सीत उष्ण अरु मिश्र हइ, जोनी तीन असार।**
**उरझि रह्यो भव भीरमें, कबही न आप संभार॥२५॥**

શીત, ઉષ્ણ અને મિશ્ર આ ત્રણ પ્રકારની યોનિ છે. તેમાં જીવ ભટકી રહ્યો છે. ક્યારેય પોતાને યાદ કરતો નથી. (૨૫)

**आप संभारइ जिन भजइ, निरमल करइ सो अंग।**
**अखय अबाधित अचल सुख, आतम करइ अभंग॥२६॥**

પોતાને યાદ કરે, ભગવાનની ભક્તિ કરે, પોતાના આત્માને નિર્મળ કરે, અક્ષય, અબાધિત અને અચલ એવું સુખ પ્રાપ્ત કરે છે.(૨૬)

**फरसन अरु अवगाह हइ, फुस अफुसही वेग।**
**चेतन चयन पिछानके, समसमता संवेग॥२७॥**

સ્પર્શન અને અવગાહન થાય છે, સ્પર્શ અને અસ્પર્શને જાણે છે, ચેતન ચેતનાને જાણીને સમતા અને સંવેગ પ્રાપ્ત કરે છે.(૨૭)

**समसमता संवेगसुं, कीजइ आतम सोध।**
**सकल इष्ट संपति मिली, तत्त्वज्ञान अवबोध॥२८॥**

સમતા અને સંવેગથી આત્મા શુદ્ધ થાય છે, તેને સકલ ઇષ્ટ સંપત્તિ મળે છે, તત્ત્વજ્ઞાનનો બોધ થાય છે. (૨૮)

**(इति श्रीतत्त्वअट्ठावीसी दुहा संपूर्ण)**

**આ પ્રમાણે તત્ત્વ અટ્ઠાવીસી દૂહા પૂરાં થયા.**

## (२२)

## ॥पार्श्वजिनगीत॥

### (राग कानडो)

**तुम पहिलइ तो देखुं, आय पासजीकी सोभा,**
**पाछि तोडि डार, कम्मजाल घन वन॥**

તમે પહેલાં પાર્શ્વનાથ ભગવાનની શોભા જૂઓ. પછી કર્મની જાળનું ઘનવન તોડી નાખો. (૧)

**तुमपे केसरकी आंगी भरी, फुलनकी माला धरी,**
**तिलक बनायो मानुं, सोभत चंदा॥तुम०॥**

ભગવાનને કેસરની આંગી કરી છે. ફૂલની માળા ધરી છે. તિલક કર્યું છે. તેથી ભગવાન ચન્દ્ર જેવા શોભી રહ્યા છે. (૨)

**नयनकी रेख बनी, अमृतसुं आय झरी,**
**वदन बिराजि बिंब, कुंडलसुं सारसी॥तुम०॥**

આંખોની રેખા બનાવી છે અને અમૃત ઝરી રહ્યું છે. આ રીતે ભગવાનનું મુખકમળ શોભી રહ્યું છે. કાનમાં કુંડલ શોભી રહ્યાં છે.

**सुरनरके प्रभु, जगत वछल सामी,**
**सेवककुं दीजे सुख, मोख पद वाससी॥तुम०॥**

પ્રભુ આખા જગતના વત્સલ છે. દેવ મનુષ્યના સ્વામિ છે. સેવકને મોક્ષપદવાસરૂપ સુખ આપો .(૩)

**(इति श्री पार्श्वगीतम्)**

## (२३)

## ॥वैराग्यगीत॥

### (अपने पियासुं कामिनी सुनि बालिमा-ए देशी)

**चेतन आप सुभावसुं मनमोहना लाल,**
**भूलो भरम जंजाल रे सुनि वालमा रे लाल।**
**लाख चोरासी योनमइं म०,**
**फिरत न पायो पार रे सु०॥१॥**

હે ચેતન! પોતાના સ્વભાવમાં રમ. તું ભ્રમની જંજાળમાં ભૂલ્યો છે. ચોરાશી લાખ યોનિમાં ફરતા ફરતા પાર પામ્યો નથી. (૧)

**जुठे घरमें आय वस्यो म०, जुठे करम कमाये रे सु०।**
**जुठी करनी आचरे म०, जुठी बात बनाय रे सु०॥२॥**

તું ખોટાં ઘરમાં આવીને વસ્યો છે. ખોટાં કામ કરે છે. ખોટાં કર્મ ઉપાર્જે છે. ખોટી કરણી આચરે છે. ખોટી વાત બતાવે છે. (૨)

**मात-पिता संजोगसुं म०, कीनो कलुष आहार रे सु०।**
**सुच करइ संसारमइ म०, पूरब बात विसार रे सु०॥३॥**

માતા-પિતાના સંયોગથી તેં કલુશ આહાર કર્યો છે. હવે સંસારમાં પહેલાની વાત ભૂલીને શૌચ એટલે ચોક્ખાઇની વાત કરે છે. (૩)

**नाहावन धोवन धोतसुं म०, कबहुं न उज्जल होय रे सु०।**
**समरस धोत सजी करी म०, आतम कीजे सोध रे सु०॥४॥**

નાવાથી ધોવાથી ક્યારે પણ ઉજ્જ્વળ થવાતું નથી. સમતારસથી સજ્ઞ બનીને આત્માની શુધ્ધિ કર. (૪)

**मद ही झरे गज गयंद जीउं म०, तीउं मदमातो जीउं रे सु०।**
**कछु न विचारे आपसुं म०, काज अकाज संभार रे सु०॥५॥**

તું જેમ હાથીના માથામાંથી મદ ઝરે તેમ મદમસ્ત છે. તેથી તું કઇ વિચાર કરતો નથી. કાર્ય-અકાર્ય સમજતો નથી. (૫)

**विषय विषसुं पेम हे म०, विषय विषसुं हेत रे सु०।**
**विषय विना झुरइ सही म०, विषय ही सुखमइ लीन रे सु०॥६॥**

તને ઝેર જેવાં વિષયો પર પ્રેમ છે. ઝેર જેવાં વિષયો પર હેત છે. વિષય વિના તું ઝુરે છે. વિષયોના સુખમાં જ લીન છે. (૬)

**मूरख परघर राचके म०, परसुं मानइ आप रे सु०।**
**परबिछनसुं इउं रहइ म०, जीइं नर खाइं साप रे सु०॥७॥**

તું મૂર્ખ છે. બીજાના ઘરમાં આનંદ કરે છે. બીજાને પોતાના માને છે. બીજાનો વિયોગ થાય ત્યારે તને સાપ કરડ્યો હોય તેવી વેદના થાય છે. (૭)

**मेरो मेरो करी रह्यो म०, तेरो कोइ न होय रे सु०।**
**माखी उरझी खेलमइ म०, तीउं उरझ्यो तुं जोय रे सु०॥८॥**

તું મારું મારું કરે છે,પણ તારું કોઇ નથી,જે રીતે માખી શ્લેષ્મમાં અટકીને મરી જાય છે તેમ તું વિષયોમાં અટકી રહ્યો છે.(૮)

**ज्ञानी ज्ञान सरूपसु म०, आतम अखय अभंग रे सु०।**
**गावइ ध्यावइ ध्येयस्युं म०, सकल ज्योत सुखचंग रे सु०॥९॥**

તું જ્ઞાની છે જ્ઞાનસ્વરૂપ છે, આત્મા છે, અક્ષય અભંગ છે. જો તું આત્માનું ગાન કરીશ, ધ્યાન કરીશ તો તારી ભીતર સકલ સુખની જ્યોત પ્રગટશે.(૯)

**बाजीगर बाजी रची म०, चोहटइं बजायो ढोल रे सु०।**
**खलक मीली सब धायकइं म०, देखइ तमासा खोल रे सु०॥१०॥**

**तइसइं तुझ परवार जीअ म०, आय मील्यो आपोआप रे सु०।**
**पुगे सवारथ सब रहइं म०, पाछइ सब फीर जाय रे सु०॥११॥**

બાજીગર ચૌટામાં બાજી રચે છે, ઢોલ બજાવે છે, બધાં લોકો દોડીને આવે છે અને ખુલ્લો તમાશો જુવે છે એ રીતે તું પરવારી જાય પછી ભેગા મળેલા લોકો આપોઆપ વિખરાઇ જાય છે જ્યાં સુધી સ્વાર્થ હોય છે ત્યાં સુધી બધા રહે છે પછી મોઢું ફેરવી લે છે.(૧૦ ૧૧)

**खेअ खजानो जोर नइ म०, खलक करइ खीन खेद रे सु०।**
**कबहू न तीपती हो रहइं म०, आतमसुख निज बेद रे सु०॥१२॥**

તારા અક્ષયખજાનાનું કોઇ જોર નથી સંપત્તિ ક્ષીણ થાય છે અને ખેદ કરાવે છે, તેમાં ક્યારે તૃપ્તિ થતી નથી. તારા આત્માનું સુખ ઓળખ.(૧૨)

**एक चले दुजे जायेगइ म०, एक कहे मेरो माल रे सु०।**
**ए सब मोह विकार म०, उलट पलट दिन भाल रे सु०॥१३॥**

એક ચાલ્યો ગયો, બીજો ચાલ્યો જશે, એક કહે કે મારો માલ છે, આ બધો મોહનો વિકાર છે, બધા દિવસ ઉલ્ટા પલ્ટા થઇ જવાના છે.(૧૩)

**एसो समझ जीअ चेतीयइ म०, कछुअ न कीजे धंध रे सु०।**
**आप सुभाइ संपदा म०, ओर सबे जग फंद रे सु०॥१४॥**

આવું જાણીને ચેત. ખોટા ધંધા ન કર. આત્માનો સ્વભાવ એ જ સાચી સંપદા છે, બાકી બધું ફંદ છે.(૧૪)

**तीन रतन सोहावने म०, दरसन ज्ञान चरित रे सु०।**
**भेदाभेद बुहारसु म०, निहिच्चइ एकही रीत रे सु०॥१५॥**

દર્શન જ્ઞાન અને ચારિત્ર આ ત્રણ સોહામણા રત્નો છે. તેમાં ભેદ અને અભેદ વ્યવહારથી છે નિશ્ચયથી એક જ રીતે છે.(૧૫)

**एक जानीइ मानीइ म०, एक एक समइ अनेक रे सु०।**
**एसो दरव परजायसुं म०, भूतो भूता भावक रे सु०॥१६॥**

એક જ આત્માને માનો અને જાણો. એકમાં જ અનેક છે. આ રીતે દ્રવ્ય અને પર્યાયમાં ભેદ અને અભેદ છે.(૧૬)

**यइसो जीअ सुभाव हइ म०, सीतल सांत रसान रे सु०।**
**सांत रसायन सार हइ म०, एसो जानी आन रे सु०॥१७॥**

શીતળ શાંતરસાયણ જેવો જીવનો સ્વભાવ છે. શાંતરસાયણ સાર છે એવું જાણીને તેનો સ્વીકાર કર (૧૭)

**गुन अवगुन वीचारीइ म०, गुनसुं कीजइ नेह रे ।**
**अवगुनको कुन लीजीइ म०, कीसहि नदी जइ बेह रे सु०॥१८॥**

ગુણ અને અવગુણનો વિચાર કરો. ગુણનો રાગ કરો. અવગુણનો ત્યાગ કરો. કોઇને દગો ન આપો.(૧૮)

**दोष दीय दुख उपजइ म०, दोष करइ गुन हानि रे सु०।**
**प्रापति हानि विचारीकी म०, सकल गुन चित ठानि रे सु०॥१९॥**

દોષથી દુઃખ ઉત્પન્ન થાય છે. દોષથી ગુણોની હાનિ થાય છે. તેમાં નફા નુકસાનનો વિચાર કરીને ગુણમાં ચિત્તને સ્થિર કરો. (૧૯)

**(इति श्री वैराग्यगीतम्)**

આ પ્રમાણે વૈરાગ્ય ગીત પૂરૂં થયું.

(२४)

## ॥अध्यात्मगीत॥

**(देशी रे घडीयारे वावरे ए देसी)**

**रे चेतन! सुन बावरे क्युं आप न भावे मेरो मेरो।**
**मोहस्युं झंखत बहु धावै रे॥१॥रे०॥**

હે બહાવરા ચેતન! તું સાંભળ. તું તારી જાતને પ્રેમ કેમ કરતો નથી? મારું-મારું નીબહુદોડ કરીને અનેક મોહને ઝંખે છે. (૧)

**तुं दिन दसको पाहुणो, आस बहुत बढावे।**
**मुरख परस्युं राचकें, दूरगतकुं जावे॥२॥रे०॥**

તું દશ દિવસનો મહેમાન છે છતાં કેટલા પ્રકારે આશા વધારે છે? હે મૂરખ! તું પરમાં રાચીને દુર્ગતિમાં જાય છે. (૨)

**किणकी माया बाप रे, काहा लोभ लगावे।**
**लोभ बिना जो जन हूउ, सो सदगति पावे॥३॥रे०॥**

માતા પિતા કોના છે? તેની ઉપર લોભ શું કામ કરે છે? જે લોભને છોડે છે તે સદ્ગતિ પ્રાપ્ત કરે છે. (૩)

**मेरो तेरो बार रे, परमारथ भावे।**
**सकल मुनीसर आपस्युं, आतम गुण गावे॥४॥रे०॥**

મારું-તારું છોડ પરમાર્થભાવમાં રમ. બધા જ મુનીશ્વરોએ સ્વયં આત્માના ગુણ ગાયા છે. (૪)

**॥इति गीतं॥**

(૨૫)

## ॥उपादाननिमित्तकारणविचारगीत॥

(दुहा)

**ए परमारथ जानकें, कीजे निरमल बुद्धि।**
**तत्त्व ज्ञान परचय धरी, आतम कीजे सुद्धि॥१॥**

એ પરમાર્થ જાણીને બુદ્ધિ નિર્મળ કરીએ. તત્વજ્ઞાનનો પરિચય કરી આત્માની શુદ્ધિ કરીએ. (૧)

**सुभाव विभाव जो परखही, सोहइं ज्ञान अनुप।**
**वाकी सरधा जो करें, सोहइ समकित रूप॥२॥**

જે સ્વભાવ અને વિભાવને ઓળખી શકે તે જ અનુપમ જ્ઞાન છે. તેની શ્રદ્ધા તે જ સમકિત. (૨)

**सब विभाव परित्याग कें, आप सुभाव विचार।**
**आतम को अनुभव करें, एही चारित सार॥३॥**

બધા જ વિભાવનો પરિત્યાગ કરીને પોતાના સ્વભાવનો વિચાર કરે, આત્માનો અનુભવ કરે તે ચારિત્ર છે.(૩)

**परमतत्त्व विकलप रहित, ओर विकलप सब जान।**
**ताते गुनठाना सवे, हेय कहे जिन भान॥४॥**

પરમતત્વ વિકલ્પ રહિત છે બાકી બધાં વિકલ્પ છે તેથી બધાં ગુણસ્થાનક જે વિકલ્પ છે તે ભગવાને હેય કહ્યાં છે. (૪)

**जो कछु चित मन वचनसुं, कीजे अनुभव सार।**
**सो सब ही ववहार हें, निहिचे अलख अपार॥५॥**

મન-વચન-કાયાથી અનુભવ કરીએ તે વ્યવહાર છે. નિશ્ચયથી આત્મા અલક્ષ્ય અને અપાર છે.(૫)

**मोख रूप आतम दरव, जो सम चेती होत।**
**करम उपाधि निवारकें, निरमल ज्ञान ही जोत॥६॥**

જે આત્મદ્રવ્ય સમચિત્ત છે તે મોક્ષ છે. કર્મરૂપી ઉપાધિ નિવારીને નિર્મળજ્ઞાનની જ્યોત પ્રગટે છે. (૬)

**धर्मी आतम ज्ञान धरम, धरमी धर्म न भेद।**
**आतम धरम सुभाव नित, अजर अमरगुन वेद॥७॥**

આત્મા ધર્મી છે અને જ્ઞાન ધર્મ છે. ધર્મી ધર્મમાં ભેદ નથી. આત્મધર્મનો સ્વભાવ હંમેશા અજર અમર ગુણવાળો છે (૭)

**मोख सधत ववहार नय, निहिचइ आतम मोख।**
**सब गुन पूरन परमपद, चेतन हें निरदोष॥८॥**

વ્યવહારનયથી મોક્ષ સધાય છે. નિશ્ચયનયથી આત્મા જ મોક્ષ છે. પરમપદ સર્વગુણથી પૂર્ણ છે. ત્યાં ચેતન નિર્દોષ છે. (૮)

**दोष रहित भगवान भज, तजहि पराई आस।**
**आतम सुखमें लीन वेइ, अचल अबाधित वास॥९॥**

દોષ રહિત ભગવાનની ભક્તિ કર. પારકી આશનો ત્યાગ કર. આત્મસુખમાં લીન થઇને અચલ અને અબાધિત વાસ પ્રાપ્ત કર. (૯)

**गुरु उपदेश निमित्त बिनु, उपादान बल हीन।**
**ज्यों नर दूजे पाउ बिनु, चलेबे कौ आधान॥१०॥**

ગુરુ ઉપદેશરૂપ નિમિત્ત વિના ઉપાદાન બળહીન છે. જેમ માણસને ચાલવા માટે બે પગનો આધાર છે.(૧૦)

**(ति) हुं जानो था एकहि, उपादान सो काज।**
**थके सहाइ पौन बिनु, पानी माहिं जहाज॥११॥**

તેમ ઉપાદાન અને કાર્ય એક જ છે. પવનની સહાય વગર પાણીમાં જહાજ ચાલતું નથી.(૧૧)

**ज्ञान नयन किरिआ चरन, दोउ सिवमग धार।**
**उपादान निहचे जहां , तिहां निमित्त व्यवहार ॥१२॥**

જ્ઞાન આંખ છે. ક્રિયા એ પગ છે. આ બંને મોક્ષમાર્ગ છે. નિશ્ચય જ્યાં ઉપાદાન છે ત્યાં વ્યવહાર નિમિત્ત હોય છે.(૧૨)

**उपादान निज गुन जहां, तिहां निमित्त पर होइ।**
**भेद ज्ञान परवान विधि, विरला बूझे कोइ॥१३॥**

જ્યાં ઉપાદાન જ ગુણ છે ત્યાં પર નિમિત્ત છે. ભેદજ્ઞાનની વિધિ કોઇ વિરલા નર જ જાણે છે.(૧૩)

**उपादान बल जहां तहां, नही निमित्त को दाउ।**
**एक चक्र सौ रथ चलै, रथिको एहि सुभाउ॥१४॥**

જ્યાં ઉપાદાન બળવાન હોય છે ત્યાં નિમિત્તનો કોઇ ભાગ હોતો નથી. એક ચક્રથી રથ ચાલે છે તે રથનો સ્વભાવ છે.(૧૪)

**सधइं वस्तु असहाइं जहा, तिहा निमित्त हैं कौन।**
**ज्यौं जिहाज परवाहमैं, तिरइ सहज बिनु पौंन॥१५॥**

જ્યાં વસ્તુ સ્વભાવ વિના સિદ્ધિ થાય છે ત્યાં નિમિત્ત કોણ છે? જેમ પવન વિના પણ પ્રવાહમાં જહાજ સહજપણે તરે છે.(૧૫)

**उपादान विधि निरवचन, हैं निमित्त उपदेश।**
**बसैं जो जैसे देशमें, करैसु तेसो भेस॥१६॥**

ઉપાદાનવિધિનું નિર્વચન કરવા નિમિત્તનો ઉપદેશ છે. જે જેવા દેશમાં વશે છે, તે તેવો વેશ કરે છે. (૧૬)

**||इति संपूर्णः||**

## (२६)

## ॥चतुर्विंशतिजिन स्तवन॥

### (दुहा)

**ऋषभदेव ऋषिक भये, सकल जीव सुखकार।**
**दरसन ज्ञान चरितसुं, जिन पायो भव पार॥१॥**

સકલ જીવને સુખી કરનારા ઋષભદેવ ભગવાન ઋષિ થયા. દર્શન જ્ઞાન અને ચારિત્રથી ભગવાન ભવનો પાર પામ્યા. (૧)

**अजितनाथ अरि जीतते, कीनो करम विनास।**
**आतम निरमल ध्यानसुं, लीनो सिवपुर वास॥२॥**

અજિતનાથ ભગવાને શત્રુઓને જીતીને કર્મનો વિનાશ કર્યો. નિર્મલ આત્માના ધ્યાનથી શિવપુરીમાં વાસ કર્યો. (૨)

**संभवजिन समरुं सदा, सुमरनसुं सुख होत।**
**जाके नाम परभावसुं, दिन दिन बढत जोत॥३॥**

સંભવનાથ ભગવાનને નિત્ય સમરું છું. તેમના નામના પ્રભાવથી દિવસે દિવસે જ્ઞાનની જ્યોતિ વધે છે. (૩)

**अभिनंदन गुण गाइए, अभय दान जिन दीन।**
**अभय दानकी देसना, अभय ठान सुख लीन॥४॥**

અભિનંદનસ્વામિના ગુણ ગાઇએ. અભયદાનની દેશના આપી અભયસ્થાનનું સુખ પ્રાપ્ત કર્યું. (૪)

**सुमतनाथ सामी सदा, सुमति दीये सुख चेन।**
**जनम जरा दुःखथी हरे, देखत अमरीत नेंन॥५॥**

સુમતિનાથસ્વામી સદા સુમતિ અને સુખચેન આપે છે. અમૃતનયનથી જોઇને જન્મ જરાનું દુઃખ દૂર કરે છે. (૫)

**पदमपरभु पद पूजते, पुन्य भंडार भरंत।**
**असुभ करम दूरे करी, भवनिधि उच्च तरंत॥६॥**

પદ્મપ્રભુના પગ પૂજતા પુણ્યના ભંડાર ભરાય છે. અશુભ કર્મને દૂર કરીને સંસારસમુદ્રથી પાર ઉતારે છે. (૬)

**श्रीसुपास जिनवर भजो, तजो सो आतम करम।**
**सुभ लेसा सुभ ध्यानसुं, परगटे पूरन धरम॥७॥**

સુપાર્શ્વજિનને ભજો,આત્માના કર્મને તજો, શુભલેશ્યા અને શુભધ્યાનથી પૂર્ણ ધર્મ પ્રગટે છે. (૭)

**चंद्रप्रभु भवि चरचते, बढे सो वचन विलास।**
**अंतरजामी थिर रहे, तूटे भवको पास॥८॥**

ચંદ્રપ્રભસ્વામિની પૂજા કરતાં વચનવિલાસ વધે છે. અંતરજામી સ્થિર થાય છે. ભવનો પાશ તૂટે છે. (૮)

**सुविधनाथ सुविधे करी, दीनो भवी उपदेस।**
**सकल जीव सुखकारने, दुःख ही न दीजे लेस॥९॥**

સુવિધિનાથ ભગવાન વિધિપૂર્વક દેશના આપે છે. સકલ જીવને સુખનું કારણ છે. તેમને જરા પણ દોષ ન આપીએ. (૯)

**सीतल सीत समीर सो, सीतल करे सो अंग।**
**क्रोधादिक सब खय करी, आतम करइ अभंग॥१०॥**

શીતલનાથ ભગવાન ઠંડા પવન જેવા છે. જે અંગને શીતલ કરે છે. ક્રોધ વગેરેનો ક્ષય કરી આત્માને અભંગ કરે છે. (૧૦)

**श्रेअंसनाथ परगट मल, कीनो करम उछेद।**
**सिव रमणी नारी वरी, आतम सुख निज वेद॥११॥**

શ્રેયાંસનાથપ્રભુએ કર્મનો ક્ષય કર્યો છે. શિવરમણીને વરીને પોતાનું આત્મસુખ ભોગવે છે. (૧૧)

**वासपूज्य वासो वसे, सिव रमणीसुं नीत।**
**भविअण अहनीसि ध्यायति, आतम करो पवीत॥१२॥**

વાસુપૂજ્ય ભગવાન મોક્ષનગરમાં વસે છે. ભવ્યજીવો રાત દિવસ તેમનું ધ્યાન ધરો. આત્માને પવિત્ર કરો. (૧૨)

**विमलनाथजिन विमलकर, विमल विकस्सर नेंन।**
**विमल बुद्धि बुध गायति, विमल करे सुख चेन॥१३॥**

વિમલનાથ ભગવાન વિમલકર્તા છે. એમની વિમલ આંખો મોટી છે. વિમલ બુદ્ધિવાલાઓ તેમની સ્તુતિ કરે છે અને તેઓ વિમલ સુખ આપે છે. (૧૩)

**अनंतनाथ अनंतबल, आतम सकत अनंत।**
**करमरिपुको जय करी, पायो भवको अंत॥१४॥**

અનંતનાથ ભગવાન અનંતબળવાલા છે. તેમના આત્માની શક્તિ અનંત છે. કર્મશત્રુનો જય કરીને સંસારનો અંત કરે છે. (૧૪)

**धरमनाथ धरमी दीये, धरम अखें निधिभुर।**
**जस परताप अधिको बढे, बाजे मंगल नूर॥१५॥**

ધર્મી એવાં ધર્મનાથ ભગવાન ધર્મ આપે છે. તેમના પ્રતાપે ધર્મરૂપી અક્ષયનિધિ બહુ વધે છે. મંગલવાદ્યો વાગે છે. (૧૫)

**सांतिनाथ श्रीसांतिकर, सांत रसायन सार।**
**सांत दांत करुणा करी, लीनो भवको पार॥१६॥**

શાંતિનાથ ભગવાન શાંતિ કરે છે. શાંત રસાયણ જેવાં છે. શાંત દાંત એવા ભગવાન કરુણા કરીને ભવનો પાર પામ્યા છે. (૧૬)

**कुंथनाथ जिन जगतसुं, कीनो परउपगार।**
**सुरनर जाकी सेवसुं, मनवंछित सुखसार॥१७॥**

કુંથુનાથ ભગવાન જગમાં જય પામે છે. જેમણે બીજા ઉપર ઉપકાર કર્યો છે. જેમની સેવામાં દેવો અને દાનવો રહે છે. મનવાંછિત સુખ આપે છે. (૧૭)

**अरजिन अरचित आतमा, निरमल भयो प्रकास।**
**स्यादवाद वानी सधी, मुगत गवन अवकास॥१८॥**

અરનાથ ભગવાને આત્માની પૂજા કરી છે. નિર્મલ પ્રકાશ પ્રાપ્ત કર્યો છે . સ્યાદ્વાદની વાણી સાધીને મુક્તિમાં વાસ કર્યો છે. (૧૮)

**मोह मल्ल दूरे कर्यो, मल्लि जिनेसर राय।**
**मदन सुरकंदरप हन्यो, संत रसायन पाय॥१९॥**

મલ્લિનાથ ભગવાને મોહમલ્લને દૂર કર્યો છે. શાંતરસાયણનું પાન કરીને કામદેવને પણ હણ્યો છે. (૧૯)

**मुनीसुवरतसामी नमी, मन विकलप सुभ कीन।**
**हेय उपादेय गेयसुं, आतम थिर सुख लीन॥२०॥**

મુનિસુવ્રતસ્વામિ ભગવાનને નમસ્કાર કરો. જેમણે મનના વિકલ્પો દૂર કર્યા છે. હેય, જ્ઞેય અને ઉપાદેયને જાણીને આત્માના સ્થિરસુખમાં લીન થયાં છે. (૨૦)

**नमिनाथ निरंजनी, रूप नही नही रेख।**
**दरवभावसुं मुगत वै, सुद्ध चेतना भेख॥२१॥**

નમિનાથ ભગવાન નિરંજન છે. તેમની જરાપણ આસક્તિ નથી. દ્રવ્ય અને ભાવથી મુક્ત થઇને શુદ્ધ ચેતના ધારણ કરી છે. (૨૧)

**नेमिनाथ ममता रहित, वेद खपायो जान।**
**विषयकषाय निवारकैं, निरविकलप सुख आन॥२२॥**

નેમિનાથ ભગવાન મમતા વગરના છે. જેમણે વેદનો ક્ષય કર્યો

છે. વિષય અને કષાયનું નિવારણ કરીને નિર્વિકલ્પસુખ પ્રાપ્ત કર્યું છે. (૨૨)

**पासजिनेसर परमपद, परमपुरुष परधान।**
**पुरसादानी इसर हड़, सकल लोकमें जान॥२३॥**

પાર્શ્વનાથ ભગવાન પરમપદને પામ્યા છે. શ્રેષ્ઠ પુરુષ છે. પુરુષાદાની છે. ઇશ્વર છે.(સમર્થ છે) સકલ લોકમાં પ્રસિદ્ધ છે. (૨૩)

**वरधमान बढती कला, जीउ बढती चंदजोत।**
**मात-पिता संपत बढी, गुन निहि पन गुन होत॥२४॥**

વર્ધમાનસ્વામિની વૃદ્ધિ પામતી કલા ચંદ્ર જેવી છે. તેમનાથી માતા પિતાની સંપત્તિ વધી. ભગવાન ગુણનિધિ છે. તેમનું નામ ગુણનિષ્પન્ન છે. (૨૪)

**महावीर सब करमकुं, जेर कीयो जग जीत।**
**सबही परिसहे नीवारनइ, उद्यम कीयो सुरीत॥२५॥**

**तर्थे देव कह्यो सही, माहावीरजिन नाम।**
**इंद्रादिक सेवा करे, पुगे वंछित काम॥२६॥**

મહાવીરસ્વામી ભગવાને બધાં જ કર્મને જેર કરીને જગ જીત્યું છે. બધા જ પરિષહોને જીતીને સુંદર ચારિત્રમાં ઉદ્યમ કર્યો. તેથી દેવોએ તેમનું મહાવીર એવું નામ કર્યું. ઇંદ્ર વગેરે ભગવાનની સેવા કરે છે. ભગવાનની સેવાથી મનવાંછિત પૂર્ણ થાય છે. (૨૫-૨૬)

**सकल रिद्धि संपत मीली, कीनो जिनगुण ज्ञान।**
**आतम सकी संभालके, लीनो ज्ञान सुंभान॥२७॥**

ભગવાનના ગુણો ગાવાથી બધી જ ઋદ્ધિ અને સંપત્તિ મળી. આત્માની શક્તિને સંભાળવાથી જ્ઞાનનો સૂરજ પ્રાપ્ત થયો. (૨૭)

**||इति श्रीचतुर्विंशतिजिनस्तवन संपूर्ण||**

**||आत्मशुद्धिप्रकाशः सम्पूर्णः||**

## प्राचीन श्रुतसंपदाना समुद्धार अर्थे
## समुदार सहयोग आपनारा महानुभावोनी नामावली

### श्रुतसमुद्धारक

श्रीमती चंद्रकलाबेन सुंदरलाल शेठ परिवार (मांगरोळ हाल-पुणे)

### श्रुतरत्न

श्री भाईश्री (इंटरनेशनल जैन फाउंडेशन - मुंबई)

स्व.मंजुलाबेन तथा जयंतीलाल गोसालिया, बहेन हेमांगिनीनी स्मृतिमां

राजेश गोसालिया (मांगरोळ हाल-दुबइ)

### श्रुतसंरक्षक

श्री हसमुखभाई दीपचंदभाई गार्डी (दुबई)

श्री भवानीपुर जैन श्वेतांबर मूर्तिपूजक संघ (कोलकाता)

### श्रुतस्तंभ

पू.सा.श्री हर्षरेखाश्रीजी म.नी प्रेरणाथी श्रीमती वसंतप्रभाबेन कांतिलाल (पुणे)

पू.आ.श्री विश्वकल्याणसू.म.नी प्रेरणाथी श्री पद्ममणि जैन श्वे.मू. ट्रस्ट

पू.आ.श्री राजरत्नसू.म.नी प्रेरणाथी श्री जवाहरनगर श्वेतांबर मूर्तिपूजक जैन संघ (गोरेगाव, मुंबई)

### श्रुतभक्त

श्री शांतिकनक श्रमणोपासक ट्रस्ट (सुरत)

श्री हसमुखलाल चुनिलाल मोदी चॅरिटेबल ट्रस्ट (तारदेव, मुंबई)

श्री पार्श्वनाथ श्वेतांबर मूर्तिपूजक जैन संघ (मुंबई)

श्री ऋषभ अपार्टमेंट महिला मंडल, (प्रार्थना समाजमुंबई)

**श्रुतप्रेमी**

श्री गोडीजी टेम्पल ट्रस्ट (पुणे)

श्री गोडीजी टेम्पल ट्रस्ट (पायधुनी-मुंबई)

श्री रतनचंदजी ताराचंदजी परमार (पुणे)

श्री मोहनलालजी गुलाबचंदजी बांठीया (पुणे)

श्री नगराजजी चंदनमलजी गुंदेचा (पुणे)

श्री नेमीचंदजी कचरमलजी जैन (पुणे)

श्री भरतभाई के. शाह (सुयोग ग्रुप-पुणे)

श्री सोहनलालजी टेकचंदजी गुंदेचा (पुणे)

श्री सुखीमलजी भीमराजजी छाजेड (पुणे)

श्री जैन आशापुरी ग्रुप (पुणे)

श्री महेन्द्र पुनातर (मुंबई)

श्री सुधीरभाई चंदुलाल कापडिया (मुंबई)

श्री संजयभाई महेन्द्रजी पुनातर (मुंबई)

प्रो.श्रीमती विमल बाफना (पुणे)

पू.सा.श्री नंदीयशाश्रीजी म.नी प्रेरणाथी श्री आंबावाडी जैन संघ (अहमदाबाद)

श्री गोवालीया टेंक जैन संघ (मुंबई)

श्री मोतीशा लालबाग रिलीजीयस चेरिटेबल ट्रस्ट (भायखला, मुंबई)

पू.आ.श्री तीर्थभद्रसू.म.नी प्रेरणाथी

जे. सी. कोठारी देरासर जैन श्वेतांबर मूर्तिपूजक संघ (मलाड, मुंबई)

श्री अशोक कालिदास कोटेचा (अमदावाद)

जैन श्वेतांबर मूर्तिपूजक संघ (दहाणुकरवाडी, कांदीवली, मुंबई)

श्री विमलनाथस्वामी जैन श्वेतांबर मूर्तिपूजक जैन संघ (बिबवेवाडी, पुणे)

श्री मुनिसुव्रतस्वामी श्वेतांबर मूर्तिपूजक जैन संघ (लेकटाउन सो., पुणे)

श्री श्वेतांबर मूर्तिपूजक जैन संघ (सोलापुर बजार,पुणे)

श्री जैन श्वेतांबर मुर्तिपूजक गुजराती पंच (मालेगांव, नाशिक)

## श्रुतोपासक

श्री अर्थप्राईड जैन संघ (मुंबई)

पू.आ.श्री कलाप्रभसागरसू.म.नी प्रेरणाथी श्री मुलुंड श्वेतांबर मूर्तिपूजक जैन संघ (मुंबई)

पू.मु.श्री जिनरत्नवि.म.नी प्रेरणाथी श्री आदिनाथ सोसायटी जैन संघ (पुणे)

पू.सा.श्री सूर्यमालाश्रीजी म.नी प्रेरणाथी श्री सम्यक् साधना रत्नत्रय आराधक ट्रस्ट (अमदावाद)

पू. उपा. श्री जितेंद्रमुनिजी म.नी प्रेरणाथी श्रीमती सीमा जैन (होशियारपुर, पंजाब)

श्री वर्धमानस्वामी जैन चेरिटेबल ट्रस्ट (सदाशिव पेठ, पुणे)

पू.आ.श्री तीर्थभद्रसू.म.नी प्रेरणाथी मातुश्री कमळाबेन गिरधरलाल वोरा परिवार (खाखरेची-मुंबई) आयोजित उपधान तप समिति

पू.आ.श्री तीर्थभद्रसू.म.नी प्रेरणाथी मातुश्री मानुबेन माडण गुणसी गडा परिवार

(थोरीयारी- मुंबई) आयोजित उपधान तप समिति

## श्रुतानुरागी

श्री मुनिसुव्रतस्वामी श्वेतांबर मूर्तिपूजक जैन संघ (फातिमानगर, पुणे)

श्री जैन आत्मानंद सभा (फरिदाबाद-पंजाब)

पू.मु.श्री जिनरत्नवि.म.नी प्रेरणाथी श्रीजिनरत्न आनंद ट्रस्ट

गोत्रीरोड श्वेतांबर मूर्तिपूजक जैन संघ (वडोदरा)

श्री श्वेतांबर मूर्तिपूजक जैन संघ (गोरेगाव, मुंबई)


॥ सुयं मे आउसं ॥
श्रुतभवन संशोधन केन्द्र